અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

16 JANUARY-2026 FRIDAY | Vol. : 17 | Issue : 195 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  'જો ફાંસી આપશો તો કંઈક ભયાનક જોવાવાળી થશે': USAની ધમકી બાદ....

4  કવિતા અને કમલી બંને સરખી ઉંમરના હતાં છતાં કમલીનું સ્વપ્ન કેમ જુદું હતું ?

6  ત્રિશા-ગાયત્રીએ સૈયદ મોદી ઈન્ટરનેશનલ 2025નો ખિતાબ જીત્યો, જાપાની જોડીને હરાવી

7  સ્વિગી-ઝેપ્ટોએ પણ '10 મિનિટમાં ડિલિવરી'નો દાવો હટાવ્યો: સરકારના આદેશ...

# ભારતમાં 25 કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા: PM મોદી

## 28મી CSPOC કોન્ફરન્સનું ઉદ્ઘાટન કર્યું, 42 દેશોના 61 સ્પીકર્સ અને પ્રિસાઈડિંગ ઓફિસર્સ સામેલ થયા

**નવી દિલ્હી, તા.15**

PM નરેન્દ્ર મોદીએ ગુરુવારે સંસદ પરિસરમાં 28મી કોમનવેલ્થ સ્પીકર્સ અને પ્રેસાઈડિંગ ઓફિસર્સ કોન્ફરન્સ (CSPOC)નું ઉદ્ઘાટન કર્યું. વડાપ્રધાન મોદીએ કહ્યું કે આજે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં 25 કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે.

વડાપ્રધાન મોદીએ કોન્ફરન્સમાં કહ્યું કે ભારતમાં UPI વિશ્વની સૌથી મોટી ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ છે. ભારત વિશ્વનો સૌથી મોટો વેક્સિન ઉત્પાદક છે. વિશ્વનો નંબર-2 સ્ટીલ ઉત્પાદક છે. વિશ્વની ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ છે. વિશ્વનું ત્રીજું સૌથી મોટું એવિએશન માર્કેટ છે. વિશ્વનું ચોથું સૌથી મોટું રેલ નેટવર્ક છે. વિશ્વનું ત્રીજું સૌથી મોટું મેટ્રો રેલ નેટવર્ક છે.

સંમેલનની અધ્યક્ષતા લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા સંભાળી રહ્યા છે. તેમાં કોમનવેલ્થના 42 દેશોમાંથી 61 સ્પીકર્સ અને પ્રેસાઈડિંગ ઓફિસર્સ સામેલ થઈ રહ્યા છે. સંમેલન 14 થી 16 જાન્યુઆરી એટલે કે ત્રણ દિવસ સુધી ચાલશે.

ભારતમાં લોકશાહીની ઓળખ એ છે કે તેના ફાયદા છેલ્લા વ્યક્તિ સુધી પહોંચે. અમે લોક કલ્યાણની ભાવનાથી દરેક વ્યક્તિ માટે કોઈ પણ ભેદભાવ વિના કામ કરી રહ્યા છીએ. આ જ લોક કલ્યાણની ભાવનાને કારણે છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતમાં 25 કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે.

જ્યારે ભારત આઝાદ થયું ત્યારે તે સમયે એવી આશંકા વ્યક્ત કરવામાં આવી હતી કે આટલી વિવિધતામાં ભારતમાં લોકશાહી ટકી શકશે નહીં, પરંતુ ભારતે વિવિધતાને પોતાની લોકશાહીની તાકાતમાં બદલી દીધી છે.

કોવિડ-19 મહામારી દરમિયાન જ્યારે આખી દુનિયા સંકટનો સામનો કરી રહી હતી, ત્યારે ભારત પણ અનેક પડકારોનો સામનો કરી રહ્યું હતું. આમ છતાં, તે મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ ભારતે 150 થી વધુ દેશોને દવાઓ અને રસીઓ ઉપલબ્ધ કરાવી. આ આપણા સિદ્ધાંતને દર્શાવે છે- 'પહેલા લોકો, પહેલા માનવતા.'



તમે જ્યાં બેઠા છો, તે ભારતના લોકતાંત્રિક પ્રવાસનું મહત્વપૂર્ણ સ્થળ છે. સ્વતંત્રતાના છેલ્લા વર્ષોમાં આ જ સેન્ટ્રલ હોલમાં બંધારણ સભાની બેઠકો થઈ હતી. સ્વતંત્રતા પછી 75 વર્ષ સુધી આ ભારતની સંસદ રહી. દેશના ભવિષ્ય સાથે જોડાયેલા ઘણા નિર્ણયો આ જ હોલમાં લેવામાં આવ્યા. લોકશાહીને સમર્પિત આ સ્થળનું નામ 'સંવિધાન સદન' રાખવામાં આવ્યું છે.

ભારતીય લોકશાહીનો એક વધુ મજબૂત સ્તંભ મહિલાઓનું પ્રતિનિધિત્વ છે. આપણા દેશના પ્રથમ નાગરિક રાષ્ટ્રપતિ મહિલા છે. દિલ્હીના મુખ્યમંત્રી પણ મહિલા છે. ગ્રામીણ અને સ્થાનિક સંસ્થાઓમાં ભારતમાં લગભગ 15 લાખ મહિલા ચૂંટાયેલી પ્રતિનિધિઓ છે. આ લગભગ 50 ટકા નેતૃત્વનું પ્રતિનિધિત્વ કરે છે, જે વૈશ્વિક સ્તરે અભૂતપૂર્વ છે.

CSPOCને સંબોધિત કરતા લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ કહ્યું કે આપણે આજે દુનિયાના સૌથી મોટા લોકતંત્ર ભારતમાં લોકતાંત્રિક સંવાદ, સહયોગ અને વહેંચાયેલા મૂલ્યોને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી એકઠા થયા છીએ. અહીં સંસદીય લોકતંત્ર સાથે સંબંધિત પ્રક્રિયાઓ, પહેલો અને અનુભવોને શેર કરવામાં આવશે. તેમણે કહ્યું કે સાત દાયકાથી વધુની સંસદીય યાત્રામાં જનકલ્યાણ સાથે સંબંધિત નીતિઓ બનાવીને લોકતંત્રને મજબૂત કરવામાં આવ્યું છે.

CSPOCમાં સંસદ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા થશે. ઉદ્દેશ્ય લોકતાંત્રિક સંસ્થાઓને મજબૂત બનાવવાનો અને સંસદના કાર્યને સુધારવાનો છે. ચર્ચામાં સ્પીકર્સની ભૂમિકા, સંસદમાં ટેકનોલોજીનો ઉપયોગ અને નાગરિકોની ભાગીદારી વધારવા જેવા વિષયો સામેલ હશે.

મલેશિયાના નેતૃત્વ હેઠળના સત્રમાં સંસદના કામકાજમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના ઉપયોગ પર ચર્ચા થશે. તેમાં એ પણ જોવામાં આવશે કે નવી ટેકનોલોજી અપનાવતી વખતે દેખરેખ અને સંતુલન કેવી રીતે જાળવી શકાય.

શ્રીલંકા દ્વારા રજૂ કરાયેલા સત્રમાં એ ચર્ચા થશે કે સોશિયલ મીડિયા સાંસદોના કામ, વર્તન અને જાહેર છબીને કઈ રીતે પ્રભાવિત કરી રહ્યું છે.

નાઈજીરીયા અને દક્ષિણ આફ્રિકાની ભાગીદારીથી યોજાનારા સત્રમાં એ વાત પર ચર્ચા થશે કે મતદાનથી આગળ વધીને સામાન્ય લોકોની સંસદ અને લોકશાહીમાં ભાગીદારી કેવી રીતે વધારવી.

એક સત્રમાં સાંસદો અને સંસદ સાથે સંકળાયેલા કર્મચારીઓની સુરક્ષા, સ્વાસ્થ્ય અને કાર્યકારી પરિસ્થિતિઓ સુધારવા સંબંધિત મુદ્દાઓ પર વાત થશે.

સંમેલનમાં એક વિશેષ પૂર્ણ સત્ર પણ યોજાશે, જેમાં લોકતાંત્રિક સંસ્થાઓને મજબૂત બનાવવામાં સ્પીકર્સ અને પ્રેસાઈડિંગ ઓફિસર્સની ભૂમિકા પર વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવશે.

## મકરસંક્રાંતિએ પ્રયાગરાજમાં 91 લાખ શ્રદ્ધાળુએ સ્નાન કર્યું: PMએ પોતાના નિવાસસ્થાને ગાયોને ચારો ખવડાવ્યો, પતંગબાજીથી બે દિવસમાં 17 લોકોનાં મોત



દેશભરના અનેક ભાગોમાં ગુરુવારે પણ મકરસંક્રાંતિ મનાવવામાં આવી રહી છે. સંક્રાંતિને લઈને ગંગા, યમુના અને નર્મદા જેવી પ્રમુખ નદીઓના કિનારે લાખો લોકો સવારથી ડૂબકી લગાવી ચૂક્યા છે. પ્રયાગરાજ માઘ મેળામાં આજે મકર સંક્રાંતિનું સ્નાન પર્વ છે. સંગમમાં 91 લાખ શ્રદ્ધાળુ સ્નાન કરી ચૂક્યા છે. આજે અંદાજે દોઢ કરોડ શ્રદ્ધાળુ ઊમટી પડે એવું અનુમાન છે.

મકરસંક્રાંતિ પર પતંગબાજી દરમિયાન સતત અકસ્માતો પણ સામે આવી રહ્યા છે. વીતેલા બે દિવસોમાં ગુજરાતમાં 9 અને રાજસ્થાનમાં 6, ઉત્તરપ્રદેશ અને કર્ણાટકમાં 1-1 વ્યક્તિનાં મોત થયાં છે.

યુપીના વારાણસીના ગંગા ઘાટ અને પશ્ચિમ બંગાળના ગંગાસાગરમાં સ્નાન માટે લોકોની ભીડ ઊમટી છે. પંજાબના અમૃતસરમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ સચખંડ શ્રી દરબાર સાહિબમાં પવિત્ર સ્નાન કર્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મકરસંક્રાંતિના અવસર પર પોતાના નિવાસસ્થાને ગાયોને ચારો ખવડાવ્યો.

ઉજ્જૈન સ્થિત વિશ્વ પ્રસિદ્ધ શ્રી મહાકાલેશ્વર મંદિરમાં મહાકાલનો તલના તેલથી અભિષેક કરવામાં આવ્યો. ભસ્મ આરતીમાં પણ તલ અર્પણ કરવામાં આવ્યા અને તલના લાડુનો ભોગ ધરાવવામાં આવ્યો.

# દિલ્હીમાં એર ઈન્ડિયાનું વિમાન બેગેજ કન્ટેનર સાથે અથડાયું

## ટક્કરથી એક ભાગ તૂટીને પડી ગયો, એન્જિનને નુકસાન, પાર્કિંગ માટે લઈ જતી વખતે ધૂમ્મસના કારણે અકસ્માત

**નવી દિલ્હી, તા.15**

દિલ્હી એરપોર્ટ પર ગુરુવારે સવારે 5:25 વાગ્યે એર ઈન્ડિયાનું વિમાન બેગેજ કન્ટેનર સાથે અથડાયું. એરલાઈને જણાવ્યું કે ગાઢ ધુમ્મસમાં એરબસ A 350 વિમાનને પાર્કિંગ માટે લઈ જવામાં આવી રહ્યું હતું, ત્યારે આ ઘટના બની.

આ અકસ્માતમાં વિમાનના એન્જિનને નુકસાન થયું છે. વિમાનમાં સવાર તમામ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત છે.

એરબસ A 350ની ફ્લાઈટ AI101 દિલ્હીથી ન્યૂયોર્ક વચ્ચે ચાલે છે. ઈરાની હવાઈ ક્ષેત્ર બંધ હોવાને કારણે ફ્લાઈટને પોતાનો માર્ગ બદલવો પડ્યો અને તે પાછી દિલ્હી આવી ગઈ હતી. એર ઈન્ડિયાના પ્રવક્તાએ આની પુષ્ટિ કરી. જણાવ્યું કે જમણા એન્જિનને નુકસાન થયું છે.



એરલાઈન અનુસાર, ઘટના પછી વિમાનને સુરક્ષિત રીતે નિર્ધારિત પાર્કિંગ સ્થળ પર ઊભું કરી દેવામાં આવ્યું. બધા પેસેન્જર અને ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત છે. વિમાનને તપાસ અને જરૂરી સમારકામ માટે ગ્રાઉન્ડ કરી દેવામાં આવ્યું છે.

એરલાઈને ચેતવણી આપી છે કે આનાથી કેટલાક A350 રૂટ્સ પરની ફ્લાઈટ્સમાં અવરોધ આવી શકે છે. સાથે જ, પ્રભાવિત યાત્રીઓ માટે વૈકલ્પિક યાત્રા વ્યવસ્થા અને રિફંડ પર કામ કરવામાં આવી રહ્યું છે.

એર ઈન્ડિયાએ કહ્યું, અમે પેસેન્જર્સને તેમની પસંદગી અનુસાર વૈકલ્પિક યાત્રા અથવા રિફંડ અપાવવામાં મદદ કરી રહ્યા છીએ. એર ઈન્ડિયાની સર્વોચ્ચ પ્રાથમિકતા સુરક્ષા છે. આ દરમિયાન પેસેન્જર્સને પૂરો સહયોગ આપવામાં આવશે.

દિલ્હીથી મુંબઈ જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટને 40 મિનિટમાં જ ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું. આ ઘટના 21 ડિસેમ્બરની છે. રિપોર્ટ્સ અનુસાર, બોઈંગ 777-300ER AI887 ફ્લાઈટનું જમણું એન્જિન ટેક-ઓફ પછી બંધ થઈ ગયું હતું. તેમાં ઓઈલ પ્રેશર શૂન્ય થઈ ગયું હતું. આને કારણે તેને દિલ્હી એરપોર્ટ પાછા ફરવું પડ્યું.

# જમ્મુ-કાશ્મીરને બે અલગ રાજ્ય બનાવવાની માગ

## સજ્જાદ લોને કહ્યું- સૌહાદપૂર્ણ અલગતા પર વિચાર કરવાનો સમય, કાશ્મીરને આતંકવાદી કહેવાનું વલણ સ્વીકાર્ય નથી

**શ્રીનગર, તા.15**

પીપલ્સ કોન્ફરન્સના અધ્યક્ષ સજ્જાદ લોને જમ્મુ અને કાશ્મીરને બે અલગ રાજ્યોમાં વિભાજિત કરવાની માગ કરી છે. તેમણે કહ્યું કે હવે બંને પ્રદેશો વચ્ચે સૌહાર્દપૂર્ણ વિભાજન પર ગંભીરતાથી વિચાર કરવાનો સમય આવી ગયો છે.

લોને કહ્યું કે કાશ્મીર આવા પ્રાદેશિક વલણને સહન કરી શકે નહીં, જે સતત કાશ્મીરીઓને બદનામ કરતું રહ્યું છે. દેશના બાકીના ભાગોમાં એવી ધારણા ફેલાવે કે જમ્મુ દેશની સાથે છે અને કાશ્મીર આતંકવાદનો પ્રદેશ છે.

જમ્મુ-કાશ્મીરના પૂર્વ મંત્રી સજ્જાદ લોને આ વાતો બુધવારે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કહી હતી.

થોડા દિવસો પહેલા ભાજપના જમ્મુ નોર્થના ધારાસભ્ય શ્યામ લાલ શર્માએ જમ્મુને અલગ રાજ્ય બનાવવાની માગ કરી હતી. તેમણે કહ્યું હતું કે જમ્મુ હવે કાશ્મીરનો બોજ ઉઠાવી શકે નહીં.



સજ્જાદ લોને મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લા પાસે કાશ્મીરના બડગામમાં નેશનલ લો યુનિવર્સિટી (NLU) સ્થાપિત કરવાના ચૂંટણી વચનને પૂર્ણ કરવાની માગ કરી. તેમણે કહ્યું કે મુખ્યમંત્રી પદની ગરિમા એ જ છે કે આપેલા વચનને નિભાવવામાં આવે અને યુનિવર્સિટી બડગામમાં જ રહે.

લોને કહ્યું કે હવે બંને ક્ષેત્રો વચ્ચેની વહીવટી વ્યવસ્થા પર ફરી વિચાર કરવો જોઈએ. કદાચ હવે સૌહાર્દપૂર્ણ અલગાવનો સમય આવી ગયો છે. આ માત્ર વિકાસ સાથે જોડાયેલો મામલો નથી. જમ્મુ હવે કાશ્મીરને નિશાન બનાવવાનું સાધન બની ગયું છે.

સજ્જાદ લોને કહ્યું કે કાશ્મીરનો ભારતના બાકીના ભાગો સાથેનો સંબંધ એવા લોકો દ્વારા ન હોઈ શકે, જેઓ સતત કાશ્મીરની છબી ખરાબ કરતા રહે છે.

તેમણે કહ્યું કે જો કાશ્મીરને દેશના બાકીના ભાગો સાથે જોડવું હોય, તો તે એવા વચેટિયાઓ દ્વારા ન થઈ શકે જે કાશ્મીરીઓને સતત બદનામ કરે છે. દેશને કહે છે કે કાશ્મીર આતંકવાદી ક્ષેત્ર છે.

સજ્જાદ લોને કહ્યું કે કાશ્મીરમાં પ્રાદેશિક સંબંધોને લઈને ભાવનાઓ ઘણી બદલાઈ ગઈ છે. તેમણે કહ્યું કે આરક્ષણ જેવા મુદ્દાઓ પર કાશ્મીરીઓને પાછળ ધકેલવામાં આવી રહ્યા છે. હવે લોકો તેને વધુ સહન કરી શકતા નથી. મને પૂરો વિશ્વાસ છે કે કાશ્મીરમાં અલગ થવાની ઈચ્છા પહેલા કરતા ક્યાંય વધુ વધી ગઈ છે. હવે નેતૃત્વને સ્પષ્ટપણે વાત કહેવાની જરૂર છે.

નોંધનીય છે કે તાજેતરમાં ભાજપના ધારાસભ્ય શ્યામ લાલ શર્માએ જમ્મુને અલગ રાજ્ય બનાવવાની માગ કરીને વિવાદ ઊભો કર્યો હતો. જોકે, બાદમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષે આ નિવેદનથી અંતર રાખતા કહ્યું હતું કે આ પાર્ટીનો મત નથી. તેમણે કહ્યું કે જો કાશ્મીરને દેશના બાકીના ભાગો સાથે જોડવું હોય, તો તે એવા વચેટિયાઓ દ્વારા ન થઈ શકે જે કાશ્મીરીઓને સતત બદનામ કરે છે. દેશને કહે છે કે કાશ્મીર આતંકવાદી ક્ષેત્ર છે. સજ્જાદ લોને કહ્યું કે કાશ્મીરમાં પ્રાદેશિક સંબંધોને લઈને ભાવનાઓ ઘણી બદલાઈ ગઈ છે. તેમણે કહ્યું કે આરક્ષણ જેવા મુદ્દાઓ પર કાશ્મીરીઓને પાછળ ધકેલવામાં આવી રહ્યા છે. હવે લોકો તેને વધુ સહન કરી શકતા નથી. મને પૂરો વિશ્વાસ છે કે કાશ્મીરમાં અલગ થવાની ઈચ્છા પહેલા કરતા ક્યાંય વધુ વધી ગઈ છે. હવે નેતૃત્વને સ્પષ્ટપણે વાત કહેવાની જરૂર છે. લોને કહ્યું કે હવે બંને ક્ષેત્રો વચ્ચેની વહીવટી વ્યવસ્થા પર ફરી વિચાર કરવો જોઈએ. કદાચ હવે સૌહાર્દપૂર્ણ અલગાવનો સમય આવી ગયો છે. આ માત્ર વિકાસ સાથે જોડાયેલો મામલો નથી. જમ્મુ હવે કાશ્મીરને નિશાન બનાવવાનું સાધન બની ગયું છે.



# દિવસે પતંગની અને સાંજ પડતાં ડાન્સ-ગરબાની રમઝટ: પવનનો સાથ મળતાં પતંગરસિકોને મોજ પડી ગઈ હતી





**અમદાવાદ, તા.15**

ગુજરાતીઓએ આજે ઉત્તરાયણના પર્વને મનભરીને માણ્યો. સવારના સમયે થોડા કલાક 'ઠંડો' માહોલ દેખાયો પણ 10 વાગ્યા બાદ અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ સહિતના શહેરોના આકાશમાં રંગબેરંગી પતંગોનું રાજ જોવા મળ્યું. ધાબા પર દિવસભર 'કાઈપો છે'ની બૂમો વચ્ચે લોકોએ પતંગ ચગાવવાની મજા લીધી. પતંગની સાથે ધાબા પર ઊંધિયું, ફાફડા અને જલેબીની લિજ્જત માણી.

અમિત શાહે અમદાવાદમાં, મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતમાં ઉત્તરાયણના પર્વની ઉજવણી કરી હતી. દિવસભર પતંગો ચગાવ્યા બાદ સાંજ પડતા જ આકાશમાં પતંગની જગ્યાએ આતશબાજી જોવા મળી. લોકોએ ધાબા પર જ ડાન્સ અને ગરબાની રમઝટ બોલાવી હતી.

ઉત્તરાયણના પર્વ પર આજે અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા સહિતના શહેરોમાં લોકોએ મનભરીને તહેવારની મજા માણી. સવારના દસેક વાગ્યા સુધી પતંગનો ઠંડો માહોલ રહ્યા બાદ બપોર પડતા શહેરોના આકાશમાં રંગબેરંગી પતંગો છવાઈ હતી. લોકો પતંગ ચગાવવાની સાથે ધાબા પર જ ફાફડા-જલેબી અને ઊંધિયાની જિયાફત માણતા જોવા મળ્યા. દિવસભર આકાશમાં પતંગ અને કાઈપો છેની બૂમો સંભળાતી રહી.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે આજે ઉત્તરાયણના પર્વની પરિવાર સાથે




## અમદાવાદમાં અમિત શાહ તો સુરતમાં હર્ષ સંઘવી છવાયા

અમદાવાદમાં ઉજવણી કરી. સવારે જગન્નાથ મંદિરમાં દર્શન કર્યા બાદ નારણપુરામાં ગુજરાત હાઉસિંગ બોર્ડના ફ્લેટ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કર્યું હતું. ત્યારબાદ નારણપુરામાં લોકો સાથે પતંગ ચગાવી હતી. નારણપુરાથી શાહ થલતેજ ગુરુદ્વારા દર્શન માટે પહોંચ્યા હતા. બપોરે બાદ અમિત શાહ પત્ની સાથે અખબારનગરના આસ્થા ઓપલ ફ્લેટમાં અને નવા વાડજના અભિષેક એપાર્ટમેન્ટના લોકો સાથે ઉત્તરાયણ મનાવવા પહોંચ્યા હતા. પતંગ ચગાવવાની સાથે શાહે બોર અને જામફળની લિજ્જત માણી હતી. સોસાયટીના નાના બાળકો સાથે હળવા મૂડમાં જોવા મળ્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં અને ગાંધીનગરમાં ભાજપના કાર્યકર્તાઓ સાથે પતંગ ચગાવી ઉત્તરાયણના પર્વની ઉજવણી કરી હતી.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતમાં પરિવાર સાથે ઉત્તરાયણ પર્વની ઉજવણી કરી હતી. સવાર ગૌપૂજન કર્યા બાદ પરિવારજનો અને કાર્યકર્તાઓની સાથે પતંગ ઉડાવવાની મજા માણી હતી. પતંગ કાપીને અને કપાયા બાદ પણ સંઘવી આનંદ કરતા જોવા મળ્યા હતા.

રામાનંદ સાગરની રામાયણમાં ભગવાન રામનું પાત્ર ભજવનાર અરુણ ગોવિલ આજે ભાવનગર જિલ્લાના પાલિતાણાના મહેમાન બન્યા હતા. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાના વતન હણોલમાં અરુણ ગોવિલે પતંગ ચગાવી હતી. આ સમયે કપીલ દેવ પણ હાજર રહ્યા હતા.

બપોરના સમયે થોડી વાર માટે ઉત્તરાયણનો માહોલ શાંત પડ્યો હતો. પરંતુ, સાંજ પડતા જ ધાબાઓ પર લોકોની ભારે ભીડ જોવા મળી હતી. અંધારુ થયું ત્યાં સુધી લોકોએ પતંગ ચગાવવાની મજા માણી હતી.

દિવસભર પતંગની મજા લીધા બાદ સાંજ પડતા જ આકાશમાં પતંગનું સ્થાન આતશબાજીએ લીધું હતું. જેના કારણે દિવાળી જેવો માહોલ જોવા મળ્યો હતો. તો સાથે ધાબા પર જ ગરબાની રમઝટ જામતા નવરાત્રિ જેવો માહોલ પણ જામ્યો હતો.

# SRFDCL કંપની રાજય સરકાર હસ્તગત થવાની સંભાવના, એકિઝકયુટિવ ડિરેકટર તરીકે સરકારના IAS મુકવા વિચારણા

## સાબરમતી રિવરફ્રન્ટ ફેઝ-૩ની કામગીરી શરુ થાય એ પહેલાં ડાયરેકટર પદેથી હાલના હોદ્દેદારોને દુર કરાશે

**અમદાવાદ, તા.15**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ કંપની રાજ્ય સરકાર દ્વારા સંપૂર્ણપણે પોતાના હસ્તગત કરવામા આવે તેવી સંભાવના વ્યકત કરવામા આવી રહી છે. હાલમા કંપની દ્વારા રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ ફેઝ-ટુ અંતર્ગત કામગીરી કરાઈ રહી છે. ફેઝ-૩ની કામગીરી શરુ થાય એ પહેલાં સરકાર આ કંપની પોતાના હસ્તક લઈ સંચાલન કરે એવી પ્રબળ સંભાવના વ્યકત કરાઈ રહી છે. કંપનીના એકિઝકયુટિવ ડિરેકટર તરીકે મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીના બદલે સરકારના આઈ.એ.એસ. અધિકારીને મુકવા વિચારણા ચાલી રહી છે. ફેઝ-૩ની કામગીરી શરુ થાય એ પહેલા ડાયરેકટર તરીકે સમાવાયેલા મેયર ,સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન અને વિપક્ષનેતાને હોદ્દા ઉપરથી દુર કરી સરકારી અધિકારીઓની નિમણૂંક કરાશે.



સાબરમતી રિવરફ્રન્ટની કામગીરી શરુ કરવામા આવી એ સમયથી અત્યારસુધી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ કંપનીને દર વર્ષે કરોડો રુપિયા લોન પેટે આપવામા આવે છે.મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી આપવામા આવેલી લોનમાંથી ફેઝ-વન અને ફેઝ-ટુ સહિત અન્ય પ્રોજેકટ તથા તેના ઓપરેશન અને મેઈન્ટેનન્સ પાછળ કરોડો રુપિયાનો ખર્ચ કરવામા આવ્યો છે.૩૧ માર્ચ-૨૦૨૫ સુધીમાં કુલ રુપિયા ૨૧૨૮ કરોડનો ખર્ચ કરવામા આવ્યો છે. કોર્પોરેશન દ્વારા વર્ષ-૨૦૦૪માં કંપનીની રચના કરવામા આવી હતી.જેમાં ફેઝ-વનનુ નિર્માણ કરી વર્ષ-૨૦૧૧માં ખુલ્લો મુકવામા આવ્યો હતો.ફેઝ-વનમાં મલ્ટિલેવલ પાર્કિંગ, ફલાવરપાર્ક, સાબરમતી રિવરફ્રન્ટ પાર્ક, ગુર્જરી બજાર, ઈવેન્ટ સેન્ટર સહિતના પ્રોજેકટ પુરા કરાયા હતા.હાલમાં ફેઝ-ટુની કામગીરી ચાલી રહી છે.જેની પાછળ રુપિયા ૮૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.આ સિવાય કંપનીએ ફેઝ-૩ના ડેવલપમેન્ટ માટે રુપિયા એક હજાર કરોડના ખર્ચનો અંદાજ મુકયો છે.કોર્પોરેશન દ્વારા કંપનીને દર વર્ષે અંદાજે રુપિયા ૨૫૦થી ૩૦૦ કરોડ કંપનીને લોન આપવામા આવે છે. ૩૧ માર્ચ-૨૦૨૫ની સ્થિતિએ કંપની ઉપર રુપિયા ૧૮૦૫.૮૫ કરોડનુ દેવુ છે.હવે આ કંપની સરકાર પોતાના હસ્તક કરશે જેથી કંપનીનુ કદ વધશે.

રાજય સરકાર દ્વારા પહેલા સાબરમતી રિવરફ્રન્ટ ફેઝ-૩થી આગળના વિકાસ માટે નવી કંપની બનાવવા આયોજન કરાયુ હતુ.પણ હવે નવી કંપની બનાવવાના બદલે સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડને જ હસ્તગત કરવાની વિચારણા ચાલી રહી છે.

રાજ્ય સરકાર આ કંપનીમાં ચેરમેન તરીકે નિવૃત્ત આઈ.એ.એસ. અધિકારીની નિમણૂંક કરે છે.મેનેજિંગ ડિરેકટર તરીકે અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર, એકઝિકયુટીવ ડિરેકટર તરીકે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર, બે ઈન્ડીપેન્ડન્ટ ડિરેકટર મુકવામા આવે છે.જયારે નોન એકિઝીકયુટીવ ડાયરેકટર તરીકે મેયર,સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન,વિપક્ષ નેતા, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર(ફાયનાન્સ) તથા અમદાવાદના કલેકટરની નિમણૂંક કરવામા આવે છે.હાલમા કંપનીના ચેરમેન સહિત કુલ ૧૦ ડિરેકટર છે. રાજ્ય સરકાર કંપનીમા પોતાના એકઝીકયુટીવ ડાયરેકટર અને નોન એકિઝીકયુટીવ ડિરેકટર તરીકે અધિકારીઓની નિમણૂંક કરે એવી સંભાવના વ્યકત કરવામા આવી રહી છે.

# પવનની મંદ ગતિથી પતંગ રસિયા નિરાશ, આકાશમાં પેચને બદલે ધાબે ખાણી-પીણીની મહેફિલ.....

**અમદાવાદ, તા.15**

ગુજરાતનો સૌથી મોટો લોકપ્રિય તહેવાર ઉત્તરાયણ આજે પરંપરાગત હર્ષોલ્લાસ સાથે મનાવવામાં આવી રહ્યો છે. જોકે, આ વર્ષે પતંગ રસિયાના ઉત્સાહ પર પાણી ફેરવાયું છે. વહેલી સવારથી જ આકાશમાં પેચ લડાવવા આતુર શહેરીજનો માટે પવનની ગતિ સાથ આપી રહી નથી. પવનના અભાવે આકાશ જે પતંગોથી છવાઈ જવું જોઈએ, તે આજે થોડું ખાલી જોવા મળી રહ્યું છે. પતંગો ચગાવવામાં પડી રહેલી મુશ્કેલી છતાં લોકો ધાબા પર સંગીત અને મિજબાની સાથે તહેવારનો આનંદ ટકાવી રાખવાનો પ્રયાસ કરી રહ્યા છે.




મયુરકુમાર મોરવાડિયાએ ખેદ વ્યક્ત કરતા કહ્યું કે, 'વર્ષો વર્ષ પતંગો ઉડાડવાનું પ્રમાણ ઘટતું જાય છે અને આજે પવન ઘણો ઓછો હોવાથી પતંગો ચગતી નથી. પવન વગર પતંગ ચગાવવાના પ્રયત્નોમાં સવારથી ખભા દુ:ખી ગયા છે, પરંતુ આપણો આ તહેવાર હંમેશા જીવતો રાખવો જોઈએ.'

એકતા ગજેરાએ પોતાનો અનુભવ જણાવતા કહ્યું કે, 'સવારથી અગાશી પર આવ્યા હોવા છતાં પવન ન હોવાને કારણે તેઓ નિરસતા અનુભવી રહ્યા છે અને આ વખતની ઉત્તરાયણ અગાઉ જેવી લાગતી નથી. પતંગો ઉડતી ન હોવાથી હવે મિત્રો સાથે મળીને મસાલેદાર ઊંધિયું, જલેબી અને ફ્રુટ સલાડ જેવી વાનગીઓની જયાફત ઉડાવીને મોજ-મસ્તી કરી રહ્યા છીએ.'

અમદાવાદની ઉત્તરાયણ અંગે અંકુર કુંડલિયાએ જણાવ્યું કે, 'સવારથી પવન થોડો ઓછો છે, પરંતુ અમદાવાદની ઉત્તરાયણ હોવાથી ખૂબ મજા આવી રહી છે. પવનની ગતિ ઓછી હોવાને લીધે ગયા વર્ષની સરખામણીએ આકાશમાં પતંગોની સંખ્યા ઓછી દેખાઈ રહી છે, છતાં તેઓ આ તહેવારના માહોલથી સંતુષ્ટ છું.'

પવન વિશે વાત કરતા અલકા કુંડલિયાએ જણાવ્યું કે, 'આજે સામાન્ય દિવસો કરતા પણ પવન સાવ ઓછો છે, જેના કારણે આકાશમાં પતંગો જોઈએ તેવી ઉડી રહી નથી. બપોરનો સમય થઈ ગયો હોવાથી હવે તેઓ મિત્રો સાથે જમીને આનંદ કરશે અને વાસી ઉત્તરાયણમાં સારો પવન હશે તેવી આશા છે.'

# ગુજરાતમાં ઉત્તરાયણે ઈમરજન્સી કોલ સતત રણક્યાં, સાંજના 6 વાગ્યા સુધીના આંકડા ચોંકાવનારા

**ગાંધીનગર, તા.15**

ગુજરાતમાં મકરસંક્રાંતિના પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી, પરંતુ બીજી તરફ અકસ્માતો અને મેડિકલ ઈમરજન્સીની ઘટનાઓમાં ચિંતાજનક ઉછાળો જોવા મળ્યો છે. '108' ઈમરજન્સી સેવા દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર, 14મી જાન્યુઆરીના રોજ સાંજે 6 વાગ્યા સુધીમાં સમગ્ર રાજ્યમાંથી કુલ 3,810 ઈમરજન્સી કોલ મળ્યા છે, જે ગયા વર્ષની સરખામણીએ નોંધપાત્ર રીતે વધુ છે. વર્ષ 2025ની સરખામણીએ આ વર્ષે ઈમરજન્સી સેવા પર દબાણ વધ્યું છે. વર્ષ 2025માં સાંજે 6 વાગ્યા સુધીમાં 3,318 કોલ મળ્યા હતા. જ્યારે વર્ષ 2026માં આ જ સમયગાળામાં 3,810 કોલ નોંધાયા હતા. ગયા વર્ષ કરતા આ વખતે 491 વધુ ઈમરજન્સી



કેસો સામે આવ્યા છે. તહેવાર દરમિયાન નોંધાયેલા કેસોમાં મોટાભાગે કાચ પાયેલી પતંગની દોરીથી વાહનચાલકો કે રાહદારીઓના ગળા અથવા શરીરના અન્ય ભાગો કપાવવાના કિસ્સા. પતંગ ચગાવતી વખતે કે પેચ લડાવતી વખતે અગાસી કે ધાબા પરથી સંતુલન ગુમાવતા નીચે પડવાની ઘટનાઓ. પતંગ પકડવા જતાં કે વાહન ચલાવતી વખતે અચાનક દોરી આડી આવતા સર્જાયેલા અકસ્માતો. મારામારી, દાઝી જવાના કિસ્સાઓ અને પતંગ લૂંટતી વખતે વીજ કરંટ લાગવાની દુર્ઘટનાઓનો સમાવેશ થાય છે.

રાજ્યના મહાનગરોમાં પતંગબાજીનો ક્રેઝ વધુ હોવાથી ઈમરજન્સી કોલ્સની સંખ્યા પણ ત્યાં વધુ જોવા મળી છે. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં 108 ની ટીમો સતત કાર્યરત રહી હતી. (15મી જાન્યુઆરી) વાસી ઉત્તરાયણ હોવાથી વહીવટી તંત્ર અને 108 સેવા દ્વારા નાગરિકોને ખાસ તકેદારી રાખવા વિનંતી કરવામાં આવી છે. રસ્તા પર પતંગ પકડવા માટે જીવના જોખમે દોડવું નહીં. બાઈક ચલાવતી વખતે ગળામાં સ્કાફ બાંધવો અથવા હેલ્મેટનો ફરજિયાત ઉપયોગ કરવો. નાના બાળકોને અગાસી પર પતંગ ચગાવતી વખતે એકલા ન મૂકવા.

# અમદાવાદમા ઉત્તરાયણ પર બેવડો માર, કાતિલ ઠંડી વચ્ચે હવામાં ઝેર ભળ્યું, AQI ખરાબ શ્રેણીમાં

**અમદાવાદ, તા.15**

ગુજરાતમાં 14મી જાન્યુઆરી ઉત્તરાયણનો પર્વ હર્ષોલ્લાસ સાથે ઉજવાઈ રહ્યો છે, પરંતુ આ આનંદની સાથે જ પર્યાવરણીય ચિંતા પણ વધી છે. અમદાવાદના આકાશમાં બુધવારે વહેલી સવારથી જ રંગબેરંગી પતંગોની સાથે પ્રદૂષણની ઘેરી ચાદર જોવા મળી હતી. શહેરનો એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) 200થી 250ની વચ્ચે નોંધાયો છે, જે 'ખરાબ' શ્રેણીમાં ગણાય છે. તહેવારના માહોલ વચ્ચે હવામાં ભળેલા પ્રદૂષિત કણોએ અમદાવાદીઓના સ્વાસ્થ્ય સામે જોખમ ઊભું કર્યું છે, ખાસ કરીને પતંગબાજીની મજા વચ્ચે શ્વાસ લેવામાં મુશ્કેલી પડી રહી હોય તેવો અનુભવ થઈ રહ્યો છે. રાજ્યમાં ઠંડીનું જોર પણ યથાવત્ છે, જેમાં નલિયા 5.2 ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું



સૌથી ઠંડું શહેર બન્યું છે. લઘુતમ તાપમાનનો પારો ગગડતા સમગ્ર કચ્છ અને સૌરાષ્ટ્રમાં કાતિલ ઠંડી અનુભવાઈ રહી છે. અન્ય શહેરોની વાત કરીએ તો રાજકોટમાં 8.8 ડિગ્રી, ભુજમાં 9.6 ડિગ્રી અને ડીસામાં 10.4 ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું છે. જ્યારે અમદાવાદમાં 12.6 ડિગ્રી અને વડોદરામાં 14.4 ડિગ્રી તાપમાન રહેતા પતંગરસિયાઓએ વહેલી સવારે ઠંડીમાં ઠરતા-ઠરતા અગાશીઓ પર કલબલાટ શરૂ કર્યો હતો. હવામાન વિભાગની આગાહી મુજબ, પતંગબાજો માટે પવનની ગતિ મધ્યમ રહેશે. 14મી જાન્યુઆરીએ પવનની ઝડપ 5થી 15 કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે, જે પતંગ ચગાવવા માટે સાનુકૂળ ગણાય છે. આગામી સાત દિવસ સુધી રાજ્યમાં હવામાન શુષ્ક રહેવાની અને ઠંડીનો ચમકારો યથાવત્ રહેવાની સંભાવના છે. પવનની દિશા અને ગતિમાં થતા ફેરફારોને કારણે પતંગબાજોમાં ક્યાંક ઉત્સાહ તો ક્યાંક પેચ લડાવવાની મજામાં થોડો વિઘ્ન પણ જોવા મળી શકે છે. પ્રદૂષણના આંકડાઓ પર નજર કરીએ તો, અમદાવાદના પશ્ચિમ અને ઉત્તર વિસ્તારોમાં સ્થિતિ વધુ ગંભીર છે. ખાસ કરીને થલતેજ, બોપલ, ગોતા, શાંતિગ્રામ અને રખિયાલ જેવા વિસ્તારોમાં AQIનું સ્તર સૌથી વધુ નોંધાયું છે. શિયાળાની ઠંડીને કારણે હવામાં જામતું ધુમ્મસ (Smog), વાહનોનો ધુમાડો અને પતંગબાજી દરમિયાન મોટા પ્રમાણમાં ફોડવામાં આવતા ફટાકડાને કારણે PM2.5 અને PM10 નું પ્રમાણ ભયજનક રીતે વધ્યું છે. આ ઝેરી હવાને કારણે શહેરના અનેક વિસ્તારોમાં વિઝિબિલિટી પર પણ અસર પડી છે. સ્વાસ્થ્ય નિષ્ણાતોએ વધતા પ્રદૂષણને જોતા નાગરિકોને સાવચેત રહેવાની સલાહ આપી છે. ખાસ કરીને અસ્થમા, ફેફસાની બીમારી કે શ્વાસની તકલીફ ધરાવતા દર્દીઓ, વૃદ્ધો અને નાના બાળકો માટે આ પ્રદૂષિત હવા હાનિકારક સાબિત થઈ શકે છે. પતંગબાજીની મજા માણતી વખતે માસ્ક પહેરવું અથવા પ્રદૂષણથી બચવા જરૂરી તકેદારી રાખવી હિતાવહ છે. ઉત્તરાયણનો આ પર્વ ખુશીઓ લાવ્યો છે, પરંતુ સાથે જ પ્રકૃતિ અને સ્વાસ્થ્ય પ્રત્યેની જવાબદારી પણ યાદ અપાવી રહ્યો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન: ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

PHDCCI દ્વારા 'વિકસિત ભારત 2047 માટે PACS-નેતૃત્વવાળી સ્માર્ટ સહકારી સંસ્થાઓ' પર રાષ્ટ્રીય કાર્યશાળાનું દિલીપ સંઘાણીની અધ્યક્ષતામાં આયોજન

# PHDCCIનું આયોજન સહકારિતાના ભવિષ્યને દિશા આપનારું છે : દિલીપ સંઘાણી

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રચાયેલા નવા સહકારિતા મંત્રાલય દ્વારા લેવાયેલા પગલાં નોંધપાત્ર છે : દિલીપ સંઘાણી
- કેન્દ્રિય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ દ્વારા દેશમાં નવા મૉડલ બાયલૉઝ અમલમાં મૂકવાનું કાર્ય સહકારિતા વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થશે : દિલીપ સંઘાણી





**ગાંધીનગર, તા.15**

પી.એચ.ડી. ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (PHDCCI) દ્વારા નવી દિલ્હીમાં PHDCCI ની કોપરેટીવ કમિટી ના અધ્યક્ષ તરીકે નિમણુંક થયા બાદ "વિકસિત ભારત 2047 માટે PACS-નેતૃત્વવાળી સ્માર્ટ સહકારી સંસ્થાઓ (Building PACS-led Smart Cooperatives for a Viksit Bharat @2047)" વિષય પર એક રાષ્ટ્રીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યશાળાની અધ્યક્ષતા સહકારિતા ક્ષેત્રના વરિષ્ઠ નેતા, NCUI, IFFCO અને GUJCOMASOLના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ કરી હતી.

કાર્યક્રમને સંબોધતાં દિલીપ સંઘાણીએ જણાવ્યું કે આ દુરંદેશી વિષય સહકારિતાના ભવિષ્યને દિશા આપનારું છે. તેમણે આ મહત્વપૂર્ણ પહેલ માટે PHDCCIને વિશેષ અભિનંદન પાઠવ્યા અને જણાવ્યું કે આ આયોજન દેશમાં પ્રાથમિક કૃષિ સાખ સમિતિઓ (PACS)ને સશક્ત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

સંઘાણીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રચાયેલા સહકારિતા મંત્રાલય દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોની પ્રશંસા કરી. તેમણે જણાવ્યું કે કેન્દ્રિય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના નેતૃત્વ હેઠળ સહકારિતા ક્ષેત્ર માટે લેવામાં આવેલા પગલાં નોંધપાત્ર છે. મંત્રાલયની સ્થાપના બાદ PACSને સશક્ત, આધુનિક અને બહુમુખી બનાવવા માટે સતત કાર્ય કરવામાં આવી રહ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું કે દેશમાં નવા મોડલ બાયલૉઝ (Model Bye-Laws) અમલમાં મૂકવાની પહેલ સહકારિતા વિકાસમાં મહત્વપૂર્ણ સાબિત થશે. સહકારિતા મંત્રાલયની સ્થાપના, PACSનું કમ્પ્યુટરીકરણ, બહુ-રાજ્ય સહકારી સંસ્થાઓ સંબંધિત નીતિગત સુધારા તેમજ પારદર્શિતા અને જવાબદારી પર આપવામાં આવેલ વિશેષ ભાર – આ તમામ પહેલોથી સહકારી આંદોલનને નવી દિશા અને ગતિ મળી છે.

કાર્યશાળામાં PACSને સ્માર્ટ, ટેકનોલોજી-સક્ષમ અને બહુહેતુક સહકારી સંસ્થાઓ તરીકે વિકસિત કરવા અંગે વિસ્તૃત વિચાર-વિમર્શ કરવામાં આવ્યો, જેથી તેઓ વિકસિત ભારત 2047ના લક્ષ્યમાં અસરકારક યોગદાન આપી શકે.

રાષ્ટ્રીય કાર્યશાળામાં ડૉ. સુધાન્શુ (સચિવ, APEDA), પ્રકાશ નૈનકવરે (મેનેજિંગ ડિરેક્ટર, NFCSSF), ડૉ. રંજીત મહેતા (મુખ્ય કાર્યકારી અધિકારી અને મહાસચિવ, PHDCCI) તેમજ ડૉ. જતિંદર સિંહ (ઉપ મહાસચિવ, PHDCCI) સહિત દેશભરમાંથી આવેલા PACSના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

# 'જો ફાંસી આપશો તો કંઈક ભયાનક જોવાવાળી થશે': USAની ધમકી બાદ ઈરાનની પીછેહઠ; વિદેશમંત્રીએ કહ્યું, ફાંસી આપવાની કોઇ યોજના નથી

**વૉશિંગ્ટન, તા.15**

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ધમકીઓ બાદ ઈરાન પ્રદર્શનકારીઓને ફાંસી આપવાના નિર્ણયથી પાછળ હટી ગયું છે. રોઈટર્સના અહેવાલ મુજબ, ઈરાનના વિદેશમંત્રી અબ્બાસ અરાકચીએ બુધવારે જણાવ્યું હતું કે ઈરાન તરફથી લોકોને ફાંસી આપવાની કોઈ યોજના નથી.

વિદેશમંત્રીએ ફોક્સ ન્યૂઝના 'સ્પેશિયલ રિપોર્ટ વિથ બ્રેટ બેયર' કાર્યક્રમમાં આપેલા એક ઈન્ટરવ્યૂમાં કહ્યું, 'ફાંસી આપવાની કોઈ યોજના નથી. ફાંસીનો તો સવાલ જ ઊભો થતો નથી.' એ જ સમયે, બુધવારે ટ્રમ્પે પણ જણાવ્યું કે ઈરાનમાં પ્રદર્શનકારીઓની હત્યાઓ અટકી ગઈ છે.

આ પહેલાં ઈરાન સરકારે પ્રદર્શનકારીઓ પર ઝડપી ટ્રાયલ અને જલદીથી જલદી ફાંસી આપવાની જાહેરાત કરી હતી. ઈરાન બુધવારે 26 વર્ષના પ્રદર્શનકારી ઈરફાન સુલતાનીને ફાંસી આપવાનું હતું. આ નિર્ણય બાદ ટ્રમ્પે ઈરાનને કડક જવાબ આપવાની ધમકી આપી હતી. ટ્રમ્પે કહ્યું, 'જો તેઓ ફાંસી આપશે તો તમે કંઈક ભયાનક જોશો.'

ઈરાને સરકારી ટીવી ચેનલ પર રાષ્ટ્રપતિ ટ્રમ્પને જાનથી મારી નાખવાની ધમકી જાહેર કરી હતી. AFPના રિપોર્ટ મુજબ ધમકી



પર્શિયનમાં હતી. આ ધમકીમાં પેન્સિલવેનિયાના બટલરમાં 2024માં ટ્રમ્પ પર થયેલા જીવલેણ હુમલાના ફૂટેજ બતાવવામાં આવ્યા, જેની સાથે એક મેસેજ હતો 'આ વખતે ગોળી નિશાન ચૂકશે નહીં'.

આ ટ્રમ્પ વિરુદ્ધ તેહરાનની અત્યારસુધીની સૌથી સીધી ધમકી છે. આ પહેલાં ટ્રમ્પે જ વારંવાર ઈરાન સરકારને ધમકી આપી છે કે જો તે વિરોધી પ્રદર્શનકારીઓ પર પોતાની ક્રૂર કાર્યવાહી ચાલુ રાખે છે તો અમેરિકા તેના પર હુમલો કરશે.

ટ્રમ્પે બુધવારે કહ્યું હતું કે ઈરાની વિપક્ષી નેતા રઝા પહેલવી તેમને ખૂબ સારા લાગે છે, જોકે તેમણે આ વાત પર અનિશ્ચિતતા વ્યક્ત કરી કે શું તેમને ઈરાન અંદર સમર્થન મળી શકશે અને તેઓ નેતૃત્વ સંભાળી શકશે.

રોઈટર્સ અનુસાર, ટ્રમ્પે કહ્યું, 'મને ખબર નથી કે તેઓ પોતાના દેશમાં કેવી રીતે વર્તશે.' તેમણે આગળ કહ્યું કે સ્થિતિ હજુ એ સ્તર સુધી પહોંચી નથી. તેમને ખબર નથી કે ઈરાનીઓ પહેલવીના નેતૃત્વને સ્વીકારશે કે નહીં, પરંતુ જો તેઓ સ્વીકારે છે, તો મને કોઈ વાંધો નહીં હોય.

અમેરિકા સાથેનાં વ્યાપક વિરોધપ્રદર્શનો અને તણાવ વચ્ચે ઈરાને બુધવારે 2 કલાક માટે મોટા ભાગની ફ્લાઈટ્સ માટે પોતાનો હવાઈક્ષેત્ર બંધ કરી દીધો હતો.

ફ્લાઈટરાડાર24 અનુસાર, તેહરાને બુધવારે સાંજે 5 વાગ્યા પછી તરત જ નોટિસ ટુ એર મિશન્સ (નોટમ) ચેતવણી જારી કરી હતી અને ઈરાનથી આવતી-જતી ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ સિવાયની તમામ ફ્લાઈટ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

આ પ્રતિબંધ એવા સમયે લાદવામાં આવ્યો હતો જ્યારે અમેરિકાએ કતાર સ્થિત તેના ઠેકાણાં પરથી કેટલાક કર્મચારીઓને પાછા બોલાવવાનું શરૂ કર્યું હતું. ઈરાને ચેતવણી આપી હતી કે જો વોશિંગ્ટન હુમલો કરશે તો તે અમેરિકી ઠેકાણાં પર હુમલો કરશે.

ઈન્ડિગો, લુફ્થાન્સા અને એરોફ્લોટ સહિતની ઘણી એરલાઈન્સ પ્રભાવિત થઈ હતી અને પ્રદેશમાં વધતા મિસાઈલ અને ડ્રોન હુમલાના ખતરા વચ્ચે ઘણી એરલાઈન્સે ઈરાની હવાઈ ક્ષેત્રથી બચવાનો નિર્ણય કર્યો હતો.

ઈન્ડિગોએ જણાવ્યું હતું કે ઈરાનના અચાનક હવાઈક્ષેત્ર બંધ કરવાને કારણે તેની કેટલીક ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ છે. જ્યારે એર ઈન્ડિયાએ કહ્યું હતું કે ઈરાનમાં ઉદ્ભવેલી પરિસ્થિતિને કારણે એર ઈન્ડિયાની જે ફ્લાઈટ્સ સામાન્ય રીતે આ ક્ષેત્રમાંથી પસાર થાય છે એ હવે અન્ય માર્ગોનો ઉપયોગ કરી રહી છે, જેનાથી વિલંબ થઈ શકે છે.

ભારત સરકારે બુધવારે પોતાના નાગરિકો માટે એડવાઈઝરી જાહેર કરી. તેમાં કહેવામાં આવ્યું છે કે જે પણ ભારતીય નાગરિકો, ભલે તે વિદ્યાર્થીઓ હોય, યાત્રાળુઓ હોય, વેપારીઓ હોય કે ટુરિસ્ટ્સ, આ સમયે ઈરાનમાં છે, તેમને જલદીથી જલદી ત્યાંથી નીકળી જવું જોઈએ. ઈરાનમાં હાલ 10 હજારથી વધુ ભારતીયો છે.

આ એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે આ સલાહ 5 જાન્યુઆરીની અગાઉની એડવાઈઝરીની આગળની કડી છે અને ઈરાનની બદલાતી પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને આપવામાં આવી છે. સરકારે એ પણ પુનરાવર્તન કર્યું છે કે તમામ ભારતીય નાગરિકોએ સાવચેતી રાખવી જોઈએ. તેમને વિરોધ પ્રદર્શનો કે ભીડવાળી જગ્યાઓથી દૂર રહેવું જોઈએ.

ઈરાનમાં હાજર ભારતીય નાગરિકો ભારતીય દૂતાવાસના સંપર્કમાં રહે અને સ્થાનિક મીડિયા પર નજર રાખે જેથી કોઈ પણ નવી માહિતીથી વાકેફ રહે. આ ઉપરાંત, વિદેશ મંત્રી એસ. જયશંકરે બુધવારે મોડી સાંજે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી સાથે ફોન પર ઈરાન સંબંધિત પરિસ્થિતિઓ વિશે વાત કરી.

ભારત ઉપરાંત સ્પેન, ઈટાલી અને પોલેન્ડની સરકારોએ પણ પોતાના નાગરિકોને ઈરાન છોડવાની સલાહ આપી છે.

# ટ્રમ્પ પાકિસ્તાન-બાંગ્લાદેશ સહિત 75 દેશો માટે વીઝા સર્વિસિ રોકશે: યાદીમાં ભારતના 6 પડોશી દેશો

**વૉશિંગ્ટન, તા.15**

અમેરિકાએ 75 દેશો માટે 21 જાન્યુઆરીથી વિઝા જારી કરવાની સંપૂર્ણ પ્રક્રિયા રોકવાનો નિર્ણય કર્યો છે. આમાં પાકિસ્તાન અને બાંગ્લાદેશ સહિત ભારતના 6 પડોશી દેશો છે.

ફોક્સ ન્યૂઝ અનુસાર, આ નિર્ણય અમેરિકી વિદેશ મંત્રાલયના એક મેમોના આધારે લેવામાં આવ્યો છે. આ નિર્ણયનો હેતુ અમેરિકા આવનારા વિદેશીઓની સંખ્યા ઘટાડવાનો છે.

અમેરિકી વિદેશ મંત્રાલયે જણાવ્યું કે હવે તે પોતાની તે કાનૂની શક્તિનો ઉપયોગ કરશે, જેના હેઠળ એવા લોકોને વિઝા આપવાથી રોકી શકાય છે, જેમના વિશે આશંકા હોય કે તેઓ અમેરિકા આવીને સરકારી મદદ કે કલ્યાણકારી યોજનાઓ પર નિર્ભર રહી શકે છે.

અમેરિકી દૂતાવાસો અને કોન્સ્યુલર અધિકારીઓને નિર્દેશ આપવામાં આવ્યો છે કે તેઓ વિઝા અરજીઓને ત્યાં સુધી નામંજૂર કરે, જ્યાં સુધી તપાસ અને ચકાસણીની પ્રક્રિયાની ફરીથી સમીક્ષા ન થઈ જાય. આ પ્રતિબંધ કેટલા સમય સુધી લાગુ રહેશે, તેની કોઈ માહિતી આપવામાં આવી નથી.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા ટૉમી પિગૉટે કહ્યું કે ટ્રમ્પ પ્રશાસન અમેરિકાની ઈમિગ્રેશન વ્યવસ્થાના ખોટા ઉપયોગને ખતમ કરવા માગે



છે અને તે લોકોને રોકવા માગે છે જે અમેરિકી જનતાના પૈસાનો ફાયદો ઉઠાવવા માગે છે.

તેમણે કહ્યું કે આ 75 દેશો માટે ઈમિગ્રન્ટ વિઝાની પ્રક્રિયા ત્યાં સુધી રોકવામાં આવશે, જ્યાં સુધી વિદેશ મંત્રાલય ફરીથી તપાસ ન કરી લે કે એવા લોકોની એન્ટ્રી કેવી રીતે રોકવી જે સરકારી મદદ અને સાર્વજનિક લાભ લઈ શકે છે.

આ નવા નિર્ણયની અસર પ્રવાસી, વ્યવસાય અથવા અન્ય અસ્થાયી વિઝા પર નહીં પડે. તેમાં આ વર્ષે યોજાનાર ફૂટબોલ વર્લ્ડ કપ જોવા આવનારા લોકો પણ સામેલ છે, જોકે ટ્રમ્પ પ્રશાસને તમામ વિઝા અરજદારોના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સની તપાસ કરવાની વાત કહી છે.

દુનિયાના ઘણા દેશોને સામેલ કરતા એક સંપૂર્ણ યાદી જાહેર કરવામાં આવી છે. આ યાદીમાં એશિયા, આફ્રિકા, યુરોપ, કેરેબિયન અને નોર્થ-સાઉથ અમેરિકાના દેશો સામેલ છે.

અફઘાનિસ્તાન, આર્મેનિયા, અઝરબૈજાન, બાંગ્લાદેશ, ભૂટાન, બર્મા (મ્યાનમાર), કંબોડિયા, ઈરાન, ઈરાક, જોર્ડન, કઝાકિસ્તાન, કુવૈત, કિર્ગિસ્તાન, લાઓસ, લેબનોન, મંગોલિયા, નેપાળ, પાકિસ્તાન, સિરિયા, થાઈલેન્ડ, ઉઝબેકિસ્તાન અને યમન. અલ્જીરિયા, કેમરૂન, કેપ વર્ડે, કોટ ડી આઈવર, કોંગો, ઈજિપ્ત, ઈરિટ્રિયા, ઈથોપિયા, ગેમ્બિયા, ઘાના, ગિની, હૈતી, લાઈબેરિયા, લિબિયા, મોરોક્કો, નાઈજીરીયા, કોંગો રિપબ્લિક, રવાન્ડા, સેનેગલ, સિયેરા લિયોન, સોમાલિયા, દક્ષિણ સુદાન, સુદાન, તાન્ઝાનિયા, ટોગો, ટ્યુનિશિયા અને યુગાન્ડા.

રશિયા, અલ્બેનિયા, બેલારુસ, બોસ્નિયા, જ્યોર્જિયા, કોસોવો, મેસેડોનિયા (નોર્થ મેસેડોનિયા), મોલ્ડોવા અને મોન્ટેનેગ્રો.

એન્ટિગુઆ અને બાર્બુડા, બહામાસ, બાર્બાડોસ, બેલીઝ, ક્યુબા, ડોમિનિકા, ગ્રેનાડા, હૈતી, જમૈકા, સેન્ટ કિટ્સ અને નેવિસ, સેન્ટ લુસિયા, સેન્ટ વિન્સેન્ટ અને ગ્રેનેડાઈન્સ. મોસ્કો ટાઈમ્સ અનુસાર, રાષ્ટ્રપતિ ટ્રમ્પ ઘણી વખત સ્પષ્ટ કરી ચૂક્યા છે કે તેઓ બિન-યુરોપિયન દેશોમાંથી થતા ઈમિગ્રેશનને ઘટાડવા માગે છે. તેમણે સોમાલિયાના લોકો વિશે પણ ખોટી વાતો કહી હતી અને તેનાથી વિપરીત સ્કેન્ડિનેવિયન દેશો (નોર્વે, સ્વીડન અને ડેનમાર્ક) ના લોકોને અમેરિકા આવવા માટે વધુ સારા ગણાવ્યા હતા.

# ટ્રમ્પે કહ્યું- ગોલ્ડન ડોમ પ્રોજેક્ટ માટે ગ્રીનલેન્ડની જરૂર: કંઈક ને કંઈક ઉકેલ શોધીશું, ગ્રીનલેન્ડના વિદેશ મંત્રીએ કહ્યું- અમેરિકાના ગુલામ બનવું નથી

**વૉશિંગ્ટન, તા.15**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે ફરીથી ગ્રીનલેન્ડને અમેરિકામાં સામેલ કરવાની પોતાની ઈચ્છા દોહરાવી છે. તેમણે કહ્યું કે કંઈક ને કંઈક ઉકેલ નીકળી આવશે. ટ્રમ્પે ગ્રીનલેન્ડને ગોલ્ડન ડોમ નામના મોટા રક્ષા પ્રોજેક્ટ માટે ખૂબ જ મહત્વપૂર્ણ ગણાવ્યું છે.

ગોલ્ડન ડોમ અમેરિકાનો મિસાઈલ રક્ષા પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટ ઈઝરાયલના આયર્ન ડોમથી પ્રેરિત છે. ગોલ્ડન ડોમનો હેતુ ચીન, રશિયા જેવા દેશોમાંથી આવતા ખતરાથી અમેરિકાને બચાવવાનો છે.

ટ્રમ્પનું આ નિવેદન વ્હાઈટ હાઉસમાં અમેરિકા, ડેનમાર્ક અને ગ્રીનલેન્ડના અધિકારીઓ વચ્ચે થયેલી હાઈ કમિટી બેઠક પછી આવ્યું છે. આ બેઠકમાં કોઈ મોટો કરાર થયો નથી.

બેઠક પછી ગ્રીનલેન્ડના વિદેશ મંત્રી વિવિયન મોટ્ઝફેલ્ડે કહ્યું કે તેમને અમેરિકા સાથેના સંબંધોને મજબૂત કરવાની આશા છે. પરંતુ ગ્રીનલેન્ડ પર અમેરિકાનું શાસન સ્વીકારી શકાય નહીં.

તેમણે કહ્યું, "અમેરિકા સાથે અમારા સહયોગને મજબૂત કરવો અમારા માટે યોગ્ય છે. પરંતુ તેનો અર્થ એ નથી કે અમે અમેરિકાના ગુલામ બનવા માગીએ છીએ."

તેમણે આગળ કહ્યું કે જો અમેરિકાએ ગ્રીનલેન્ડ ન લીધું, તો રશિયા કે ચીન તેને લઈ લેશે અને તેઓ આવું ક્યારેય થવા દેશે નહીં.

ટ્રમ્પનું કહેવું છે કે NATOએ આ મામલે આગળ આવવું જોઈએ અને અમેરિકાને ગ્રીનલેન્ડ અપાવવામાં મદદ કરવી જોઈએ. તેમણે દાવો કર્યો કે ગ્રીનલેન્ડ અમેરિકાના હાથમાં હોવાથી નાટો વધુ મજબૂત અને પ્રભાવી બનશે.

વ્હાઈટ હાઉસમાં બુધવારે થયેલી વાતચીતમાં અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયો અને ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ સાથે ડેનમાર્કના વિદેશ મંત્રી લાર્સ લોક્કે રાસમુસેન અને ગ્રીનલેન્ડના વિદેશ મંત્રી વિવિયન મોટ્ઝફેલ્ટ સામેલ થયાં. આ બેઠકમાં કોઈ મોટો કરાર થયો નથી.

જોકે, બેઠક પછી ત્રણેય પક્ષોએ ગ્રીનલેન્ડ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા માટે એક સંયુક્ત વર્કિંગ ગ્રુપ બનાવવાની સંમતિ આપી, જેની બેઠકો આવનારા અઠવાડિયામાં થશે. રાસમુસેને સ્પષ્ટ કહ્યું કે અમેરિકા સાથે અસંમતિ યથાવત છે. અમારો દૃષ્ટિકોણ ઘણો અલગ છે. તેમણે ટ્રમ્પના ગ્રીનલેન્ડને ખરીદવાના કે કબજે કરવાના વિચારને સંપૂર્ણપણે અસ્વીકાર્ય ગણાવ્યો. તેમણે કહ્યું, 'અમે ખૂબ સ્પષ્ટપણે કહ્યું છે કે આ ડેનમાર્કના હિતમાં નથી.'

તેમણે એમ પણ કહ્યું કે બંને દેશ આર્કટિકમાં સુરક્ષા સહયોગ વધારવા માટે તૈયાર છે, જેમાં ગ્રીનલેન્ડમાં વધુ અમેરિકી સૈન્ય મથકો બનાવવાની સંભાવના પણ



શામેલ છે.

સ્વીડનના વડાપ્રધાન ઉલ્ફ ક્રિસ્ટર્સને બુધવારે જણાવ્યું હતું કે ડેનમાર્કના કહેવા પર સ્વીડિશ આર્મ્ડ ફોર્સના ઘણા અધિકારીઓને એક સૈન્ય અભ્યાસમાં ભાગ લેવા માટે ગ્રીનલેન્ડ મોકલ્યા છે.

આ ઉપરાંત, ફ્રાન્સ અને જર્મની બંનેએ કહ્યું છે કે તેઓ ગ્રીનલેન્ડમાં સૈન્યકર્મીઓ મોકલશે. યુરોપિયન દેશોએ પણ સુરક્ષા સહયોગની ઓફર કરી છે. જર્મન વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે તે ક્ષેત્રમાં સુરક્ષા સુનિશ્ચિત કરવામાં ડેનમાર્કને સમર્થન આપવા માટે 13 લોકોની એક ટીમ મોકલશે.

નોર્વેના સંરક્ષણ પ્રધાન ટોરે સેન્ડવિકે સમાચાર એજન્સી રોયટર્સને જણાવ્યું છે કે નોર્ડિક દેશ આર્કટિકમાં નાટો સભ્યો વચ્ચે સુરક્ષા સહયોગને મજબૂત કરવા માટે ગ્રીનલેન્ડમાં બે સૈન્યકર્મીઓને મોકલશે. ગ્રીનલેન્ડની પોતાની કોઈ સેના નથી. તેની રક્ષા અને વિદેશ નીતિની જવાબદારી ડેનમાર્કની છે. આ ડેનમાર્કનો એક સ્વાયત્ત પ્રદેશ છે. અહીંની વસતિ માત્ર 57 હજાર છે. 2009 પછી, ગ્રીનલેન્ડ સરકારને દરિયાકાંઠાની સુરક્ષા અને કેટલાક વિદેશી બાબતોમાં છૂટ મળી છે, પરંતુ સંરક્ષણ અને વિદેશ નીતિના મુખ્ય મામલાઓ હજુ પણ ડેનમાર્ક પાસે છે.

અમેરિકી સૈનિકો: અમેરિકાનો પિટુફિક સ્પેસ બેઝ (થુલે એર બેઝ). ગ્રીનલેન્ડના ઉત્તર-પશ્ચિમમાં આવેલો આ બેઝ અમેરિકા ચલાવે છે. આ બેઝ મિસાઈલ ચેતવણી સિસ્ટમ અને સ્પેસ મોનિટરિંગ માટે ઉપયોગમાં લેવાય છે. NYT અનુસાર અહીં લગભગ 150 થી 200 અમેરિકી સૈનિકો તહેનાત છે. આ મિસાઈલ ચેતવણી, સ્પેસ નિરીક્ષણ અને આર્કટિક સુરક્ષા માટે છે. આ અમેરિકાનો સૌથી ઉત્તરીય સૈન્ય અડ્ડો છે.

ડેનિશ સૈનિકો: ડેનમાર્કની જોઈન્ટ આર્કટિક કમાન્ડ ગ્રીનલેન્ડમાં કામ કરે છે. મીડિયા રિપોર્ટ અનુસાર અહીં કુલ લગભગ 150 થી 200 ડેનિશ સૈન્ય અને સિવિલિયન કર્મચારીઓ છે. જેઓ નિરીક્ષણ, સર્ચ એન્ડ રેસ્ક્યુ, અને સાર્વભૌમત્વનું રક્ષણ કરે છે. તેમાં પ્રખ્યાત સીરિયસ ડોગ સ્લેજ પેટ્રોલ (એક નાનો એલિટ યુનિટ, લગભગ 12-14 લોકો) પણ સામેલ છે, જે કૂતરાઓની સ્લેજથી લાંબી પેટ્રોલિંગ કરે છે.

ડેનમાર્ક અને ગ્રીનલેન્ડના અધિકારીઓ સાથેની બેઠક બાદ વ્હાઈટ હાઉસે સોશિયલ મીડિયા પર એક તસવીર શેર કરી, જેમાં ગ્રીનલેન્ડ પર અમેરિકી નિયંત્રણને પ્રોત્સાહન આપવામાં આવ્યું.

તસવીરમાં રસ્તા પર ગ્રીનલેન્ડનો ધ્વજ લગાવેલી બે સ્લેજ દેખાઈ રહી છે. એક રસ્તો વ્હાઈટ હાઉસ અને અમેરિકી ધ્વજ તરફ જાય છે, જ્યારે બીજો રસ્તો અંધકાર અને વીજળી તરફ જાય છે. જ્યાં ચીન અને રશિયાનો ધ્વજ લગાવેલો છે. તસવીર સાથે કેપ્શન લખેલું છે, 'ગ્રીનલેન્ડ કઈ તરફ જશો?'

તસવીર દ્વારા ટ્રમ્પ ગ્રીનલેન્ડ પર દબાણ લાવવા માંગે છે કે જો ચીન-રશિયાની જેમ ગયા તો પરિણામ ખરાબ થઈ શકે છે. જ્યારે અમેરિકા તરફ આવવાથી શાંતિ રહેશે. ડેનમાર્કે ટ્રમ્પના ચીન અને રશિયાથી ખતરો હોવાના દાવાને સંપૂર્ણપણે નકારી કાઢ્યો છે. ડેનમાર્કના વિદેશ મંત્રી લાર્સ લોક્કે રાસમુસેને કહ્યું છે કે તેઓ ટ્રમ્પ સાથે સહમત છે કે આર્કટિકમાં સુરક્ષાની સ્થિતિ બદલાઈ રહી છે.

ટ્રમ્પના રશિયન અને ચીની જહાજોના નિયમિતપણે ગ્રીનલેન્ડની આસપાસ ચક્કર લગાવવાના દાવાને ખોટો ગણાવતા રાસમુસેને કહ્યું, 'અમારી ગુપ્ત માહિતી અનુસાર, છેલ્લા એક દાયકાથી ગ્રીનલેન્ડમાં કોઈ ચીની યુદ્ધ જહાજ આવ્યું નથી.'

ડેનમાર્ક અને ગ્રીનલેન્ડે કહ્યું છે કે તેમણે આર્કટિક સંરક્ષણને મજબૂત કરવાના તેમના વચન હેઠળ સહયોગીઓ સાથે ગ્રીનલેન્ડ અને તેની આસપાસ પોતાની લશ્કરી ઉપસ્થિતિ વધારવાનું શરૂ કરી દીધું છે. ડેનમાર્કના સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "આજથી, નાટોના સહયોગથી ગ્રીનલેન્ડ અને તેની આસપાસના વિસ્તારોમાં લશ્કરી ઉપસ્થિતિનો વિસ્તાર કરવામાં આવશે."

તંત્રી લેખ

# પ્રેમીની લાશ સાથે લગ્ન, કર્યું- જય ભીમવાળો હતો

'હું અને સક્ષમ 3 વર્ષથી સંબંધમાં હતાં. સક્ષમ બીજી જ્ઞાતિનો હતો, તેથી મારા પિતાને અમારો સંબંધ પસંદ નહોતો. તેઓ મને કહેતા હતા કે કોઈ બીજો છોકરો બતાવ, હું તેની સાથે તારા લગ્ન કરાવી દઈશ, પણ આની સાથે નહીં થવા દઉં. પપ્પા અને મારા ભાઈઓએ સક્ષમને ઘણીવાર ધમકી આપી હતી. આખરે તેને મારી નાખ્યો.' 19 વર્ષની આંચલ મામીડકર આ વાત કહેતાં રડવા લાગે છે. મહારાષ્ટ્રના નાંદેડમાં રહેનારી આંચલ અનુસૂચિત જાતિમાંથી આવતા સક્ષમને પ્રેમ કરતી હતી. આરોપ છે કે 27 નવેમ્બરે આંચલના પિતા અને ભાઈઓએ સક્ષમને ગોળી મારી અને પછી પથ્થરથી કચડીને તેની હત્યા કરી દીધી. ત્યાર બાદ આંચલે સક્ષમના મૃતદેહ સાથે લગ્ન કર્યાં અને અત્યારે તેના જ ઘરે રહી રહી છે. લગ્નનો એક વીડિયો પણ વાઈરલ થયો છે. આંચલ પદ્મશાલી (વણકર) સમુદાયમાંથી આવે છે. આ સમુદાય સ્પેશિયલ બેકવર્ડ ક્લાસમાં આવે છે. સક્ષમનો પરિવાર બૌદ્ધ ધર્મને માને છે. આંચલ જે રૂમમાં મળી ત્યાં દીવાલ પર ડૉ. આંબેડકરની તસવીર લાગી હતી. આંચલે દાવો કર્યો કે સક્ષમ ધર્મ બદલવા માટે તૈયાર હતો, જેથી બંનેનાં લગ્ન થઈ શકે. 'પરિવારે કહ્યું- સક્ષમ સાથે ઝઘડો થયો છે, પછી બીજી જગ્યાએ લઈ ગયા' આંચલ જણાવે છે, '27 નવેમ્બરની સાંજે હું ઘરે હતી. પરિવારે મને જણાવ્યું કે મારા ભાઈઓનો સક્ષમ સાથે ઝઘડો થઈ ગયો છે. સક્ષમને ટાંકા આવ્યા છે. ત્યાર બાદ મને ઘરમાંથી દૂર લઈ ગયા. રાત્રે પોલીસ આવી અને પપ્પાને પકડી લીધા.' 'મને સાંજથી જ લાગી રહ્યું હતું કે કંઈક ખોટું થયું છે. મેં જોયું કે પોલીસે પપ્પાને હથકડી લગાવી છે. ત્યારે મને ખાતરી થઈ ગઈ કે સક્ષમ સાથે કંઈક ખોટું થયું છે. મેં સવારે અખબાર વાંચ્યું તો ખબર પડી કે સક્ષમ હવે નથી રહ્યો.' આંચલના પિતા ગજાનને લવમેરેજ કર્યાં હતા. તેમની પત્ની જયશ્રી રાજપૂત છે. તે પહેલાંથી પરિણીત હતી. સાહિલ તેના પહેલા પતિનો દીકરો છે. આંચલ અને સગીર દીકરો ગજાનનના છે. પિતાની ધરપકડ પછી આંચલે પોતાનું ઘર છોડી દીધું. તે સીધી સક્ષમના ઘરે પહોંચી. ત્યારે સક્ષમના અંતિમસંસ્કારની તૈયારી ચાલી રહી હતી. આંચલે સક્ષમના પરિવારને કહ્યું કે હું હવે મારા ઘરે નહીં રહું. મેં સક્ષમને પ્રેમ કર્યો છે અને હવે તેના મૃતદેહ સાથે લગ્ન કરીશ. આંચલ જણાવે છે, 'પપ્પા અને મારા બંને ભાઈઓ ધમકી આપી રહ્યા હતા કે અમે સક્ષમને મારી નાખીશું. સક્ષમ પપ્પાનું ખૂબ જ સન્માન કરતો હતો. ભાઈઓ તેના સારા મિત્રો હતા. બધાએ મળીને તેને ફોસલાવ્યો, પછી નશો કરાવીને મારી નાખ્યો. તેને ત્રણ ગોળી મારી. પછી માથું કચડી નાખ્યું.' સક્ષમ અને આંચલના પરિવારો એકબીજાને ઓળખતા હતા. એક જૂનો વીડિયો પણ છે, જેમાં સક્ષમ આંચલના પિતા ગજાનન સાથે ડાન્સ કરતો દેખાઈ રહ્યો છે. સક્ષમ આંચલના ઘરે આવતો-જતો હતો, ત્યાં જ આંચલ સક્ષમના ઘરે જતી હતી. આ દરમિયાન જ બંનેને પ્રેમ થયો. આંચલના પિતા ગજાનનને એની જાણ થઈ તો તેઓ ભડકી ગયા. આંચલના જણાવ્યા મુજબ, તેમણે ઘણી વાર ધમકી પણ આપી હતી.

# કવિતા અને કમલી બંને સરખી ઉંમરના હતાં છતાં કમલીનું સ્વપ્ન કેમ જુદું હતું ?



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

સાંપ્રત સમયમાં મોંઘવારી એટલી વધતી જાય છે, સામાન્ય માનવીને બે છેડા ભેગા કરવા બહુ મુશ્કેલ થઈ જાય છે. એમાં પણ શહેરમાં રહેતા માનવીને મહિને જો 25000 થી 30,000 રુપિયા કમાતા હોય તો પણ એનું ઘર માંડમાંડ ચાલે! કારણકે ઘર ભાડું લાઇટબીલ, રાંધણગેસ દૂધ શાકભાજી અને કરિયાણું અને અન્ય સાબુ પેસ્ટ! આ બધું થાય ત્યાં આટલાં તો આરામથી થઈ જાય. આમાં જો બાળકો હોય તો એનો ભણવાનો ખર્ચ, માંદગી નો ખર્ચ અને વ્યવહાર! આ બધું.. અને એટલે જ લગભગ દરેક ઘરમાં પતિ પત્ની બંને કમાણી કરે છે. સ્ત્રી શિક્ષણને સમાજના નાના માં નાના વર્ગ એ બહાલી આપી છે, અભણ શ્રમજીવી મહિલા એવું વિચારે છે કે પોતાની દીકરી ભણીને સારું જીવન વિતાવે, અને એટલે એ પણ નાના મોટા કામ કરીને દિકરીઓને પણ ભણાવતી હોય છે. પણ શિક્ષણ ને કારણે ઘણીવાર શ્રમજીવી વર્ગની છોકરીઓ અન્ય ધનવાન સખી સહેલીઓ સાથે પોતાની સરખામણી કરે છે, અને ત્યારે એની અંતરમાં પણ કેટલાય અરમાન સળવળે છે,ડ અને એની આંખે પણ સુંદર સ્વપ્ન આંખના કાજળ જેમ ચીપકી જાય છે, અને ઘણીવાર આવા કોઈ સપનાં માટે આ પેઢી ગુમરાહ થતી જોવા મળે છે, કોઈ કોઈ તો છોકરી કોલ ગર્લ બને છે, તો કોઈ સ્મગલીંગ પણ કરતા જોવા મળે છે. પણ એવું ન થાય એની માટે આપણી જેમ એને પણ જરુરીયાત હોય, એમ સમજી ક્યારેક કંઈક એનાં મનનાં ભાવ તરંગને આલ્હાદક બનાવી શકે અને ખોટાં માર્ગ પર ચાલી ન નીકળે એ જોવું એ આપણી ફરજ છે. તો ચાલો આજે બુધવારે બોધકથામા આવો જ એક કિસ્સો.

કમલી એક પંદરેક વર્ષની છોકરી હતી, આજે નિશાળમાં રજા હોવાથી શાંતુ એટલે કે તેની મા સાથે કામ કરવા આવી હતી. કમલીને કામિની બેનનાં ઘરે આવવું ગમતું કારણકે કામિની બેનનો સ્વભાવ સારો હતો અને ઘર પણ સુંદર હતું! અને એને રોકટોક કરવા વાળું અહીં કોઈ નહોતું. કામિની બેનની દીકરી કવિતા પણ કમલી જેવડી જ હતી. મા કપડાં વાસણ વગેરે કામ કરવા બેઠી, અને કમલી મા ને મદદ કરવા ઘરમાં કચરા-પોતા કરવા લાગી. એ કચરા પોતા કરતી કરતી કવિતાના રૂમમાં આવી. કવિતા રાત્રે ભણી હોવાથી મસ્ત મજાની નીંદર ખેંચતી હતી. આલીશાન બેડ હતો, રૂમમાં એસી હતું. બાથ ટબ વાળું એટેચ્ડ બાથરૂમ,બાથરૂમમાં પણ એક્ઝોસ ફેન, ફુવારો, જુદા જુદા શેમ્પૂને સાબુની મહેક હજી પણ વર્તાતી હતી. કમલી કવિતા સામે ફરી એકવાર જોઈ રહી અને મનોમન કવિતાનું ભાગ્ય કેટલું સારું છે એવો ભાવ પણ થયો, પછી પોતાનું કામ કરવા લાગી. મનમાં ઘુમરાતા આવા મનઘડંત વિચારોને કારણે કંઈક વસ્તુ સાથે કમલી અથડાણી,અને તેના અવાજથી કવિતા જાગી ગઈ. કમલી ને જોઈ તે ખુશ થઈ ગઈ, અરે વાહ લે તુ



આવી છે, એમ કરીને દોડીને એ પોતાની મમ્મી પાસે પહોંચી ગઈ. કામિની બહેન ને વળગી પડતાં તે બોલી, મમ્મી આજે તો બહુ મસ્ત ડ્રીમ આવ્યું! કામીની બેન પણ દીકરીને એક વ્હાલ ભર્યું ચુંબન કર્યું, અને કવિતા વળી પાછી પોતાના રુમમાં આવી. કવિતા ને જોઈ કમલી બોલી વાહ દીદી!! આજે તો કંઈ બહુ સરસ મૂડમાં છો, કેવા ખીલખીલાતા ગુલાબ જેવા લાગો છો. કવિતા બોલી હા હો! આજે તો બહુ જ સુંદર સ્વપ્ન આવ્યું,સફેદ ઘોડા પર એક સુંદર રાજ કુમાર આવ્યો,ને મને જોઈ ને મારી પ્રશંસા કરી! મને પણ તેને જોઈ ને ખૂબ જ સારી ફીલીંગ થઈ. પછી અમારી બંને વચ્ચે સારી મિત્રતા થઈ ગઈને ધીરે ધીરે પ્રણય રાગ....એમ કરી મોટા કદનાં અરીસામાં પોતાનો ચહેરો જોવા લાગી, અને અચાનક કંઈક યાદ આવતાં તે કમલી તરફ ફરી બોલી હે કમલી!! તું પણ મારી જેવડી જ છો, તને પણ સ્વપ્ન આવતું હશે નહીં!! કમલી ના દીદી મને એવું એક પણ સ્વપ્ન આવતું નથી, અમને એવા સ્વપ્ન જોવા ન પોષાય. મા કહે છે કે અત્યારે તારે ફક્ત ભણવા વિશે જ વિચારવું, અને સપના પણ એના જ જોવા. કવિતા એ કહ્યું કે એવું ન બને તને કોઈક તો સ્વપ્ન આવતું જ હોય, ચાલ સાચું કહે તો!!એમ કરી ઓચિંતાની કમલી ને ગલીપચી કરીને કહ્યું બોલ તો!! કમલી હસી પડી ને કહ્યું સાચું દીદી એવું કોઈ સ્વપ્ન નથી,પરંતુ... એમ કહી ચૂપ થઈ ગઈ. કવિતા બોલી કેમ ચૂપ થઈ ગઈ, મને કહે જોઉં. કમલી હિમ્મત કરીને બોલી દીદી અત્યારે તો એક જ સ્વપ્ન છે, કે આવો આલીશાન બંગલો,બેડ, અને બાથરૂમ હોય એમાં રહેવા મળે બસ.... કવિતા એની સામે જોઈ જ રહી, કે કોઈનું આવું પણ સ્વપ્ન હોઈ શકે,કારણ કે એને તો આ બધું જન્મથી જ મળ્યું હતું. કવિતા વિચારવા લાગી, કે તે કંઈ રીતે કમલીનું સ્વપ્ન પુરૂ કરવામાં તેની મદદ કરે!! અને તે હાથ પકડીને કમલીને પોતાના બાથરૂમમાં લઇ ગઈ, ને ફુવારો ચાલુ કરીને તેને ભીંજવી દીધી ને, બોલી અત્યારે તો હું આટલું જ કરી શકું તેમ છું,એમ બોલતાં તેની આંખ ભીની થઈ ગઈ. કમલી એ તેના મોઢા પર હાથ રાખી દીધો, અને કવિતાને પણ ખેંચી લીધી, અને બંને જણા એક અનન્ય ભાવથી એકબીજા સામે જોતાં રહ્યાં. કવિતાને પછીની જીંદગી કમલીનું સ્વપ્ન યાદ રહી ગયું, અને એણે પોતાની જરૂરિયાત પર કાપ મુકીને કવિતા જેવી બીજી કેટલીય છોકરીઓની જરુરીયાત એવમ શિક્ષણ પર બચત વાપરવાનું નક્કી કર્યું. તો આ છે કમલી જેવી કેટલીય શ્રમજીવી છોકરીનું સ્વપ્ન! મિત્રો તો આ છે આજના સમાજની સચ્ચાઈ જ્યાં એક ને રહેવા આખો મહેલ અથવા આલિશાન બંગલો અને બીજી બાજુ દસ દસ ને રહેવા ચાલીનો એક રુમ! જ્યાં બાથ ટબ તો ઠીક, બાથરૂમ પણ હોતો નથી. તકલીફ તો ત્યાં છે કે ઈશ્વરે બીજું કંઈ આપ્યું હોય કે ન આપ્યું હોય, પણ દિલ અને દિલમાં ઉભરાતા અરમાન તો ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોને પણ છોડતા નથી, અને એને પણ એમ થાય કે મારે પણ આવું બધું હોય! અથવા કાશ મારું ભાગ્ય પણ... ! કમલી હિમ્મત કરીને બોલી દીદી અત્યારે તો એક જ સ્વપ્ન છે, કે આવો આલીશાન બંગલો,બેડ, અને બાથરૂમ હોય એમાં રહેવા મળે બસ.... કવિતા એની સામે જોઈ જ રહી, કે કોઈનું આવું પણ સ્વપ્ન હોઈ શકે,કારણ કે એને તો આ બધું જન્મથી જ મળ્યું હતું. કવિતા વિચારવા લાગી, કે તે કંઈ રીતે કમલીનું સ્વપ્ન પુરૂ કરવામાં તેની મદદ કરે!! અને તે હાથ પકડીને કમલીને પોતાના બાથરૂમમાં લઇ ગઈ, ને ફુવારો ચાલુ કરીને તેને ભીંજવી દીધી ને, બોલી અત્યારે તો હું આટલું જ કરી શકું તેમ છું,એમ બોલતાં તેની આંખ ભીની થઈ ગઈ. કમલી એ તેના મોઢા પર હાથ રાખી દીધો, અને કવિતાને પણ ખેંચી લીધી, અને બંને જણા એક અનન્ય ભાવથી એકબીજા સામે જોતાં રહ્યાં. કવિતાને પછીની જીંદગી કમલીનું સ્વપ્ન યાદ રહી ગયું, અને એણે પોતાની જરૂરિયાત પર કાપ મુકીને કવિતા જેવી બીજી કેટલીય છોકરીઓની જરુરીયાત એવમ શિક્ષણ પર બચત વાપરવાનું નક્કી કર્યું. તો આ છે કમલી જેવી કેટલીય શ્રમજીવી છોકરીનું સ્વપ્ન! મિત્રો તો આ છે આજના સમાજની સચ્ચાઈ જ્યાં એક ને રહેવા આખો મહેલ અથવા આલિશાન બંગલો અને બીજી બાજુ દસ દસ ને રહેવા ચાલીનો એક રુમ! જ્યાં બાથ ટબ તો ઠીક, બાથરૂમ પણ હોતો નથી. તકલીફ તો ત્યાં છે કે ઈશ્વરે બીજું કંઈ આપ્યું હોય કે ન આપ્યું હોય, પણ દિલ અને દિલમાં ઉભરાતા અરમાન તો ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોને પણ છોડતા નથી, અને એને પણ એમ થાય કે મારે પણ આવું બધું હોય! અથવા કાશ મારું ભાગ્ય પણ... !

# થરા માર્કેટ યાર્ડ ખાતે ખેડૂત આસરા-વિસામા શેડનું ખાત મુહૂર્ત કરાયું





યશપાલસિંહ ટી વાઘેલા - થરા

ઓગડ તાલુકાના મુખ્ય મથક થરા માર્કેટ યાર્ડ ખાતે ખેડૂત આસરા-વિસામા શેડનું જિલ્લા ભાજપ પ્રમુખ કિર્તિસિંહ વાઘેલા ના વરદ હસ્તે ખાત મુહૂર્ત કરાયું આ પ્રસંગે બનાસ બેંકના ચેરમેન ડાહ્યાભાઈ પીલીયાતર, માર્કેટયાર્ડ ના ચેરમેન ઈશ્વરભાઈ પટેલ, વા.ચેરમેન કિરીટભાઈ અખાણી બાંધકામ સમિતિના ચેરમેન બાબુભાઈ ચૌધરી,વહેપારી એશો.ના ઉપપ્રમુખ સુરેશભાઈ જોષી સહીત માર્કેટ યાર્ડના ડિરેક્ટર ભેમસંગ જાદવ, નાગજીભાઈ, પ્રવિણભાઈ દેસાઇ ભગવાનભાઈ પટેલ,રમેશભાઈ જોષી,રામાજી ઠાકોર,મુકેશભાઈ જોષી, સેક્રેટરી હસમુખભાઈ ચૌધરી, સંજયભાઈ ચૌધરી, અતુલભાઈ શાહ,શિલ્પેશભાઈ ચૌધરી,મલાભાઈ દેસાઇ, માનસુંગભાઈ પટેલ, જયંતીભાઈ ઠક્કર, દિપકભાઈ ઠક્કર, સચિન ભાઈ જોષી,પાલિકાનાકોર્પોરેટરો, ભાજપના શહેર અને તાલુકાના હોદ્દેદારો, વહેપારીઓ,સહકારી અગ્રણીઓ ની ઉપસ્થિતિમાં ખેડૂત આસરા વિસામા વિશ્રામ શેડનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું. ત્યારે માર્કેટ યાર્ડના ચેરમેન ઈશ્વરભાઈ પટેલે જણાવ્યું હતું કે શિયાળા ઉનાળા ચોમાસામાં આ નવીન વિસામા વિશ્રામ ખેડૂતશેડથી ખેડૂત ભાઈઓને માલ સામાન મૂકવા સહિત અનેક પ્રકારની સારી સગવડ મળશે અને યાર્ડની કામગીરી વધુ ગતિશીલ, સુવ્યવસ્થિત અને આધુનિક બનશે.

# કોઈના પણ આત્માને તમારા કારણે દુઃખના પહોંચે તેની તકેદારી રાખવી તેનું નામ ધર્મ અને કોઈકના આત્માને તમારા ભરોસે હૂંફ અનુભવે તેનું નામ કર્મ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ આજે જોઈએ તો,અંબરીષરાજા હતા, છતાં સેવા જાતે કરે છે. ઘરમાં અનેક નોકરો હતા પણ ઠાકોરજીનો હું દાસ છું, તેની સેવામારે જાતે કરવીજોઈએ એ એમની ભાવના હતી.આવો દાસ્ય ભાવ સેવામાં મુખ્યછે જે ભોજન કરે તેનું પેટ ભરાય છે. તેમ જે ભજન કરે, સેવા કરે તેને જ તેનું ફળ મળે છે. ચાર વસ્તુમાં બદલી નહીં ચાલે ભોજનમાં બદલી નહીં ચાલે.આ ચારે કામ જાતે જ કરવાં પડે છે. ભાગવતમાં સ્પષ્ટ લખ્યું છે કે, અંબરીષ ભગવાનનાં દર્શન કરવા જાય ત્યારે ઊઘાડા પગે ચાલતા જતા. એક વખત તેઓએ ભગવાન શ્રીકૃષ્ણની આરાધના કરવા માટે એક વર્ષ સુધી એકાદશીનું વ્રત સર્વ વ્રતોમાં શ્રેષ્ઠ છે. એકાદશીનું વ્રત ત્રણ દિવસનું છે.દશમના દિવસે એક વખત ભોજન કરવું, દૂધભાત જેવો સાત્ત્વિક આહાર કરવો. દશમને દિવસે અજીર્ણ થાય તેટલું ખાવું નહીં. એકાદશી બને તો નિર્જળા કરો. તેમ ન બને તો દૂધ ઉપર રહેવું. છેવટે ઋતુનાં ફળ ઉપર રહેવું ત્યાં સુધી એકાદશીનું ફળ મળે છે,તેથી આગળ જાઓ તો એકાદશીનું ફળ મળતું નથી. સત્ કર્મમાં પરમાત્મા સહાય કરે છે. લોકો સમજે છે કે, એકાદશી આવી એટલે દિવાળી મળવા આવી. એકાદશીના દિવસે અન્નમાં સર્વ પ્રકારનાં પાપ આવીને વસે છે. અન્ન ખાનારને માથે તે જાય છે. એકાદશીને દિવસે પાન-સોપારી ન ખવાય.દિવસે ન સૂવાય.

પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય અને અગિયારમું મન-આ અગિયાર ઈન્દ્રિયોને પ્રભુમાં પરોવી રાખવી એ એકાદશી. ઉપવાસ એટલે પાસે રહેવું. પ્રભુની સમીપમાં રહેવું.તે ઉપવાસ અને અગિયાર મન. ઈન્દ્રિયોને કાબૂમાં રાખી પ્રભુની સમીપ રહેવું તેનું નામ એકાદશી. બારસને દિવસે એક વખત આહાર કરવો. દ્વાદશીને દિવસે બે વખત ભોજન કરો તો એકાદશીનો ભંગ થાય છે.

આરોગ્યની દૃષ્ટિએ પણ આ વ્રત આવશ્યક છે. આજકાલ લોકો ડૉક્ટરો ઉપર વિશ્વાસ કરે છે પણ વ્યાસ જેવા ઋષિમુનિઓના બોલ ઉપર વિશ્વાસ કરતા નથી. ડૉક્ટર કહે છે કે,ટાઇફૉઇડ થયો છે, એકવીસ દિવસ અનાજ લેવાનું નથી.તો લોકો માનશે કે,એકાદશી ન કરનારને ફરજિયાત આવી સામટી એકાદશી કરવી પડે છે.

અંબરીષ રાજા વિધિપૂર્વક એકાદશી કરે છે. વ્રતનીસમાપ્તિના દિવસે યમુનાના કિનારે આવ્યા. યમુનામાં સ્નાન કર્યું. બ્રાહ્મણોની પૂજા કરી. તેઓ વ્રતનું પારણું કરવાની તૈયારી કરતા હતા.ત્યાં દુર્વાસા મુનિ અતિથિરૂપે આવ્યા. અંબરીષ રાજાએ પ્રાર્થના કરી, મહારાજ! મારે ત્યાં પ્રસાદ ગ્રહણ કરો! દુર્વાસાએ કહ્યું કે,હજી મારું મધ્યાહ્ન કર્મ બાકી છે. આવશ્યક કર્મોથી નિવૃત્ત થઈ હું આવું છું. દુર્વાસા સંધ્યાપૂજા કરવા ગયા ત્યાં પૂજામાં એવા તન્મય થયા કે, સમયનું ભાન રહ્યું નહીં. બારસ પૂરી થવા આવીને તેરસ બેસવાનો વખત થયો. આ તરફ અંબરીષ ચિંતામાં છે. બ્રાહ્મણને જમવાનું આમંત્રણ આપ્યું છે,બ્રાહ્મણને જમાડયા પહેલાં જમાય નહીં. બીજી બાજુ,બારસ પૂરી થવાને હવે થોડી પળ બાકી છે અને તેરસ પહેલાં પારણાં કરવાનો નિયમ લીધેલો છે.તેમાં ભંગ થાય તો વ્રત ભંગ થાય છે. એટલે રાજાની ચિંતાનો પાર નથી રાજાએ બ્રાહ્મણોની સલાહ લીધી બ્રાહ્મણોના કહેવાથી રાજાએ



જળપાન કરી પારણાં કર્યાં.

મોડા મોડા નિત્ય કર્મોથી પરવારી દુર્વાસા આવ્યા.રાજાએ જળપાન કર્યાંનું જાણી દુર્વાસાએકહ્યું,રાજા તેં મને આમંત્રણ આપ્યું,પણ અતિથિ પહેલાં તેં પારણાં કરી લીધાં તે યોગ્ય નથી. આ તારી વિષ્ણુભક્તિ કેવી?રાજા કહે,મેં કેવળ જળપાન કર્યું છે. દુર્વાસાએ તો ક્રોધમાં કાંઈ સાંભળ્યું નહીં. ક્રોધમાં મનુષ્યને કંઈ સાનભાન રહે નહીં. ઋષિ હોય તો યે શું? દુર્વાસાએ તો કેશમાંથી કૃત્યા ઉત્પન્ન કરી, કૃત્યાને હુકમ કર્યો, રાજાને માર.

કૃત્યા અંબરીષને મારવા લાગી. અંબરીષે પ્રભુને યાદ કર્યા. તરત ત્યાં સુદર્શન ચક્ર આવ્યું. કૃત્યાને મારી નાંખી. સુદર્શન ચક્ર દુર્વાસાને મારવા દોડયું. દુર્વાસા સર્વલોક ફરી વળ્યા પણ ચક્ર પીછો છોડતું નથી.દુર્વાસા દોડતાદોડતા વૈકુંઠમાં ગયા.નારાયણ કહે,આવો આવો મહારાજ! દુર્વાસા કહે, શું આવું? તમારું ચક્ર મારી પાછળ પડેલું છે. મારી રક્ષા કરો! ભગવાન કહે છેકે,વૈષ્ણવોઅનન્ય ભાવથી મારી સેવા કરે છે, અને પોતાનું સર્વસ્વ મને આપે છે,તેથી મારું સર્વસ્વ હું વૈષ્ણવોને આપું છું. સુદર્શનચક્ર હવે મારી આજ્ઞામાં નહીં,પણ અંબરીષની આજ્ઞામાંછે હું તો ભક્ત પરાધીન છું,મુદલે સ્વ તંત્ર નથી.મારું હૃદય ભક્તોના કબજા માંછે.હું એમને આધીન છું . આજે આપણે છેલ્લે જોઈએ તો એક સમયે,ટીનુ નામની એક છોકરી જેને શાળાના કાર્યોમાં ખૂબ રસ હતો!આ વર્ષે,ઉનાળા ની રજાઓ શરૂ થાય તે પહેલાં, તેના શિક્ષકે બધાને વિવિધ પક્ષીઓના ચિત્રો બતાવ્યા અને તેમના પર નિબંધો લખવા કહ્યું. શાળા ખુલતાની સાથે જ બધા વિદ્યાર્થીઓએ શિક્ષકને નિબંધો બતાવવાના હતા.ટીનુને રંગબેરંગી પક્ષીઓનું પુસ્તક ખૂબ ગમ્યું. જ્યારે શિક્ષકે તેમને કહ્યું કે તે આ પક્ષી પૈકી એક પર નિબંધો લખી લાવે,જે નિબંધ શ્રેષ્ઠ હશે તેને આ પુસ્તક ઈનામ રૂપે મળશે, ત્યારે ટીનુ ખુશ થઈ ગઈ. શિક્ષકે બાળકોને બધા પક્ષીઓ સાથે સંબંધિત કેટલીક વાર્તાઓ પણ કહી.તે પછી, શાળાની ઉનાળાની રજાઓ આવી.સામાન્ય રીતે, ટીનુએ તેનું ઉનાળાનું વેકેશન ક્યાંક વિતાવ્યું.પરંતુ આ વર્ષે, રજાઓ દરમિયાન,ટીનુ દરરોજ નજીકના બગીચામાં પક્ષીઓ અને તેમના માળાઓનું નિરીક્ષણ કરવા જતી.બગીચામાં ચકલી, દરજીડો અને બગલા જેવા અસંખ્ય પક્ષીઓ રહેતા હતા. ટીનુએ બગીચામાં આવતા દરેક પક્ષીને ઓળખવાનો પ્રયાસ કર્યો અને તેમને નજીકથી નિહાળ્યા.

ટીનુએ ઘાસ,પાંદડા,પીંછા વગેરે ભેગાં કરીને દરેક પક્ષીને માળો બનાવતા જોયા.તેને આશ્ચર્ય થયું કે માળો બનાવવા માટે કેટલા પક્ષીઓના પીંછાં ઘાસ,પાંદડા જરૂર છે.તે ખૂબ મહેનત માંગી લે છે. ટીનુ કોઈક રીતે તે પક્ષીઓને મદદ કરવા માંગતી હતી. એક દિવસ, ટીનુએ જોયું કે નજીકના બગીચામાં કેટલાક તોફાની છોકરાઓએ બગલાનો મળો તોડી નાખ્યો. ટીનુ આનાથી ખૂબ જ દુ:ખી થઈ. તેને વિચાર્યું કે, શા માટે તેમના માટે એક-બે માળાઓ પોતે ન બનાવે?કદાચ તેઓ તેનો ઉપયોગ કરશે.

ટીનુએ વિચાર્યું કે પોતે થોડા સમયમાં પક્ષી જેવી માળો તૈયાર કરી લેશે.પરંતુ ટીનુએ આખો દિવસ ઘાસ અને અન્ય સામગ્રી થી માળો બનાવવા પ્રયત્ન કર્યો . જ્યારે ખૂબ જ મહેનત કરી માળો તૈયાર કર્યો, ત્યારે તેને ઝાડ મુકવા કોશિષ કરી પણ કંઈ મળ્યું નહીં.

ટીનુની માતા આ બધું જોઈ રહી હતી.પછી ટીનુએ કહ્યું, મામમી જો, મેં પક્ષી માટે માળો બનાવ્યો છે. પણ તે પક્ષીઓના માળાઓ જેટલો સુંદર નથી. મેં વિચાર્યું હતું કે એક સુંદર માળો બનાવવો સરળ હશે, પરંતુ તે બન્યો નહીં. આ માળો અંદરથી ખૂબ જ કઠણ છે.શું તું તેને મુલાયમ બનાવી આપીશ?'

ટીનુની માતાએ થોડી મહેનત કરીને માળો ઠીક કર્યો, ત્યારબાદ ટીનુએ તેને ઝાડ પર બગલાએ બનાવ્યો તે રીતે મુક્યો પછી

બગીચામાં બેસીને, ટીનુ બગલા આવવાની રાહ જોતી રહી,પરંતુ બગલા ટીનુએ બનાવેલા માળામાં આવ્યા જ નહીં. ટીનુની માતા પણ તેની સાથે બગીચામાં આવી હતી. ટીનુને ઉદાસ જોઈને તેણે કહ્યું, 'ચિંતા ના કર,પક્ષીઓ જલ્દી જ પોતાના માળામાં આવી જશે.'તે જ સમયે, એક બગલો આવ્યો અને ટીનુએ બનાવેલા માળાને તોડી નાખ્યો. ટીનુ દેખીતી રીતે ગુસ્સે થઈ ગઈ. પછી તેની માતાએ સમજાવ્યું કે તેને ઉદાસ ના થઇશ. જો બગલા તે જે વસ્તુઓનો ઉપયોગ કર્યો છે તેનો ઉપયોગ કરીને પોતાના મળો બનાવી રહ્યા છે. કદાચ તેમને બીજાઓ દ્વારા બનાવેલા માળાઓ પસંદ ન હોય. દુઃખી મનથી ટીનુએ કહ્યું, 'મમ્મી, હું આ બધા વિશે મારા શાળાના નિબંધમાં લખીશ.'

થોડી વાર પછી, ટીનુએ કહ્યું, 'મમ્મી, શું તમે ઝાડીઓમાં બગલાઓને માળા બનાવતા જોયા છે..?'

, ટીનુની માતાએ કહ્યું, 'હા, બેટા, મેં સાંભળ્યું હતું કે બગલાઓ ફક્ત ઝાડ પર જ માળા બનાવે છે. આજે મને આ નવી વાત શીખવા મળી.'

થોડા દિવસો પછી, ટીનુને બગલાઓ વિશે બીજી એક વાત શીખવા મળી: તેઓ સીધા તેમના માળામાં ઉડતા નથી. તેઓ માળાથી થોડે દૂર રોકાઈ જાય છે અને તેમના માળામાં પહોંચવા માટે કૂદી પડે છે.તેઓ માળામાં પહોંચી જાય છે જેથી કોઈ તેમનો માળો શોધી ન શકે.

થોડા દિવસોમાં,શાળાનું ઉનાળાનું વેકેશન પૂરું થઈ ગયું. ટીનુ શાળા એ ગઈ અને બગલાઓ વિશે લખ્યું તે નિબંધ સ્પર્ધામાં પ્રથમ આવી. ટીનુને તેનું પ્રિય પક્ષી પુસ્તક ઈનામ તરીકે મળતાં ખૂબ આનંદ થયો.

સ્પર્ધા જીત્યા પછી પણ, ટીનુ દરરોજ તે બગીચામાં જાય છે અને પક્ષીઓનો કિલકિલાટ સાંભળવા કલાકો સુધી બેસે છે. જાણે તે પક્ષીઓ સાથે મિત્ર બની ગઈ હોય.વાચક ચાહક મિત્રો ઉપરોક્ત ઘટના આપણને શીખવે છે કે આપણે નાની નાની બાબતો પર દુઃખી ન થવું જોઈએ. આપણી આસપાસની વસ્તુઓનું અવલોકન કરીને,આપણે ઘણી નવી વસ્તુઓ જાણી શકીએ છીએ. ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# અમદાવાદ મંડળે નવેમ્બર 2025માં રેકોર્ડ રૂ. 800 કરોડથી વધુની આવક પ્રાપ્ત કરી

## રાજસ્વમાં 15.88%નો ઐતિહાસિક વધારો, માલવહન રાજસ્વ સર્વકાલીન ઉચ્ચ સ્તરે

**અમદાવાદ, તા. 15**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે નવેમ્બર 2025માં ઉત્કૃષ્ઠ કામગીરી દર્શાવીને એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. મંડળે નવેમ્બર 2025માં કુલ 806.68 કરોડની આવક પ્રાપ્ત કરી, જે ગયા વર્ષની આ જ મહિનાના પ્રદર્શન કરતાં 15.88% વધુ છે. નવેમ્બર 2025 ની સિદ્ધિઓ સર્વોત્તમ માલવહન આવક: મંડળે 628.68 કરોડની ઉત્તમ માલવહન આવક (Goods Revenue) હાંસલ કરી છે. આ નાણાકીય વર્ષના નવેમ્બર 2025 મહિનામાં અત્યાર સુધીનું સર્વોત્તમ પ્રદર્શન છે, જે નવેમ્બર 2024ની માલવહન આવક 554.65 કરોડ કરતાં 13.35% વધુ છે.





OCH (અન્ય કોચિંગ આવક) માં મહત્વપૂર્ણ વધારો: અન્ય કોચિંગ (OCH) રાજસ્વ 25.50 કરોડ રહી, જે ગયા વર્ષે નવેમ્બર 2024 ની OCH રાજસ્વ 16.20 કરોડથી 57.41% વધુ છે. મુસાફર ટ્રાફિકમાં વધારો: નવેમ્બર 2025 માં મંડળમાંથી 34.90 લાખ મુસાફરોએ મુસાફરી કરી, જેના પરિણામે 152.59 કરોડનું આવક પ્રાપ્ત થઈ, જે ગયા વર્ષેના 125.28 કરોડની તુલનામાં 21.80% નો નોંધપાત્ર વધારો દર્શાવે છે. ટિકિટ નિરીક્ષણ આવક: ટિકિટ નિરીક્ષણ આવકમાં પણ સુધારો થયો છે, જે 2.43 કરોડ સુધી પહોંચી ગઈ છે, જે ગયા વર્ષની 1.82 કરોડની સરખામણીએ 33.52% વધુ છે.BDU (બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટ) ના પ્રયાસો: બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટ (BDU) ના અવિરત પ્રયાસોના પરિણામરૂપ, પાંચ માલ વહન ટર્મિનલોએ પોતાનો અત્યાર સુધીનો શ્રેષ્ઠ માસિક માલ વહન આવકનો આંક નોંધાવ્યો છે.

ચંડીસર (ATGC) ખાતે મેસર્સ અલ્ફા ટર્મિનલ પ્રાઈવેટ લિમિટેડનું GCT: 3.36 કરોડ.

મેસર્સ નવકાર કોર્પોરેશન લિમિટેડ (NCLW) નો GCT: 10.43 કરોડ.

મેસર્સ કૉન્ટિનેન્ટલ વેરહાઉસિંગ કોર્પોરેશન (CWCJ) ન્હાવા શેવા: 5.29 કરોડ.

સણોસરા માલ ટર્મિનલ (SNSR): 9.62 કરોડ.

શિરવા માલ ટર્મિનલ (SRVA): 11.37 કરોડ.

નવા યાતાયાત સ્ટ્રીમ અને નવીનતા

નવું ઉત્પાદન (New Commodity): પ્રથમ વખત ડેડિકેટેડ રેફ્રિજેરેટેડ "રીફર" કન્ટેનર રેકને સફળતાપૂર્વક MHPL-સાણંદથી પિપાવાવ બંદર માટે લોડ કરી રવાનગી અપાઈ, જેના પરિણામે 6.57 લાખનું આવક પ્રાપ્ત થઈ, નવું પ્રારંભિક બિંદુ (New Originating Point): ગાંધીધામ (GIMB) થી આજરા (AZA), એન.એફ. રેલવે માટે મિશ્રત માલનો નવો રેક લોડ કરવામાં આવ્યો, જેનાથી 85.75 લાખનું આવક પ્રાપ્ત થઈ. નવા ગ્રાહકો અને આવક: સાણોસરા પરથી નાગદા અને ગઢવા રોડ ખાનગી સાઈડિંગ માટે ઔદ્યોગિક મીઠાના ચાર રેક લોડ કરવામાં આવ્યા, જેના દ્વારા 2.34 કરોડનું આવક પ્રાપ્ત થઈ. કાંડલા પોર્ટ અને કાંડલા પોર્ટ ડોક રેલ ટર્મિનલથી એનપીકે ખાતરના બાર રેકમાંમાંથી છ-છ રેક લોડ કરવામાં આવ્યા, જેના પરિણામે 5.30 કરોડ ની આવક થઈ. સનોસરા પરથી બે બેન્ટોનાઈટના રેક BOST વૈગનમાં રંગાળી (પૂર્વ તટીય રેલવે) તેમજ કરિગનુરુ (દક્ષિણ પશ્ચિમ રેલવે)ની પ્રાઈવેટ સાઈડિંગ માટે લોડ કરવામાં આવ્યા, જેના પરથી 1.30 કરોડનું આવક પ્રાપ્ત થઈ. ટિકિટ ચેકીંગ આવક, અમદાવાદ સ્ટેશને ત્રણ ફોર્ટ્રેસ ચેકિંગ યોજાઈ હતી, જેમાં 31 ટિકિટ ચેકિંગ સ્ટાફ સામેલ હતા. આ તપાસોમાં 657 બિનમાન્ય મુસાફરોના કેસો મળી આવ્યા હતા અને તેમની પાસેથી 4.42 લાખનો દંડ વસૂલવામાં આવ્યો હતો. અમદાવાદ, મહેસાણા, ગાંધીધામ, પાલનપુર, સાબરમતી, મણિનગર અને વિરમગામ ખાતે આઠ વિશેષ ફોર્ટ્રેસ ચેકિંગ યોજાઈ હતી, જેમાં 2015 બિનમાન્ય મુસાફરોના કેસ ઝડપી લેવામાં આવ્યા અને તેમની પાસેથી રૂ.14.49 લાખનો દંડ વસૂલવામાં આવ્યો. નવેમ્બર 2025માં ટિકિટ ચેકિંગ દ્વારા 2.43 કરોડનું આવક પ્રાપ્ત થઈ, જે 0.33 લાખ કેસ પર આધારિત છે. આ 2.35 કરોડના લક્ષ્યાંકથી 3.40% વધારે છે. રેલવે પરિસરોને ગંદા કરનારા મુસાફરો સામે અભિયાન ચાલુ રાખતાં, ધારા 198 અંતર્ગત 349 કેસોમાં એન્ટી-લિટરિંગ અને એન્ટી-થૂંકવા માટેનો દંડ વસૂલ કરવામાં આવ્યો, જેની રકમ 0.68 લાખ છે. વ્યાપાર આઉટરીચ અને બિન-ભાડા આવક (NFR)" લોજિસ્ટિક્સને પ્રોત્સાહન: મંડળ રેલ પ્રબંધક (DRM) એ 27.11.2025ના રોજ કચ્છ વિસ્તારમાં રેલ લોજિસ્ટિક્સને વિકસિત કરવા અને માલવહનની અવરજવર મજબૂત કરવા માટે ગાંધીધામ ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સાથે બેઠક યોજી. જેનો લક્ષ્ય 50 મેટ્રિક ટન યાતાયાત પ્રાપ્ત કરવાનો છે. બિન-ભાડા આવક (NFR): નોન-ડિજિટલ જાહેરાત બોર્ડ અને હોર્ડિંગ્સ માટે ઈ-હરાજી દ્વારા 2.10 કરોડની સંપતિ ફાળવવામાં આવી. મહેસાણા રેલવે સ્ટેશન પર પાર્કિંગ સ્થળની 03 વર્ષની અવધિ માટે ઈ-હરાજી 0.31 કરોડના કરાર મૂલ્યે ફાળવવામાં આવી.

# વગેલા ગામે AAP કાર્યકર સામે મહિલા પર હુમલો અને ધમકીઓનો આરોપ

**અમદાવાદ, તા. 15**

ઝાલોદ તાલુકાના વગેલા ગામે ૨૪ નવેમ્બર ૨૦૨૫ની રાત્રે આશરે ૧૦ વાગ્યે થયેલી ઘટનામાં દાહોદ જિલ્લાના ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના થાળા ગામના આમ આદમી પાર્ટી (AAP)ના કાર્યકર રાજેશભાઈ રમેશભાઈ ડામોર અને તેમની સાથેના ત્રણ વ્યક્તિઓ વિરુદ્ધ ગંભીર આરોપો સાથે ફરિયાદ નોંધાઈ છે. વગેલા ગામની ૫૦ વર્ષીય મહિલાએ ચાકલીયા પોલીસ સ્ટેશનમાં કરેલી ફરિયાદ મુજબ, આરોપીઓ રાત્રે તેમના ઘરે પહોંચ્યા હતા અને "અમારી છોકરી કેમ સોંપતા નથી" એવું કહી મહિલાને અપશબ્દો બોલી અભદ્ર વર્તન કર્યું હતું. ફરિયાદ મુજબ, મહિલાને શરીરે ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી. પોલીસ ફરિયાદ નોંધાઈ ગઈ છે અને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. રાજકીય પૃષ્ઠભૂમિ અને વિશ્લેષણ, આ ઘટના માત્ર ઘરેલુ




વાદ-વિવાદ અથવા વ્યક્તિગત રંજિશનો મુદ્દો નથી, પરંતુ તેમાં સ્પષ્ટ રાજકીય પરિબળો જોડાયેલા દેખાઈ રહ્યા છે. ફરિયાદમાં નામિત મુખ્ય આરોપી રાજેશભાઈ ડામોર આમ આદમી પાર્ટીના કાર્યકર છે. થોડાં દિવસો અગાઉ લીમડી નજીક ડુંગરી ગામે ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાની જાહેર સભામાં આ જ કાર્યકરે AAPનો ખેસ પહેરી હાજરી આપતાં તેમની રાજકીય ચર્ચા વધી હતી. તેના થોડા દિવસોમાં જ તેમના પર ગંભીર ફોજદારી ફરિયાદ નોંધાતા રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ થઈ ગઈ છે. કેટલાક સ્થાનીક રાજકીય નિરીક્ષકો આ ઘટનાને રાજકીય તણાવ, પક્ષીય સ્પર્ધા અને સ્થાનીક સ્તરે વધતા વિરોધ-સમર્થનના સંબંધો સાથે જોડીને જોઈ રહ્યાં છે. રાજકીય રીતે સક્રિય વિસ્તારોમાં નાના વિવાદો પણ મોટા રાજકીય રૂપ લઈને આગળ વધતા હોય છે. આ કેસમાં પણ ફરિયાદ, રાજકીય ઓળખ અને તાજેતરના રાજકીય કાર્યક્રમો વચ્ચેનો સંયોગ અનેક પ્રશ્નો ઊભા કરે છે. જોકે પોલીસ તપાસથી જ સ્પષ્ટ થઈ શકશે કે આ ઘટના વાસ્તવમાં રાજકીય રંજિશનું પરિણામ છે કે વ્યક્તિગત મતભેદનું. ચાકલીયા પોલીસ સ્ટેશન તપાસ શરૂ કરી ચૂકી છે, અને આગળના દિવસોમાં વધુ વિગતો બહાર આવવાની શક્ય.

# ધાનપુર પીપેરો ખાતે દાહોદ જિલ્લાકક્ષાનો (ખેલ મહાકુંભ) કબ્બડી રમત ની સ્પર્ધા યોજાઈ

**અમદાવાદ, તા. 15**

પ્રાપ્ત માહિતી મુજબ તા.29/11/2025 ના રોજ ધાનપુર તાલુકા ના પીપેરો ખાતે કબ્બડ્ડી ની સ્પર્ધા યોજાઈ જેમાં જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ ઑફ એકસીલેન્સ દેવગઢ બારીયા શાળાની બહેનોએ સમગ્ર દાહોદ જિલ્લામાં U-14 માં પ્રથમ નંબર તથા U-17 માં દ્વિતીય નંબર મેળવી શાળાનું અને વિભાસ ટ્રસ્ટ દેવગઢબારિયાનું ગૌરવ વધારતા મેનેજિંગ ટ્રસ્ટી શ્રીમંત મહારાજા તુષારસિંહસિંહજી બાબાસાહેબ, શાળાના MD/CEO તપનભાઈ



પટેલ, કેમ્પસ ડાયરેક્ટર પ્રેક્ષાબેન પટેલ આચાર્ય શ્રી હિતેશભાઈ રાઠોડ તથા ફતેસિંહ ચૌહાણ, કોચ શ્રી સુરેશભાઈ ભુરીયા , માર્ગદર્શક શિક્ષકશ્રી છેલરાજ ભાઈ, સોનલબેન તથા સમગ્ર શાળા પરિવારે ઝોનકક્ષાની રમત મા સ્થાન મેળવવા માટે શુભેચ્છાઓ આપી.

# ઝાલોદમાં 36 BLOનું સન્માન: મતદાર ગણતરી ફોર્મનું 100% ડિજિટાઈઝેશન સમય પહેલાં પૂર્ણ કરીને રચ્યો નવીન માપદંડ

**અમદાવાદ, તા. 15**

પ્રાંત અધિકારી એ.કે. ભાટિયા અને મામલતદાર શૈલેન્દ્ર પરમાર દ્વારા શ્રેષ્ઠ કામગીરી બદલ પ્રમાણપત્ર આપી બૂથ લેવલ ઓફિસર્સને બિરદાવાયા, ઝાલોદ 130 વિધાનસભા ક્ષેત્રમાં ભારતના ચૂંટણી પંચ તથા મુખ્ય નિર્વાચન અધિકારી ગુજરાત રાજ્યના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલા મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત ઉત્તમ કામગીરી કરનારા *36 બૂથ લેવલ ઓફિસર્સ (BLO)*નું આજે સન્માન કરવામાં આવ્યું હતું. મતદાર નોંધણી અધિકારી અને પ્રાંત અધિકારીશ્રી એ.કે. ભાટિયા, તેમજ મામલતદાર શૈલેન્દ્ર પરમારની આગેવાની હેઠળ તમામ 36 BLOઓને કામગીરીનું 100 ટકા ડિજિટાઈઝેશન સમય પહેલાં પૂર્ણ કરવા બદલ શ્રેષ્ઠતા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. પ્રાંત અધિકારીશ્રી એ.કે. ભાટિયાએ BLOઓને અભિનંદન પાઠવતા જણાવ્યું કે–"સમય પહેલાં કામગીરી આયોજનબદ્ધ રીતે પૂર્ણ કરવી એ પ્રશંસનીય કામગીરી છે. આપ સૌએ ઝાલોદ વિધાનસભાને રાજ્ય સ્તરે ઉત્તમ કામગીરીની શ્રેણીમાં સ્થાન અપાવ્યું છે." આ તકે તેમણે BLOઓ પાસેથી ઝડપી કામગીરી પાછળની તેમની યોજના, મહેનત અને અપનાવેલી વ્યૂહરચના અંગે વિગતવાર માહિતી મેળવી હતી.

# સેવા, સમર્પણ અને સખાવત થકી રાષ્ટ્રનિર્માણમાં મહામૂલું યોગદાન આપતો પારસી સમુદાય

**અમદાવાદ, તા. 15**

અમદાવાદમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં પારસી ધર્મગુરુઓનો ગૌરવપૂર્ણ સન્માન સમારંભ યોજાઈ ગયો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના હસ્તે પારસી ધર્મગુરુઓનું સન્માન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે રાષ્ટ્રનિર્માણમાં પારસીઓનું મહામૂલું યોગદાન રહ્યું છે અને સખાવતનું બીજું નામ પારસી છે. મુખ્યમંત્રીશ્રીએ પારસી સમાજની સેવા અને સમર્પણની ભાવનાની સરાહના કરી હતી. આ સન્માન સમારંભનું આયોજન અરીઝ ખંભાતા બનેવોલન્ટ ટ્રસ્ટ (AKBT) દ્વારા કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી પીરુઝ ખંભાતાએ જણાવ્યું હતું કે આ કાર્યક્રમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકાસ ભી, વિરાસત ભી'ના મંત્રને સાકાર કરે છે. AKBT આરોગ્ય, શિક્ષણ અને સમાજ કલ્યાણના ક્ષેત્રોમાં વંચિત સમુદાયના ઉત્થાન માટે સમર્પિત છે અને HIV ગ્રસ્ત લોકોના કલ્યાણ માટે પણ નોંધપાત્ર કાર્ય કરે છે. આ પ્રસંગે ટ્રસ્ટે પારસી સમાજમાં ધાર્મિક શિક્ષણમાં આગળ વધતા યુવાનો માટે નવી શિષ્યવૃત્તિની જાહેરાત પણ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ તકે પારસી સમાજના દિગ્ગજો જેવા કે મેડમ ભિખાઈજી કામા, હોમી ભાભા, તાતા, વાડિયા, ગોદરેજ પરિવારો, ફિલ્ડ માર્શલ સામ માણેકશા વગેરેના રાષ્ટ્ર નિર્માણના યોગદાનને યાદ કર્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે પારસી સમાજના પૂર્વજોએ ભારતમાં આવીને ભગવદ્ ગીતાનો 'સ્વધર્મ'નો સંદેશ આત્મસાત્ કર્યો છે અને તેઓ ગુજરાતના સામાજિક જીવનમાં દૂધમાં સાકરની જેમ ભળી ગયા છે. બે દિવસીય કાર્યક્રમ અંતર્ગત સન્માન સમારંભ ઉપરાંત અન્ય વિવિધ આકર્ષણોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. નવી પેઢી તેમની પરંપરા અને સંસ્કૃતિ પ્રત્યે જાગૃત થાય તે હેતુથી નાટક, મ્યુઝિક અને કોમેડી જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. આ સમારોહમાં દેશભરમાંથી પારસી સમાજના અગ્રણીઓ, વડા દસ્તુરજીઓ અને સામાજિક સંસ્થાઓના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સરદાર પટેલે સિંધ-પાકિસ્તાનથી આવેલા સિંધીઓને ભારતમાં ક્યાં-ક્યાં વસાવ્યા ?

## 'સિંધુ રિસેટલમેન્ટ કોર્પોરેશન' અને 'દિલ્હી ઈમરજન્સી કમિટી' થકી સરદાર નગર-કુબેરનગર (અમદાવાદ), ગાંધીધામ (કચ્છ), ઉલ્લાસનગર (થાણે), હૈદરાબાદ, બેંગલોર, દિલ્લી અને ઇંદોરમાં સિંધી વસાહતો સ્થાપિત થઈ

**અમદાવાદ, તા. 15**

માનવ ઈતિહાસના વિવિધ અધ્યાયોમાં લોકોની હિજરત-માઈગ્રેશનનું પ્રકરણ ન ગમે તેવું છતા કાયમી રહ્યું છે. જનસમુહોએ ક્યાંક સ્વૈચ્છાએ, ક્યાંક નવા વિસ્તારોની શોધમાં તો મોટાભાગે પ્રકૃતિના પ્રકોપ અને અત્યાચારોથી બચવા હિજરત-સ્થાળાંતર કર્યું છે. હિજરત જે-તે વિસ્તારોમાં ડેમોગ્રાફિક બદલાવ લાવે છે. ઘણીવાર વસાહતીઓની સંખ્યા વધી જતા મૂળ નિવાસીઓ લઘુમતિમાં આવી જતાં હોય છે. અમેરિકા અને ઑસ્ટ્રેલિયા જેવાં દેશો તો સંપૂર્ણપણે ઈમિગ્રન્ટ્સ, વસાહતીઓથી બનેલા છે.

૧૯૪૭માં બૃહદભારતનું વિભાજન લાખો લોકોની હિજરત, અત્યાચાર, કરુણાંતિકાઓ અને કલ્પાંતનું નિમિત બન્યું હતું. લાખો લોકો પોતાની માતૃભૂમિ છોડવા મજબુર બન્યા હતા જેમાં પાકિસ્તાનના સિંધ પ્રાંતથી ભારત આવેલા સિંધીઓ પણ સામેલ હતા. ૧૯૪૮ના પહેલા છ મહિનામાં ૧૦ લાખ સિંધીઓ પાકિસ્તાનથી હિજરત કરીને ભારત આવ્યા અને ૦૪ લાખ સિંધીઓ સિંધમાં જ રહી ગયા હતા. સિંધના લોકોને ભારત લાવવામાં અને પુનર્વસનમાં સરદાર પટેલની ખૂબ જ મહત્વની ભૂમિકા રહી હતી. સરદાર પટેલે ઘણી જગ્યાએ ખૂબ મોટાપાયે સાધનસામગ્રી સાથે રેફ્યૂજી કેમ્પની સ્થાપના કરી હતી. સરદાર પટેલે પાકિસ્તાની સમકક્ષ નેતાઓ સાથે સંવાદ સ્થાપીત કરી અને બોર્ડર વિસ્તારમાં પ્રવાસ કરી મોટા પાયે થતી હિંસાને નાથીને શાંતિની સ્થાપના કરી હતી. ઉપરાંત હિંસા ન ભડકે તે હેતુથી પાકિસ્તાનમાં થતા અત્યાચારના પ્રેસ રિપોર્ટ પણ જાહેર ન થવા દીધા હતા. પાકિસ્તાનથી આવેલા ઘણા બધા સિંધી પરિવારો અમદાવાદના કુબેરનગર તથા સરદારનગરમાં વસવા લાગ્યા. આ વિસ્તારના સૈન્ય બેરેકો અને રેફ્યૂજી કેમ્પના માધ્યમથી તેઓને સ્થાયી થવામાં ખૂબ મદદ મળી. આ પુનર્વસનમાં સરદાર પટેલનો સિંહ ફાળો હતો. એમની સાથે એમના મિત્ર શ્રી લાલાકાકા પણ આ કામમાં દિવસ-રાત લાગી ગયા હતા. સરદાર પટેલે અનેક સિંધીઓને નાના-નાના વ્યાપાર તથા રેલવે સ્ટેશન પર ફેરી કરવાનું સૂચવી આત્મનિર્ભર બનવા પ્રેર્યા હતા. આદિપુર-ગાંધીધામમાં પણ પશ્ચિમ-પાકિસ્તાનથી ખૂબ મોટી સંખ્યામાં સિંધીઓ ગુજરાત તરફ આવ્યા હતા. કચ્છમાં સરદાર પટેલે ખૂબ મહેનત કરીને ત્યાંના રાજા મહારાવ શ્રી સર વિજયરાજજી ખેંગારજી બહાદુર પાસેથી બહુ મોટી ૧૫,૦૦૦ એકર (૬૧ સ્ક્વેર કિલોમીટર) જમીન લઈ 'સિંધુ રિસેટલમેન્ટ કોર્પોરેશન'ની રચના કરી. આચાર્ય કૃપલાણીને તેના ચેરમેન તથા ભાઈ પ્રતાપ દયાલને તેના મેનેજિંગ ડાયરેક્ટર બનાવ્યા. એ વખતના ખૂબ સુંદર આયોજનના લીધે આજે ગુજરાતમાં આદિપુર તથા ગાંધીધામ શહેરમાં હજારો સિંધી પરિવાર સ્થાપિત થઈ શક્યા હતા. ભારતીય સિંધુ સભાના રાષ્ટ્રીય મંત્રી ડૉ. અનીલ ખત્રીના જણાવ્યા મુજબ સરદાર પટેલની અધ્યક્ષતામાં 'દિલ્હી ઈમરજન્સી કમિટી'ની રચના કરવામાં આવી હતી અને તમામ જ્ઞાતિના લોકોને ન્યાયપૂર્વક પુનર્વસન કરવાની તક આપી હતી. સિંધી સમાજ માટે પણ ત્યાં એક સરદારનગર વિસ્તારની રચના કરવામાં આવી હતી. સિંધના લોકોને ભારત લાવવામાં અને પુનર્વસનમાં સરદાર પટેલની ખૂબ જ મહત્વની ભૂમિકા રહી હતી. સરદાર પટેલે ઘણી જગ્યાએ ખૂબ મોટાપાયે સાધનસામગ્રી સાથે રેફ્યૂજી કેમ્પની સ્થાપના કરી હતી. સરદાર પટેલે પાકિસ્તાની સમકક્ષ નેતાઓ સાથે સંવાદ સ્થાપીત કરી અને બોર્ડર વિસ્તારમાં પ્રવાસ કરી મોટા પાયે થતી હિંસાને નાથીને શાંતિની સ્થાપના કરી હતી. ઉપરાંત હિંસા ન ભડકે તે હેતુથી પાકિસ્તાનમાં થતા અત્યાચારના પ્રેસ રિપોર્ટ પણ જાહેર ન થવા દીધા હતા. પાકિસ્તાનથી આવેલા ઘણા બધા સિંધી પરિવારો અમદાવાદના કુબેરનગર તથા સરદારનગરમાં વસવા લાગ્યા. આ વિસ્તારના સૈન્ય બેરેકો અને રેફ્યૂજી કેમ્પના માધ્યમથી તેઓને સ્થાયી થવામાં ખૂબ મદદ મળી. આ પુનર્વસનમાં સરદાર પટેલનો સિંહ ફાળો હતો. એમની સાથે એમના મિત્ર શ્રી લાલાકાકા પણ આ કામમાં દિવસ-રાત લાગી ગયા હતા. સરદાર પટેલે અનેક સિંધીઓને નાના-નાના વ્યાપાર તથા રેલવે સ્ટેશન પર ફેરી કરવાનું સૂચવી આત્મનિર્ભર બનવા પ્રેર્યા હતા. આદિપુર-ગાંધીધામમાં પણ પશ્ચિમ-પાકિસ્તાનથી ખૂબ મોટી સંખ્યામાં સિંધીઓ ગુજરાત તરફ આવ્યા હતા. કચ્છમાં સરદાર પટેલે ખૂબ મહેનત કરીને ત્યાંના રાજા મહારાવ શ્રી સર વિજયરાજજી ખેંગારજી બહાદુર પાસેથી બહુ મોટી ૧૫,૦૦૦ એકર (૬૧ સ્ક્વેર કિલોમીટર) જમીન લઈ 'સિંધુ રિસેટલમેન્ટ કોર્પોરેશન'ની રચના કરી. આચાર્ય કૃપલાણીને તેના ચેરમેન તથા ભાઈ પ્રતાપ દયાલને તેના મેનેજિંગ ડાયરેક્ટર બનાવ્યા. એ વખતના ખૂબ સુંદર આયોજનના લીધે આજે ગુજરાતમાં આદિપુર તથા ગાંધીધામ શહેરમાં હજારો સિંધી પરિવાર સ્થાપિત થઈ શક્યા હતા. ભારતીય સિંધુ સભાના રાષ્ટ્રીય મંત્રી ડૉ. અનીલ ખત્રીના જણાવ્યા મુજબ સરદાર પટેલની અધ્યક્ષતામાં 'દિલ્હી ઈમરજન્સી કમિટી'ની રચના કરવામાં આવી હતી અને તમામ જ્ઞાતિના લોકોને ન્યાયપૂર્વક પુનર્વસન કરવાની તક આપી હતી. સિંધી સમાજ માટે પણ ત્યાં એક સરદારનગર વિસ્તારની રચના કરવામાં આવી હતી. મુંબઈની નજીક થાણે જિલ્લામાં એક 'કલ્યાણ મિલેટ્રી ટ્રાન્ઝિટ કેમ્પ' હતો. આ કેમ્પમાં ૨૧૨૬ બેરેકો તથા મોટા મોટા હોલ હતા. આશરે ૦૬ હજાર સૈનિકો તથા ૩૦ હજાર અન્ય લોકો વિશ્વયુદ્ધ-૨ વખતે ત્યાં રહેતા હતા. વિશ્વયુદ્ધ સમાપ્ત થયા પછી આ કેમ્પ તદ્દન ખાલી પડેલો હતો. સરદાર પટેલે તાત્કાલિક નિર્ણય લઈને પાકિસ્તાનથી આવેલા હજારો પરિવારોને ત્યાં સ્થાન આપ્યું. આજે જે વિસ્તાર વિશ્વભરમાં ઉલ્લાસનગર તરીકે ઓળખાય છે. ભારતના અન્ય શહેરો જેવાં કે ઈન્દોર, હૈદરાબાદ વગેરેમાં પણ મોટાપાયે રેફ્યૂજી કેમ્પ સ્થાપિત કરીને સરદાર પટેલે સિંધી સમાજ માટે અમૂલ્ય યોગદાન આપ્યું હતું. અખંડભારતના ભાગલા વખતે સદીઓથી વસેલા સિંધી સમાજના લોકો પોતાની માતૃભૂમિ સિંધ છોડવા માટે મૂંઝવણમાં હતા. પાકિસ્તાનમાં સિંધના વતનીઓ સાથે બહુ ખરાબ વ્યવહાર અને હિંસા થતી હતી. ૧૭ ડિસેમ્બર, ૧૯૪૭ના દિવસે હૈદરાબાદ-સિંધમાં તથા ૬ જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ કરાચી ખાતે હિંસા અને કત્લેઆમ થયા. સિંધીઓએ આથી સિંધ છોડવાનું નક્કી કર્યું હતું. ડો. ખત્રીના જણાવ્યા મુજબ આજે ભારતમાં સિંધીઓની વસ્તી આશરે ૧.૫ કરોડ છે. ભારતના તત્કાલીન મહાનગરોના રેફ્યુજી કેમ્પસમાં વસેલા સિંધી લોકો આજે ભારતના લગભગ તમામ મોટા શહેરોમાં વસે છે અને પોતાની વસાહતની એકાદ સોસાયટીનું નામ 'સરદાર નગર' જરૂર રાખે છે. એક અંદાજ મુજબ ભારતભરમાં આવા ૫૦ 'સરદાર નગર' છે. સિધી સમાજ તેની મહેનત અને ખંતના જોરે આગળ આવ્યો છે. શ્રી કે. આર. મલકાણી, શ્રી રામ જેઠમલાણી અને શ્રી એલ. કે. અડવાણી જેવા અનેક મહાનુભાવો સિંધી સમાજમાંથી આવે છે. તેઓ ઉમેરે છે કે, ભારતમાં સિંધી હિંદીઓનું પુનર્વસન સરદાર પટેલની દૂરંદેશીને કારણે શક્ય બન્યું. ભારતીય સિંધી સમાજ સરદારનું ઋણ ક્યારેય ભૂલી શકે તેમ નથી. ૧૮ ડિસેમ્બર ૧૯૯૦ના રોજ સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા (જનરલ એસેમ્બલી) દ્વારા નક્કી થયા મુજબ જિરતીઓ (માઈગ્રન્ટસ) ના હક્કોના રક્ષણ માટે ૧૮ ડિસેમ્બરને ઈન્ટરનેશનલ માઈગ્રન્ટસ ડે તરીકે ઉજવાય છે.

# IPL 2026 મિની ઓક્શન: 1355 પ્લેયર્સ રજિસ્ટર્ડ : 2 કરોડની બેઝ પ્રાઈસ પર 45 નામ, 77 સ્લોટ ખાલી; ગ્રીન પર KKR અને CSKની નજર

**ગ્લેન મેક્સવેલ સામેલ નથી 2 કરોડની લાંબી યાદીમાં ઓસ્ટ્રેલિયાના ગ્લેન મેક્સવેલનું નામ નથી. તેને ગયા વર્ષે પંજાબ કિંગ્સે 4.2 કરોડમાં ખરીદ્યો હતો**



મુંબઈ તા. 15

આગામી IPL માટે 1355 ખેલાડીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. 2 કરોડની બેઝ પ્રાઈસ કેટેગરીમાં ઓસ્ટ્રેલિયાના કેમરૂન ગ્રીન, ઈંગ્લેન્ડનો લિયમ લિવિંગસ્ટન, ભારતના રવિ બિશ્નોઈ અને વેંકટેશ અય્યર, શ્રીલંકાના મથીશ પથિરાના અને વનિન્દુ હસરંગા સહિત કુલ 45 ખેલાડીઓનો સમાવેશ થાય છે. રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ 30 નવેમ્બર હતી. મિની ઓક્શન 16 ડિસેમ્બરે અબુ ધાબીમાં યોજાશે. રજીસ્ટ્રેશન પૂર્ણ થયા બાદ IPLએ આ લાંબી યાદી તમામ ફ્રેન્ચાઈઝીઓને મોકલી આપી છે. દરેક ટીમમાં વધુમાં વધુ 25 ખેલાડીઓ રાખી શકાય છે. આવી સ્થિતિમાં, આ વખતે ઓક્શનમાં કુલ 77 સ્લોટ ભરવામાં આવશે, જેમાં 31 વિદેશી સ્લોટનો પણ સમાવેશ થાય છે. ગ્રીન પર રહેશે નજર ઓક્શનમાં સૌથી મોટી નજર ઓસ્ટ્રેલિયાના ઓલરાઉન્ડર કેમરૂન ગ્રીન પર રહેશે. તે ગયા વર્ષે પીઠની ઈજાને કારણે મેગા ઓક્શનમાં ઉતર્યો નહોતો. આ વખતે KKR અને CSK બંને તેના માટે બોલી લગાવી શકે છે. આ બંને ટીમ પાસે સૌથી મોટો પર્સ છે અને એક-એક વિદેશી સ્લોટ પણ ખાલી છે. KKRને ગ્રીનનો મજબૂત દાવેદાર માનવામાં આવી રહ્યો છે, કારણ કે વેસ્ટ ઈન્ડીઝનો આન્દ્રે રસેલના IPLમાંથી નિવૃત્ત થયા પછી ટીમને એક એવા ઓલરાઉન્ડરની જરૂર છે જે દરેક પરિસ્થિતિમાં બેટિંગ કરી શકે અને બોલિંગ પણ કરી શકે. 2 કરોડની કેટેગરીમાં ઘણા મોટા નામો રિલીઝ થયા ઘણા ખેલાડીઓ, જેમને તાજેતરમાં ટીમોએ રિલીઝ કર્યા હતા, તેમણે પણ પોતાને 2 કરોડની બેઝ પ્રાઈસમાં રાખ્યા છે. આમાં CSKનો પથિરાના પણ છે, જેને ચેન્નઈએ ગયા વર્ષે 13 કરોડમાં રિટેન કર્યો હતો, પરંતુ ઈજાના કારણે તે પૂરી અસર બતાવી શક્યો નહીં. તેવી જ રીતે, ઈંગ્લેન્ડના લિયમ લિવિંગસ્ટનને RCBએ ગયા મેગા ઓક્શનમાં 8.75 કરોડમાં લીધો હતો, પરંતુ એક સીઝન પછી જ રિલીઝ કરી દીધો. ભારતીય ખેલાડીઓમાં વેંકટેશ અય્યર અને રવિ બિશ્નોઈ પણ 2 કરોડની કેટેગરીમાં છે. LSGએ બિશ્નોઈને ગયા વર્ષે 11 કરોડમાં રિટેન કર્યો હતો, પરંતુ સતત નબળા પ્રદર્શનને કારણે હવે તેને રિલીઝ કર્યો. ગ્લેન મેક્સવેલ સામેલ નથી 2 કરોડની લાંબી યાદીમાં ઓસ્ટ્રેલિયાના ગ્લેન મેક્સવેલનું નામ નથી. તેને ગયા વર્ષે પંજાબ કિંગ્સે 4.2 કરોડમાં ખરીદ્યો હતો, પરંતુ 37 વર્ષીય મેક્સવેલ આ સીઝન પહેલા જ આંગળીની ઈજાને કારણે બહાર થઈ ગયો હતો. તેની જગ્યાએ PBKSએ મિચેલ ઓવેનને ટીમમાં રાખ્યો હતો, જેને આ વર્ષે રિટેન કર્યો છે. જોશ ઈંગ્લિસની ઉપલબ્ધતા માત્ર 25% PBKSના વિકેટકીપર જોશ ઈંગ્લિસનું નામ પણ ઓક્શનમાં છે. તેણે ટીમને ફાઈનલ સુધી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી, પરંતુ તે અંગત કારણોસર આખી 2026 સીઝન માટે ઉપલબ્ધ રહેશે નહીં. IPLએ ફ્રેન્ચાઈઝીઓને જણાવ્યું છે કે ઈંગ્લિસની ઉપલબ્ધતા માત્ર 25% રહેશે. હવે બનશે ફ્રેન્ચાઈઝીની શોર્ટલિસ્ટ IPLએ તમામ ફ્રેન્ચાઈઝીઓને કહ્યું છે કે તેઓ 5 ડિસેમ્બર સુધી પસંદગીના ખેલાડીઓની શોર્ટલિસ્ટ મોકલી આપે. ત્યારબાદ લાંબી યાદીને ટૂંકી કરીને ફાઈનલ ઓક્શન લિસ્ટ જાહેર કરવામાં આવશે. જેને આ વર્ષે રિટેન કર્યો છે. જોશ ઈંગ્લિસની ઉપલબ્ધતા માત્ર 25% PBKSના વિકેટકીપર જોશ ઈંગ્લિસનું નામ પણ ઓક્શનમાં છે. તેણે ટીમને ફાઈનલ સુધી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી, પરંતુ તે અંગત કારણોસર આખી 2026 સીઝન માટે ઉપલબ્ધ રહેશે નહીં. IPLએ ફ્રેન્ચાઈઝીઓને જણાવ્યું છે કે ઈંગ્લિસની ઉપલબ્ધતા માત્ર 25% રહેશે. હવે બનશે ફ્રેન્ચાઈઝીની શોર્ટલિસ્ટ IPLએ તમામ ફ્રેન્ચાઈઝીઓને કહ્યું છે કે તેઓ 5 ડિસેમ્બર સુધી પસંદગીના ખેલાડીઓની શોર્ટલિસ્ટ મોકલી આપે. ત્યારબાદ લાંબી યાદીને ટૂંકી કરીને ફાઈનલ ઓક્શન લિસ્ટ જાહેર કરવામાં આવશે.

## ત્રિશા-ગાયત્રીએ સૈયદ મોદી ઈન્ટરનેશનલ 2025નો ખિતાબ જીત્યો, જાપાની જોડીને હરાવી

મુંબઈ તા. 15

ત્રિશા જોલી અને ગાયત્રી ગોપીચંદની જોડીએ સૈયદ મોદી ઈન્ટરનેશનલ 2025 બેડમિન્ટન ટુર્નામેન્ટનો વિમેન્સ ડબલ્સનો ખિતાબ જીતી લીધો. ભારતીય જોડીએ રવિવારે રમાયેલી ફાઈનલમાં જાપાની જોડીને હરાવી ટાઈટલ ડિફેન્ડ કર્યું. વર્લ્ડ રેન્કિંગમાં 14મા નંબરની આ ભારતીય જોડીએ લખનૌના બાબુ બનારસી દાસ ઈન્ડોર સ્ટેડિયમમાં જાપાનની કાહો ઓસાવા અને માઈ તાનાબેને 17-21, 21-13, 21-15થી હરાવ્યા. આ મુકાબલો 1 કલાક 16 મિનિટ સુધી ચાલ્યો.



## પાકિસ્તાન લીગ માટે મોઈન અલીએ પણ IPL છોડી, 4 દિવસ પહેલા ફાફ ડુ પ્લેસિસ PSLમાં રમવાનો નિર્ણય કર્યો હતો



મુંબઈ તા. 15

ફાફ ડુ પ્લેસિસ પછી હવે ઈંગ્લેન્ડના પૂર્વ ઓલરાઉન્ડર મોઈન અલીએ પણ IPL 2026માંથી હટીને PSL 2026માં રમવાનો નિર્ણય કર્યો છે. ચાર દિવસમાં આવું પગલું ભરનારા તે બીજો વિદેશી ખેલાડી બની ગયો છે. 29 નવેમ્બરે RCBના પૂર્વ કેપ્ટન ફાફ ડુ પ્લેસિસે IPLમાંથી નામ પાછું ખેંચીને પાકિસ્તાન સુપર લીગ રમવાની જાહેરાત કરી હતી. આ દરમિયાન IPLનું મિની ઓક્શન 16 ડિસેમ્બરે અબુ ધાબીમાં યોજાવાનું છે. દરેક ટીમમાં વર્લ્ડ ક્લાસ ખેલાડી- મોઈન મોઈન અલીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું કે તેઓ PSLના નવા તબક્કાનો ભાગ બનવા માટે ઉત્સાહિત છે. તેણે લખ્યું કે આ લીગ દુનિયાની ટૉપ T20 લીગમાંથી એક છે અને દરેક ટીમમાં વર્લ્ડ ક્લાસ ખેલાડીઓ રમે છે. તેના મતે પાકિસ્તાનમાં રમવું હંમેશા સારો અનુભવ આપે છે. ત્યાં ક્રિકેટનું સ્તર ઊંચું છે અને દર્શકોનો ઉત્સાહ ખેલાડીઓને પૂરી તાકાત લગાવવા મજબૂર કરે છે. તેણે આશા વ્યક્ત કરી કે આ સફર પણ યાદગાર રહેશે. KKRએ રિલીઝ કર્યો હતો IPL 2025ના મેગા ઓક્શનમાં કોલકાતા નાઈટ રાઈડર્સે મોઈનને 2 કરોડની બેઝ પ્રાઈસ પર ખરીદ્યા હતા. IPL 2026 પહેલા KKRએ 9 ખેલાડીઓને રિલીઝ કર્યા, જેમાં મોઈન પણ સામેલ હતા. 2025 સીઝનમાં તેનું પ્રદર્શન સામાન્ય રહ્યું. તેણે 6 મેચમાં માત્ર 5 રન બનાવ્યા અને 6 વિકેટ લીધી. 2018 થી IPLનો ભાગ મોઈન અલી 2018 થી IPL રમતા રહ્યા છે અને RCB, CSK તથા KKR જેવી ટીમનો ભાગ રહ્યા છે. અત્યાર સુધીમાં તે 73 IPL મેચ રમી ચૂક્યો છે, જેમાં 1167 રન બનાવ્યા અને 41 વિકેટ લીધી છે. તે CSK સાથે 2021 અને 2023માં બે વાર IPL ચેમ્પિયન પણ બન્યો. ફાફ ડુ પ્લેસિસ પણ IPL છોડવાની જાહેરાત કરી હતી મોઈન અલી પહેલાં સાઉથ આફ્રિકાના પૂર્વ કેપ્ટન ફાફ ડુ પ્લેસિસ 29 નવેમ્બરે જાહેરાત કરી હતી.

## વામિકા ગબ્બી રાજકુમાર હિરાણીના પુત્ર વીરની હિરોઈન બનશે

- સંજય દત્તની 'મુન્નાભાઈ' સીરિઝની ફિલ્મો બનાવનારા રાજકુમાર હિરાણીનો દીકરો વીર પિતાને પગલે ફિલ્મ સર્જક બનવાને બદલે એક્ટર તરીકે ઝંપલાવી રહ્યો છે.



મુંબઈ તા. 15

મુંબઈ: સંજય દત્તની 'મુન્નાભાઈ' સીરિઝની ફિલ્મો બનાવનારા રાજકુમાર હિરાણીનો દીકરો વીર પિતાને પગલે ફિલ્મ સર્જક બનવાને બદલે એક્ટર તરીકે ઝંપલાવી રહ્યો છે. જોકે, તે પિતાના દિગ્દર્શન હેઠળની ફિલ્મને બદલે 'કપૂર એન્ડ સન્સ' તથા 'ગહેરાઈયાં' જેવી ફિલ્મોના સર્જક શકુન બત્રાનાં દિગ્દર્શન હેઠળની ફિલ્મથી ડેબ્યૂ કરી રહ્યો છે. આ ફિલ્મ માટે તેની હિરોઈન તરીકે વામિકા ગબ્બી પસંદ થઈ ચૂકી હોવાનું કહેવાય છે. શકુન બત્રાએ વામિકાને લીડ હિરોઈનનો રોલ ઓફર કર્યો હતો અને તેણે તે માટે સંમતિ આપી દીધી હોવાનું કહેવાય છે. આ ફિલ્મ જોકે, થિયેટરને બદલે સીધી ઓટીટી પર રજૂ થશે. ફિલ્મનાં ટાઈટલ તથા રીલિઝ ડેટ અંગે હજુ સુધી કોઈ વિગતો રજૂ કરાઈ નથી. ફિલ્મનું શૂટિંગ આવતાં વર્ષથી શરુ કરાય તેવી સંભાવના છે. : સંજય દત્તની 'મુન્નાભાઈ' સીરિઝની ફિલ્મો બનાવનારા રાજકુમાર હિરાણીનો દીકરો વીર પિતાને પગલે ફિલ્મ સર્જક બનવાને બદલે એક્ટર તરીકે ઝંપલાવી રહ્યો છે. જોકે, તે પિતાના દિગ્દર્શન હેઠળની ફિલ્મને બદલે 'કપૂર એન્ડ સન્સ' તથા 'ગહેરાઈયાં' જેવી ફિલ્મોના સર્જક શકુન બત્રાનાં દિગ્દર્શન હેઠળની ફિલ્મથી ડેબ્યૂ કરી રહ્યો છે. આ ફિલ્મ માટે તેની હિરોઈન તરીકે વામિકા ગબ્બી પસંદ થઈ ચૂકી હોવાનું કહેવાય છે. શકુન બત્રાએ વામિકાને લીડ હિરોઈનનો રોલ ઓફર કર્યો હતો અને તેણે તે માટે સંમતિ આપી દીધી હોવાનું કહેવાય છે. આ ફિલ્મ જોકે, થિયેટરને બદલે સીધી ઓટીટી પર રજૂ થશે. ફિલ્મનાં ટાઈટલ તથા રીલિઝ ડેટ અંગે હજુ સુધી કોઈ વિગતો રજૂ કરાઈ નથી. ફિલ્મનું શૂટિંગ આવતાં વર્ષથી શરુ કરાય તેવી સંભાવના છે.

## દીપિકા પાદુકોણને પણ એક હોરર ફિલ્મની ઓફર



મુંબઈ તા. 15

મુંબઈ: પાછલાં બે-ત્રણ વર્ષમાં એકથી વધુ હોરર ફિલ્મો સફળ થતાં બોલિવુડના સંખ્યાબંધ સ્ટાર્સને હવે હોરર ફિલ્મોમાં રસ પડવા લાગ્યો છે. હવે દીપિકા પાદુકોણને પણ એક હોરર ફિલ્મ ઓફર કરાઈ હોવાનું કહેવાય છે. દીપિકાને બંગાળી ભૂત શખચૂનીનું પાત્ર ધરાવતી ફિલ્મની સ્ક્રિપ્ટ વાંચવા માટે અપાઈ છે. દીપિકા સમગ્ર સ્ક્રિપ્ટ તપાસ્યા બાદ જ આ રોલ ભજવવો કે કેમ તે ફાઈનલ કરશે. ઉલ્લેખનીય છે કે અગાઉ વિદ્યા બાલન તથા શ્રદ્ધા કપૂરને હોરર ફિલ્મોમાં સફળતા મળી ચૂકી છે. તે પછી આલિયા ભટ્ટ તથા 'સૈયારા' ફિલ્મથી જાણીતી બનેલી અનિત પડ્ડા પણ હોરર ફિલ્મો સ્વીકારી ચૂક્યાં છે. દીપિકા હાલમાં નવી ફિલ્મો પસંદ કરવાની બાબતમાં બહુ સિલેક્ટિવ બની ગઈ છે. તે છથી આઠ જ કલાકની શિફ્ટનો આગ્રહ રાખી રહી છે. તેના કારણે તેણે સાઉથની 'સ્પિરિટ' સહિતની ફિલ્મો ગુમાવવી પણ પડી છે.



## વી. શાંતારામની બાયોપિકમાં તમન્ના ભાટિયાની એન્ટ્રી

**અભીજીત અગાઉ ડો. કાશીનાથ ઘાણેકરની બાયોપિક બનાવી ચૂક્યા છે. આ ઉપરાંત તેઓ હિંદી ફ્લ્મ 'ટેબલ નંબર ૨૧' અને 'વઝીર' પણ બનાવી ચૂક્યા છે.**

મુંબઈ તા. 15

મુંબઈ: બોલિવુડના વિતેલા યુગના દિગ્ગજ ફિલ્મ સર્જક વી. શાંતારામની બાયોપિકમાં તમન્ના ભાટિયાની એન્ટ્રી થઈ છે. આ ફિલ્મમાં વી. શાંતારામની મુખ્ય ભૂમિકા સિદ્ધાંત ચતુર્વેદી ભજવી રહ્યો છે. 'ચિત્રપતિ વી. શાંતારામ' એવું ટાઈટલ ધરાવતી ફિલ્મ માટે કાસ્ટિંગ શરુ થઈ ચૂક્યું છે. ફિલ્મમાં કુલ ત્રણ હિરોઈનો હોઈ શકે છે. વી. શાંતારામની સંધ્યા અને જયશ્રી એમ બે પત્નીઓ હતી. વધુમાં તેમની દીકરી રાજશ્રી પણ એક સમયે બોલિવુડની ટોચની હિરોઈન રહી ચૂકી છે. આમ, તમન્ના ઉપરાંત વધુ બે હિરોઈનો આ ફિલ્મમાં સામેલ થાય તેવી સંભાવના છે. આ ફિલ્મનું દિગ્દર્શન અભીજીત દેશપાંડે કરી રહ્યા છે. અભીજીત અગાઉ ડો. કાશીનાથ ઘાણેકરની બાયોપિક બનાવી ચૂક્યા છે. આ ઉપરાંત તેઓ હિંદી ફ્લ્મ 'ટેબલ નંબર ૨૧' અને 'વઝીર' પણ બનાવી ચૂક્યા છે. 'ચિત્રપતિ વી. શાંતારામ' એવું ટાઈટલ ધરાવતી ફિલ્મ માટે કાસ્ટિંગ શરુ થઈ ચૂક્યું છે. ફિલ્મમાં કુલ ત્રણ હિરોઈનો હોઈ શકે છે. વી. શાંતારામની સંધ્યા અને જયશ્રી એમ બે પત્નીઓ હતી. વધુમાં તેમની દીકરી રાજશ્રી પણ એક સમયે બોલિવુડની ટોચની હિરોઈન રહી ચૂકી છે. આમ, તમન્ના ઉપરાંત વધુ બે હિરોઈનો આ ફિલ્મમાં સામેલ થાય તેવી સંભાવના છે. આ ફિલ્મનું દિગ્દર્શન અભીજીત દેશપાંડે કરી રહ્યા છે. અભીજીત અગાઉ ડો. કાશીનાથ ઘાણેકરની બાયોપિક બનાવી ચૂક્યા છે. આ ઉપરાંત તેઓ હિંદી ફ્લ્મ 'ટેબલ નંબર ૨૧' અને 'વઝીર' પણ બનાવી ચૂક્યા છે.

# સ્વિગી-ઝેપ્ટોએ પણ '10 મિનિટમાં ડિલિવરી'નો દાવો હટાવ્યો: સરકારના આદેશ બાદ જાહેરાત બદલાઈ...

**નવી દિલ્હી, તા.15**

કેન્દ્ર સરકારના નિર્દેશ બાદ સ્વિગી અને ઝેપ્ટોએ બુધવારે તેમના પ્લેટફોર્મ પરથી '10 મિનિટમાં ડિલિવરી'ના દાવાને હટાવી દીધો. સરકારે આ કંપનીઓને કડક સૂચના આપી છે કે તેઓ ડિલિવરી સમયને લઈને આવા દાવા ન કરે જેનાથી ડિલિવરી પાર્ટનર્સ પર દબાણ આવે.

આ પહેલા મંગળવારે બ્લિન્કિટે તેની જાહેરાતો અને એપ પરથી '10 મિનિટ'નો ટેગ હટાવ્યો હતો. કેન્દ્રીય શ્રમ મંત્રી મનસુખ માંડવિયાએ મંગળવારે જ ક્વિક કોમર્સ કંપનીઓના પ્રતિનિધિઓ સાથે એક ઉચ્ચ-સ્તરીય બેઠક કરી હતી. આ બેઠકમાં ડિલિવરી પાર્ટનર્સની સુરક્ષા અને તેમની કાર્યપદ્ધતિઓ પર ચર્ચા થઈ હતી.

સરકારનું માનવું છે કે 10 મિનિટમાં સામાન પહોંચાડવાના વચનને કારણે રાઈડર્સ પર માનસિક દબાણ વધે છે, જેનાથી માર્ગ અકસ્માતોનો ખતરો રહે છે.




મંત્રાલયે સ્પષ્ટ કહ્યું કે કંપનીઓએ તેમની બ્રાન્ડિંગમાંથી સમયની પાબંદી હટાવવી પડશે.

સરકારની કડકાઈ બાદ કંપનીઓએ પોતાની એપ અને સોશિયલ મીડિયા હેન્ડલ પર ફેરફારો શરૂ કરી દીધા છે. બ્લિન્કિટે પોતાની ટેગલાઈન '10,000+ પ્રોડક્ટ્સ 10 મિનિટમાં' ને બદલીને હવે '30,000+ પ્રોડક્ટ્સ તમારા દરવાજે' કરી દીધી છે.

આ જ રીતે સ્વિગી અને ઝેપ્ટોએ પણ પોતાના પ્લેટફોર્મ પરથી 10 મિનિટના વાયદાને હટાવીને તેને સર્વિસની સુવિધા અને વેરાયટી પર ફોકસ કરી દીધું છે.

ક્વિક કોમર્સ સેક્ટરની સૌથી મોટી ટીકા એ વાતને લઈને થતી રહી છે કે 10 મિનિટની ડેડલાઈન પૂરી કરવાના ચક્કરમાં રાઈડર્સ ઝડપથી ગાડી ચલાવે છે અને ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરે છે.

આંકડાઓ મુજબ, આ સ્પર્ધાને કારણે રાઈડર્સ વચ્ચે તણાવ અને અકસ્માતોના સમાચાર વધી રહ્યા હતા. જોકે, કંપનીઓ દાવો કરતી રહી છે કે તેઓ રાઈડર્સને સમય મર્યાદા બતાવતી નથી, પરંતુ જાહેરાતની અસર જમીન પર અલગ દેખાતી હતી.

નિષ્ણાતોનું કહેવું છે કે જાહેરાતમાંથી 10 મિનિટનો દાવો હટાવવાનો અર્થ એ નથી કે ડિલિવરી મોડી થશે. કંપનીઓ હજુ પણ તેમના ડાર્ક સ્ટોર્સની મદદથી ઝડપથી સામાન પહોંચાડશે.

એલારા કેપિટલના કરણ તોરાણી અનુસાર, આ બદલાવ ફક્ત બ્રાન્ડિંગ અને દેખાવા પૂરતો મર્યાદિત છે, બિઝનેસ મોડેલમાં કોઈ મોટો બદલાવ નહીં થાય. કંપનીઓ હવે સ્પીડને બદલે 'સુવિધા' અને 'વધુ પ્રોડક્ટ્સ'ને પોતાની તાકાત બનાવશે.

જણાવી દઈએ કે નવા વર્ષની શરૂઆતમાં જ દેશના ઘણા ભાગોમાં ડિલિવરી પાર્ટનર્સે હડતાળ કરી હતી. તેમની મુખ્ય માગ વધુ સારા વેતન, સુરક્ષા અને કામના કલાકોમાં સુધારાની હતી.

આમ આદમી પાર્ટીના સાંસદ રાઘવ ચઢ્ઢાએ પણ સંસદમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો અને ગિગ વર્કર્સ માટે સોશિયલ સિક્યોરિટી અને સન્માનજનક વેતનની માગ કરી હતી. આ પછી જ સરકારે આ મામલે દખલગીરી કરી.

ઓછી કમાણી અને 10 મિનિટમાં ડિલિવરીના દબાણથી પરેશાન ગિગ વર્કર્સે નવા વર્ષ પહેલા 31 ડિસેમ્બરે હડતાળ કરી હતી, જેમાં સ્વિગી, ઝોમેટો, બ્લિન્કિટ, ઝેપ્ટો જેવી કંપનીઓના રાઈડર્સ સામેલ હતા. આ પહેલા ગિગ વર્કર્સે 25 ડિસેમ્બરે ક્રિસમસ પર પણ હડતાળ કરી હતી. આ હડતાળમાં ગિગ વર્કર્સે 10 મિનિટમાં ડિલિવરી મોડેલને સમાપ્ત કરવા સહિત અનેક માંગણીઓ કરી હતી.

# રેન્કિંગમાં ભારતીય પાસપોર્ટ મજબૂત: 85 થી 80મા નંબર પર આવ્યો, 55 દેશોમાં વિઝા ફ્રી એન્ટ્રી

**નવી દિલ્હી, તા.15**

ભારતીય પાસપોર્ટની તાકાત છેલ્લા એક વર્ષમાં વધી છે. પાસપોર્ટ રેન્કિંગ જાહેર કરનાર સંસ્થા હેનલી એન્ડ પાર્ટનર્સની 2026ની રેન્કિંગમાં ભારત 5 સ્થાનની છલાંગ લગાવીને 80મા નંબર પર પહોંચી ગયું છે.

ગયા વર્ષે 2025માં ભારતનો ક્રમ 85 હતો. નવી રેન્કિંગ મુજબ, ભારતીય નાગરિકો હવે 55 દેશોમાં વિઝા-ફ્રી અથવા વિઝા-ઓન-અરાઈવલ મુસાફરી કરી શકે છે. આ રેન્કિંગ પાસપોર્ટ ધારકોને પૂર્વ વિઝા વિના કેટલા દેશોમાં પ્રવેશની મંજૂરી છે, તેના આધારે નક્કી કરવામાં આવે છે.

સિંગાપોર સતત બીજા વર્ષે વિશ્વનો સૌથી શક્તિશાળી પાસપોર્ટ બન્યો છે, જેને 227માંથી 192 દેશોમાં વિઝા-ફ્રી એન્ટ્રી છે. જાપાન અને સાઉથ કોરિયા સંયુક્ત રીતે બીજા સ્થાને છે, આ દેશોના નાગરિકો 188 દેશોમાં વિઝા વિના મુસાફરી કરી શકે છે.

2025ની રેન્કિંગમાં ભારતીય પાસપોર્ટ 85મા સ્થાને હતો અને 57 દેશો સુધી વિઝા-ફ્રી પહોંચ હતી. 2024માં પણ ભારતનો રેન્ક



80 હતો. એટલે કે, 2025માં ઘટાડા પછી 2026માં ફરી સુધારો જોવા મળ્યો છે. જોકે, વિઝા-ફ્રી મુસાફરીમાં 2 દેશો ઓછા થયા છે.

186 દેશોમાં ફ્રી વિઝા એન્ટ્રી સાથે ડેનમાર્ક, લક્ઝમબર્ગ, સ્પેન, સ્વીડન અને સ્વિટ્ઝર્લેન્ડ ત્રીજા સ્થાને રહ્યા. અફઘાની પાસપોર્ટ દુનિયાનો સૌથી નબળો પાસપોર્ટ છે અને યાદીમાં સૌથી નીચે 101મા સ્થાને યથાવત છે.

પાકિસ્તાને પણ રેન્કિંગમાં 5 સ્થાનની છલાંગ લગાવી છે. પાકિસ્તાનનું નવું રેન્કિંગ 98મું છે. ગયા વર્ષે 2025માં PAKનું રેન્કિંગ 103 હતું. જોકે, તેમ છતાં તેનો પાસપોર્ટ વિશ્વનો પાંચમો સૌથી નબળો પાસપોર્ટ છે.

તેના નાગરિકો 31 દેશોમાં વિઝા ફ્રી મુસાફરી કરી શકે છે. ગયા વર્ષે પાકિસ્તાની પાસપોર્ટ ચોથો સૌથી નબળો પાસપોર્ટ હતો. જોકે, પાકિસ્તાની નાગરિકો 33 દેશોમાં વિઝા ફ્રી મુસાફરી કરી શકતા હતા.

વર્ષમાં બે વાર આ રેન્કિંગ જાહેર કરવામાં આવે છે. પહેલી વાર જાન્યુઆરીમાં અને બીજી વાર જુલાઈમાં ઈન્ડેક્સ જાહેર કરવામાં આવે છે. હેનલી પાસપોર્ટ વિઝા ઈન્ડેક્સની વેબસાઈટ મુજબ, આખા વર્ષ દરમિયાન રિયલ ટાઈમ ડેટા અપડેટ કરવામાં આવે છે. વિઝા પોલિસીમાં થતા ફેરફારોને પણ ધ્યાનમાં રાખવામાં આવે છે.

રેન્કિંગ એ આધારે નક્કી કરવામાં આવે છે કે કોઈ દેશનો પાસપોર્ટ ધારક કેટલા અન્ય દેશોમાં પૂર્વ વિઝા મેળવ્યા વિના મુસાફરી કરી શકે છે. આ માટે તેને અગાઉથી વિઝા લેવાની જરૂર રહેશે નહીં.

આ ઉપરાંત, ઘણા દેશો વિઝા ફ્રી ટ્રાવેલનો વિકલ્પ પણ આપે છે. આનો અર્થ એ છે કે તે દેશમાં કેટલાક ખાસ દેશોના લોકો વિઝા વિના પણ જઈ શકે છે. જોકે, તેની શરતો નક્કી હોય છે.

પાસપોર્ટ એ કોઈ સરકાર દ્વારા જારી કરાયેલ દસ્તાવેજ છે જે આંતરરાષ્ટ્રીય મુસાફરી માટે તેના ધારકની ઓળખ કરાવે છે અને રાષ્ટ્રીયતાની ચકાસણી કરે છે.

# ૨૦૨૫માં ડીમેટ ખાતાની સંખ્યા વિક્રમી સપાટીએ પણ વૃદ્ધિની માત્રામાં ઘટાડો

**મુંબઈ, તા.15**

૨૦૨૫ના વર્ષમાં દેશમાં ડીમેટ ખાતાની સંખ્યા ભલે વધીને વિક્રમી સપાટીએ પહોંચી હોય પરંતુ નવા ખાતાનો ઉમેરો નોંધપાત્ર મંદ પડયો હોવાનું જણાય છે. ડિસેમ્બર, ૨૦૨૫ના અંતે ડીમેટ ખાતાની કુલ સંખ્યા ૨૧.૫૯ કરોડ પહોંચી ગઈ હતી, જે ૨૦૨૪ના અંતે ૧૮.૫૩ કરોડ હતી.

૨૦૨૫માં વૃદ્ધિની માત્રામાં પચાસ ટકા ઘટાડો જોવા મળ્યો હોવાનું પ્રાપ્ત આંકડા પરથી જણાય છે. ૨૦૨૪ના કેલેન્ડર વર્ષમાં ડીમેટ ખાતાની સંખ્યા ૩૩ ટકા વધી હતી જ્યારે ૨૦૨૫માં વૃદ્ધિ દર ૧૬.૫૦ ટકા રહ્યો હતો.

ગત વર્ષે એકંદરે ૩.૦૬ કરોડ નવા ડીમેટ ખાતા ખોલાયા હતા જેને પરિણામે ડીમેટ ખાતાની એકંદર સંખ્યા ૨૧.૫૯ કરોડ પર પહોંચી ગઈ હતી. ૨૦૨૪માં નવા ખાતાનો ઉમેરો ૪.૬૦ કરોડ રહ્યો હતો.

વિવિધ પ્રતિકૂળ વૈશ્વિક પરિબળોને પરિણામે ૨૦૨૫માં




ભારતીય ઈક્વિટીસમાં ભારે વોલેટિલિટી જોવા મળી હતી. અમેરિકા દ્વારા ટેરિફ લાગુ કરવાના નિર્ણય તથા વેપાર કરારમાં ઢીલથી ઈક્વિટી બજારનું માનસ ખરડાયેલુ રહ્યું હતું.

૨૦૨૫માં દર મહિને ડીમેટ ખાતાની સંખ્યામાં સરેરાશ અંદાજે ૨૬ લાખનો ઉમેરો થયો હતો. ભારે વોલેટિલિટી વચ્ચે ૨૦૨૫માં બેન્ચમાર્ક સેન્સેક્સમાં ૯.૦૬ ટકા અને નિફ્ટી૫૦ ઈન્ડેક્સમાં ૧૦.૫૦ ટકા વળતર પ્રાપ્ત થયાનું પ્રાપ્ત ડેટા જણાવે છે.

સેકન્ડરી બજારમાં ખાસ કરીને મિડકેપ તથા સ્મોલ કેપમાં નબળા વળતરને કારણે રિટેલ રોકાણકારો સેકન્ડરી બજારથી દૂર જઈ રહ્યા છે, પરંતુ પ્રાઈમરી માર્કેટમાં તેમના સહભાગમાં વધારો થઈ રહ્યાનું ડીમેટ ખાતાની સંખ્યામાં થયેલા ઉમેરા પરથી કહી શકાય એમ છે.

# ચીનનો ટ્રેડ સરપ્લસ પ્રથમ વખત રેકોર્ડ $1.19 ટ્રિલિયનને પાર: વિશ્વભરના બજારો સુધી પહોંચ્યો ચીની સામાન...

**નવી દિલ્હી, તા.15**

વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા ચીનનો ટ્રેડ સરપ્લસ 2025માં રેકોર્ડ 1.19 ટ્રિલિયન ડોલર (લગભગ 100 લાખ કરોડ) ને પાર પહોંચી ગયો છે. આ 2024ની સરખામણીમાં 20% વધુ છે. મોંઘવારીને એડજસ્ટ કર્યા પછી પણ, આ વિશ્વના કોઈપણ દેશ દ્વારા નોંધાયેલ અત્યાર સુધીનો સૌથી મોટો ટ્રેડ સરપ્લસ છે.

ચીનના જનરલ એડમિનિસ્ટ્રેશન ઓફ કસ્ટમ્સના ડેટા અનુસાર, માત્ર ડિસેમ્બર મહિનામાં જ ચીને 114.14 બિલિયન ડોલર (લગભગ 10.31 લાખ કરોડ રૂપિયા)નો સરપ્લસ કમાવ્યો. આ ચીનના ઈતિહાસનો ત્રીજો સૌથી સફળ મહિનો રહ્યો. નિકાસ અને આયાત વચ્ચેના તફાવતને ટ્રેડ સરપ્લસ કહેવાય છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીન પર 30% ટેરિફ લગાવ્યો હતો. આનાથી અમેરિકા સાથે ચીનનો



સીધો વેપાર તો ઘટ્યો, પરંતુ ચીની કંપનીઓએ તેનો તોડ શોધી કાઢ્યો. ચીની ફેક્ટરીઓએ દક્ષિણ-પૂર્વ એશિયા અને અન્ય પ્રદેશો દ્વારા અમેરિકામાં સામાન રૂટ કર્યો.

ચીનની સરકાર 'આત્મનિર્ભરતા'ની નીતિ પર ચાલી રહી છે, જેનો ઉદ્દેશ્ય ઘરેલું ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનો છે. ઓક્ટોબરમાં જાહેર કરાયેલા 2030 સુધીના પાંચ વર્ષના આર્થિક પ્લાનમાં પણ આ જ આત્મનિર્ભરતા પર ભાર મૂકવામાં આવ્યો છે. ચીને 1993 પછી ક્યારેય વેપાર ખાધનો સામનો કર્યો નથી.

ચીનની કરન્સી 'રેનમિનબી' હાલમાં ઘણી નબળી સ્થિતિમાં છે. આનાથી વિદેશી ખરીદદારો માટે ચીની સામાન સસ્તો બન્યો છે, જ્યારે ચીન માટે બહારથી સામાન મંગાવવો મોંઘો પડ્યો.

આ ઉપરાંત ચીનના રિયલ એસ્ટેટ માર્કેટમાં આવેલી ભારે ગિરાવટે ત્યાંના સામાન્ય પરિવારોની બચત ખતમ કરી દીધી છે. લોકો હવે કાર અને કોસ્મેટિક્સ જેવા વિદેશી સામાન ખરીદી શકતા નથી. ઘરેલું માંગ ઓછી થવાને કારણે ફેક્ટરીઓમાં બનેલો માલ હવે ભારે માત્રામાં એક્સપોર્ટ કરવામાં આવી રહ્યો છે.

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) ના MD ક્રિસ્ટાલિના જ્યોર્જીવાએ ગયા મહિને બીજિંગમાં ચેતવણી આપી હતી. કહ્યું હતું કે ચીન હવે એટલું મોટું થઈ ગયું છે કે તે ફક્ત નિકાસના જોરે પોતાની GDP વધારી શકતું નથી. તેમણે સલાહ આપી કે ચીને પોતાની કરન્સી મજબૂત કરવી જોઈએ અને ઘરેલું વપરાશ વધારવા પર ધ્યાન આપવું જોઈએ. જો ચીન આવું નહીં કરે, તો દુનિયાભરમાં ટ્રેડ વોરની સ્થિતિ ઊભી થઈ શકે છે.

સરળ શબ્દોમાં કહીએ તો, જ્યારે કોઈ દેશ અન્ય દેશોને સામાન વેચીને (નિકાસ) વધુ પૈસા કમાય છે અને ત્યાંથી સામાન મંગાવવા (આયાત) પર ઓછો ખર્ચ કરે છે, ત્યારે તેને 'ટ્રેડ સરપ્લસ' કહેવાય છે. ચીનનું સરપ્લસ $1.19 ટ્રિલિયન હોવાનો અર્થ એ છે કે તેણે દુનિયામાંથી લગભગ 100 લાખ કરોડ વધુ કમાયા છે.

ચીનનું વર્તમાન સરપ્લસ ઈતિહાસના અન્ય મોટા રેકોર્ડ્સ કરતાં ઘણું વધારે છે. 1993માં જાપાનનું સરપ્લસ આજના હિસાબે $214 બિલિયન હતું. જ્યારે 2017માં જર્મનીનો રેકોર્ડ $364 બિલિયન રહ્યો હતો. ચીન આનાથી 3 થી 5 ગણું આગળ નીકળી ગયું છે.

# 2026ની થીમ છે "તમે તમારા ગ્રાહકોને કેવો અનુભવ આપો છો" - પરંતુ વ્યવસાય, બ્રાન્ડ્સ અને ગ્રાહકો માટે તેનો ખરો અર્થ શું છે?

**મુંબઈ, તા.15**

હિરવ શાહ માને છે કે 2026 એ વ્યવસાયો કેવી રીતે વૃદ્ધિ પામશે, સ્પર્ધા કરશે અને વિશ્વાસ મેળવશે તેમાં એક નિર્ણાયક પરિવર્તન ચિહ્નિત કરે છે. આ વર્ષ વધુ પ્રોડક્ટ્સ લોન્ચ કરવા, વધુ જોરથી કેમ્પેઈન ચલાવવા અથવા ડિસ્કાઉન્ટ પર સ્પર્ધા કરવા વિશે નથી. તે એક વ્યાખ્યાયિત પરિબળ વિશે છે જે દરેક ખરીદીના નિર્ણયને શાંતિથી પ્રભાવિત કરે છે: તમે તમારા ગ્રાહકોને જે અનુભવ આપો છો તે.

રિયલ એસ્ટેટ, રિટેલ, હેલ્થકેર, શિક્ષણ, ફાયનાન્સ, હોસ્પિટાલિટી, સ્ટાર્ટઅપ્સ અને પ્રોફેશનલ સર્વિસીસ–તમામ ક્ષેત્રોમાં ગ્રાહકો હવે માત્ર વચનોથી પ્રભાવિત થતા નથી. તેઓ એ વાત પર ધ્યાન આપી રહ્યા છે કે વસ્તુઓ કેટલી સરળતાથી કામ કરે છે, માહિતી કેટલી સ્પષ્ટ રીતે શેર કરવામાં આવે છે, તેમની સાથે કેટલો આદરપૂર્વક વ્યવહાર કરવામાં આવે છે અને નિર્ણય લીધા પછી તેઓ કેટલો આત્મવિશ્વાસ અનુભવે છે. ટૂંકમાં, ગ્રાહકો યાદ રાખે છે કે વ્યવસાયે તેમને કેવું અનુભવ કરાવ્યું, માત્ર તે જ નહીં કે શું વેચ્યું.

તાજેતરમાં સુધી, ઘણા વ્યવસાયો મુખ્યત્વે ઉત્પાદનની ગુણવત્તા, કિંમત અને પ્રમોશન પર ધ્યાન કેન્દ્રિત કરતા હતા. તે તત્વો હજી પણ મહત્વના છે–પરંતુ 2026માં, તે માત્ર પ્રવેશ ટિકિટ છે. બે બ્રાન્ડ સમાન કિંમતે સમાન ઉત્પાદનો ઓફર કરી શકે છે, છતાં એક વફાદારી, રેફરલ્સ અને પુનરાવર્તિત વ્યવસાય મેળવે છે જ્યારે બીજી સંઘર્ષ કરે છે. તફાવત દરેક ટચપોઈન્ટ પર આપવામાં આવતા અનુભવમાં રહેલો છે–પ્રથમ પૂછપરછથી લઈને વેચાણ પછીના સપોર્ટ સુધી.

દરેક વાતચીત હવે વજન ધરાવે છે. વિલંબ, મૂંઝવણ, ફોલો-અપ્સ, સંચારનો લહેકો, કિંમતોમાં પારદર્શકતા અને સમસ્યાનું નિરાકરણ એ બધું મળીને ગ્રાહકના મનમાં એક છાપ બનાવે છે. અને 2026માં, તે છાપ કોઈપણ જાહેરાત કરતા લાંબો સમય ટકે છે. હિરવ શાહ સતત ભાર મૂકે છે તેમ, જે વ્યવસાયો સભાનપણે ગ્રાહક અનુભવને ડિઝાઈન કરશે તેઓ ઝડપથી અને મજબૂત રીતે વૃદ્ધિ પામશે, જ્યારે જેઓ તેની અવગણના કરશે તેઓ તરત જ સમજ્યા વિના તેમની સુસંગતતા ગુમાવી શકે છે. એટલા માટે જ 2026ને અનુભવના વર્ષ તરીકે વર્ણવવામાં આવી રહ્યું છે. એટલા માટે નહીં કે ગ્રાહકો લક્ઝરીની અપેક્ષા રાખે છે–પરંતુ એટલા માટે કે તેઓ વ્યવસાય કરતી વખતે સ્પષ્ટતા, સરળતા, વિશ્વાસ અને ભાવનાત્મક આરામની અપેક્ષા રાખે છે. આ પરિવર્તન બિઝનેસ વ્યૂહરચના, બ્રાન્ડિંગ અને ખરીદીના વર્તનને કેવી રીતે અસર કરે છે તે સમજતા પહેલા, થોડા મૂળભૂત પ્રશ્નો પર રોકાવું અને વિચારવું મહત્વપૂર્ણ છે–કારણ કે અનુભવ તે નથી જે વ્યવસાય આપવાનો દાવો કરે છે, પરંતુ તે છે જે ગ્રાહક ખરેખર અનુભવે છે.

ફ્રેમવર્ક, વ્યૂહરચના અથવા એક્ઝિક્યુશન મોડેલ્સની ચર્ચા કરતા પહેલા, હિરવ શાહ આત્મ-ચિંતનના મહત્વ પર ભાર મૂકે છે.



કારણ કે ગ્રાહક અનુભવ બોર્ડરૂમમાં અથવા બ્રાન્ડ ડેક્સમાં બનાવવામાં આવતો નથી–તે રોજિંદા કાર્યો, પ્રક્રિયાઓ અને નિર્ણયોમાં બનાવવામાં આવે છે જેને વ્યવસાયો ઘણીવાર અવગણે છે. ઘણા વ્યવસાયો માને છે કે તેઓ સારો અનુભવ આપી રહ્યા છે. પરંતુ વાસ્તવમાં, તેઓએ ક્યારેય ગ્રાહકના દૃષ્ટિકોણથી પ્રશ્ન કરવા માટે વિરામ લીધો નથી. અને 2026માં, ધારણાઓ જોખમી છે. જો ગ્રાહકે વારંવાર પૂછવું પડે, અતિશય સરખામણી કરવી પડે, અથવા નિર્ણય લેતા પહેલા "ખૂબ વિચારવું" પડે, તો અનુભવ પહેલેથી જ નબળો પડી ગયો છે. 2026માં, સ્પષ્ટતા એ પ્રથમ છાપ છે. "મૂંઝવણ એ નાનો મુદ્દો નથી. તે ઘણીવાર પ્રથમ સંકેત છે કે અનુભવ ડિઝાઈન ખૂટે છે."સરળતા હવે બોનસ નથી–તે એક અપેક્ષા છે. લાંબો પ્રતિસાદ સમય, જટિલ પ્રક્રિયાઓ અને બિનજરૂરી પગલાં ગ્રાહકોને શાંતિથી દૂર ધકેલી દે છે, ભલે તમારું ઉત્પાદન સારું હોય. "ગ્રાહકો વધુ ચૂકવવામાં વાંધો નથી ઉઠાવતા. તેમને જે વાંધો છે તે બિનજરૂરી મહેનત છે." ઘણા વ્યવસાયો વેચાણ બંધ ન થાય ત્યાં સુધી સારું પ્રદર્શન કરે છે, અને પછી ગાયબ થઈ જાય છે. 2026માં, વાસ્તવિક અનુભવ પેમેન્ટ પછી શરૂ થાય છે, તે પહેલાં નહીં. "પેમેન્ટ પછીનું વર્તન વ્યાખ્યાયિત કરે છે કે ગ્રાહક પ્રમોટર બને છે કે પસ્તાવો કરનાર ખરીદદાર." શું અનુભવ કયા સ્ટાફ મેમ્બર ગ્રાહકને હેન્ડલ કરે છે તેના પર નિર્ભર છે? અથવા તે વિશ્વસનીય અને સમાન છે? અસંગતતા શાંતિથી વિશ્વાસ અને બ્રાન્ડની વિશ્વસનીયતાને નુકસાન પહોંચાડે છે. "અસંગત અનુભવ અનિશ્ચિતતા પેદા કરે છે–અને અનિશ્ચિતતા લાંબા ગાળાની વફાદારીને મારી નાખે છે." શું તેઓ તમારા ઉત્પાદનની વિશેષતાઓ વિશે વાત કરશે–અથવા આખી મુસાફરી કેટલી સરળ, આદરપૂર્ણ અને આશ્વાસનદાયક લાગી તેના વિશે? 2026માં, ભલામણો સ્મૃતિ દ્વારા સંચાલિત થાય છે, માર્કેટિંગ દ્વારા નહીં. "લોકો વ્યવસાયોની ભલામણ નથી કરતા. તેઓ વ્યવસાયે તેમને કેવો અનુભવ કરાવ્યો તેની ભલામણ કરે છે." આ એક પ્રશ્ન મોટાભાગના ઓડિટ કરતાં વધુ જાહેર કરે છે. જો જવાબ ખચકાટ હોય, તો અનુભવને રિડિઝાઈનની જરૂર છે. "જો તમે તમારી પોતાની ગ્રાહક મુસાફરીનો આનંદ નહીં માણો, તો તમારા ગ્રાહકો પણ નહીં માણે." આ પ્રશ્નો તાત્કાલિક જવાબોની માંગ નથી કરતા–પરંતુ તેઓ એક મહત્વપૂર્ણ સત્ય પ્રગટ કરે છે. 2026માં, વ્યવસાયની સફળતા ફક્ત તમારું ઉત્પાદન અથવા સેવા કેટલી મજબૂત છે તેના પર નિર્ભર રહેશે નહીં. તે તેના પર નિર્ભર રહેશે કે સમગ્ર અનુભવ કેટલી વિચારપૂર્વક ડિઝાઈન કરવામાં આવ્યો છે. આગળ વધવા માટે, આપણે પ્રથમ સ્પષ્ટપણે સમજવું જોઈએ કે 2026 ના સંદર્ભમાં "ગ્રાહક અનુભવ" નો ખરેખર અર્થ શું છે. જ્યારે વ્યવસાયો અનુભવ શબ્દ સાંભળે છે, ત્યારે ઘણા તરત જ લક્ઝરી, પ્રીમિયમ સેવા અથવા વધારાના ખર્ચ વિશે વિચારે છે. હિરવ શાહ સ્પષ્ટ કરે છે કે આ વ્યવસાયોને પાછળ રાખતી સૌથી મોટી ગેરસમજમાંની એક છે. 2026માં, ગ્રાહક અનુભવનો અર્થ કંઈક વધારાનું કરવું એવો નથી. તેનો અર્થ છે મૂળભૂત બાબતોને અસાધારણ રીતે સારી રીતે કરવી–ઈરાદા, સુસંગતતા અને સહાનુભૂતિ સાથે. અનુભવ એ કોઈ વિભાગ નથી. તે એક વખતનો સંકેત નથી. તે પ્રથમ સંપર્કથી અંતિમ સ્મૃતિ સુધીની સમગ્ર મુસાફરી છે.

અગાઉના વર્ષોમાં, ગ્રાહકો ઘર્ષણ સહન કરતા હતા. વિલંબ, મૂંઝવણ, અસ્પષ્ટ પ્રક્રિયાઓ અને ફોલો-અપ્સને 'સામાન્ય' માનવામાં આવતા હતા. 2026માં, તેમને બિનકાર્યક્ષમતા અને ઉદાસીનતાના સંકેતો માનવામાં આવે છે. એટલા માટે જ અનુભવ વ્યૂહાત્મક પ્રાથમિકતા બની ગયો છે–સોફ્ટ સ્કિલ નહીં. જે વ્યવસાયો આ પરિવર્તનને સમજે છે તેઓ ઉત્પાદનો વેચવાથી આત્મવિશ્વાસ વધારવા તરફ આગળ વધે છે. આને એક્શનપાત્ર બનાવવા માટે, અનુભવને સ્પષ્ટ ઘટકોમાં વિભાજિત કરવો આવશ્યક છે. ત્યાં જ આગામી ફ્રેમવર્ક જટિલ બને છે. ગ્રાહક અનુભવને અસરકારક રીતે સમજવા અને ડિઝાઈન કરવા માટે, હિરવ શાહ એક સરળ પણ શક્તિશાળી માળખું દર્શાવે છે–2026 ના 5 અનુભવ સ્તંભો. આ સ્તંભો તમામ ઉદ્યોગોમાં લાગુ પડે છે, પછી ભલે વ્યવસાય B2C હોય કે B2B, સ્થાનિક હોય કે વૈશ્વિક, ઉત્પાદન આધારિત હોય કે સેવા આધારિત. દરેક સ્તંભ ગ્રાહકો તેમની મુસાફરી દરમિયાન કેવી રીતે વિચારે છે, અનુભવે છે અને નિર્ણય લે છે તેના અલગ તબક્કાનું પ્રતિનિધિત્વ કરે છે. મોટાભાગના વ્યવસાયો ફક્ત એક અથવા બે સ્તંભો પર જ ભારે ધ્યાન કેન્દ્રિત કરે છે–સામાન્ય રીતે સ્પષ્ટતા અથવા સુવિધા. 2026માં, વૃદ્ધિ પાંચેયને સંતુલિત કરવાથી આવે છે, કારણ કે એક પણ સ્તંભમાં નબળાઈ એકંદર અનુભવને તોડી નાખે છે.

# નિકાસ અંકૂશો દૂર કરાયા બાદ ગત વર્ષમાં ચોખાની નિકાસમાં 19 ટકા વધારો

## ચોખાની નિકાસ વધતા થાઈલેન્ડ સહિતના હરિફ દેશોને ફટકો




**મુંબઈ, તા.15**

૨૦૨૫ના કેલેન્ડર વર્ષમાં ભારત ખાતેથી ચોખાની નિકાસ૧૯.૪૦ ટકા જેટલી વધી અત્યારસુધીની બીજી મોટી સપાટીએ રહી છે. ચોખાની નિકાસ પરના અંકૂશો દૂર થવાને કારણે નિકાસ બજારમાં ભારતના ચોખા સ્પર્ધાત્મક ભાવે ઉપલબ્ધ બની રહ્યા છે જેને પરિણામે નિકાસમાં વધારો શકય બન્યો છે એમ બજારના વર્તુળો જણાવી રહ્યા છે.

વિશ્વમાં ચોખાના સૌથી મોટા નિકાસકાર ભારત ખાતેથી ચોખાની નિકાસમાં વધારો થતાં અન્ય નિકાસક દેશો વિયેતનામ તથા થાઈલેન્ડ ખાતેથી નિકાસમાં ઘટાડો થયો છે એટલું જ નહીં એશિયામાં ચોખાના ભાવ દાયકાની નીચી સપાટીએ જોવા મળી રહ્યા છે.

ચોખાના ભાવમાં નરમાઈને પરિણામે એશિયાના કેટલાક દેશોને ચોખાનો આયાત ખર્ચ નીચો રાખવામાં સફળતા મળી હોવાનું પણ બજારના વર્તુળોએ જણાવ્યું હતું.ગયા વર્ષના માર્ચમાં સરકારે ચોખાની નિકાસ પરના અંકૂશો દૂર કરતા નિકાસમાં ઝડપ આવી હતી, એમ સરકારી સુત્રોએ જણાવ્યું હતું.

ઘરઆંગણે માલભરાવો થવા સાથે સરકારે ૧૦૦ ટકા ટૂકડા ચોખાની નિકાસ પરનો પ્રતિબંધ ઉઠાવી લેવાનો ગયા માર્ચમાં નિર્ણય કર્યો હતો. ટૂકડા ઉપરાંત અન્ય જાતિના ચોખાની નિકાસ પર પણ ભારતે પ્રતિબંધ મૂક્યા હતા જે અગાઉ જ ઉઠાવી લેવાયા હતા.

૨૦૨૪માં ૧.૮૦ કરોડ ટનની સરખામણીએ ગયા વર્ષમાં ચોખાની નિકાસ વધી ૨.૧૫ કરોડ ટન સાથે ૨૦૨૨ના ૨.૨૩ કરોડ ટનના આંકની નજીક પહોંચી ગઈ હતી. નોનબાસમતિ ચોખાની નિકાસ ૨૫ ટકા વધી ૧.૫૦ કરોડ ટન જ્યારે બાસમતિની નિકાસ ૮ ટકા વધી ૬૫ લાખ ટન રહી હોવાનું સરકારી ડેટા જણાવે છે.

વિશ્વમાં ચોખાના અન્ય ત્રણ નિકાસકાર દેશો એટલે કે થાઈલેન્ડ, પાકિસ્તાન તથા વિયેતનામની મળીને એકંદર નિકાસ કરતા ભારતની નિકાસ વધુ થાય છે.

# સુરતમાં પેટ્રોલપંપથી 20 ફૂટ દૂર 4 દુકાનોમાં ભીષણ આગ

## ટાયર-રમકડાં સળગતા આગે વિકરાળ સ્વરૂપ લીધું, ફાયર વિભાગની સમય સૂચકતાથી મોટી દુર્ઘટના ટળી





**સુરત, તા.15**

સુરત શહેરના મોટા વરાછા વિસ્તારમાં ઉત્તરાયણ (14 જાન્યુઆરી)ની મોડી રાત્રે એ. આર. મોલ પાસે આવેલા પેટ્રોલ પંપથી માત્ર 20 ફૂટના અંતરે પતરાના શેડમાં ઓચિંતી આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ફાયર વિભાગે ઘટનાસ્થળે પહોંચી તાત્તકાલિક પાણીનો મારો ચલાવતા મોટી દુર્ઘટના ટળી હતી. આ દુર્ઘટનામાં ટાયરની દુકાન અને રમકડાની દુકાન સહિત કુલ 4 દુકાનો આગની ચપેટમાં આવી ગઈ હતી. જોકે, આ સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર સામે આવ્યા નથી.

મળતી માહિતી મુજબ મોટા વરાછા વિસ્તારમાં પતરાના શેડમાં કેટલીક દુકાનો બનાવવામાં આવી હતી. મોડી રાત્રે અહીં એકાએક આગ લાગી હતી. પ્રાથમિક અનુમાન મુજબ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું માનવામાં આવી રહ્યું છે. જોકે, ટાયરના ગોડાઉનમાં આગ લાગતા તેણે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને જોતજોતામાં બાજુમાં આવેલી રમકડાની દુકાન સહિત અન્ય ત્રણ દુકાનોમાં પણ આગ લાગી હતી.

ઘટનાની જાણ થતા જ સુરત ફાયર વિભાગની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ઓફિસર સિદ્ધાર્થ ગઢવીએ જણાવ્યું હતું કે, આગની ગંભીરતાને જોતા 10 અલગ અલગ ફાયર સ્ટેશનની 15થી વધુ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ટાયર અને પ્લાસ્ટિકના રમકડાં હોવાથી ધુમાળાના ગોટેગોટ ઉઠ્યા હતા. જેના કારણે ફાયર જવાનોએ માસ્ક પહેરીને પાણીનો મારો ચલાવવો પડ્યો હતો.

ફાયર ઓફિસર સિદ્ધાર્થ ગઢવીએ વધુમાં જણાવ્યું હતું કે, પતરાના શેડમાં જે આગ લાગી હતી તેનાથી માત્ર 20 ફૂટ દૂર જ એક પેટ્રોલ પંપ આવેલો હતો. ફાયરના જવાનો જ્યારે પહોંચ્યા ત્યારે સૌપ્રથમ આગ વધુ ના પ્રસરે તે માટે પાણીનો મારો ચારે તરફથી કરવામાં આવ્યો હતો. તેથી આગને વધુ પસાર થતી અટકાવી દેવામાં આવી હતી. આગ પેટ્રોલ પંપ સુધી ન પહોંચે તે પ્રકારની સંપૂર્ણ તકેદારી રાખવામાં આવી હતી. ફાયર જવાનો દ્વારા સતત પાણીનો મારો ચલાવીને એક મોટી દુર્ઘટના થતા ટાળી હતી.

ફાયર જવાનોની ભારે જહેમત બાદ અંદાજે સાડા ત્રણ કલાકે આગ પર સંપૂર્ણ કાબુ મેળવી શકાયો હતો. જોકે, ત્યાં સુધીમાં બે દુકાનો સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી અને અન્ય બે દુકાનોને પણ ભારે નુકસાન પહોંચ્યું હતું. રાત્રિનો સમય હોવાથી દુકાનમાં કોઈ હાજર નહોતું. જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી.

# પંદર પ્લોટના વેચાણ માટે હરાજી કરાઈ, અમદાવાદ મ્યુનિ.ને 11 પ્લોટના વેચાણથી 916 કરોડ આવક થશે

## મોટેરા, ગોતા, ભાડજ-હેબતપુર ઉપરાંત મકરબા તેમજ બોડકદેવ વોર્ડના પ્લોટ માટે અપસેટ વેલ્યુથી વધુની ઓફર તંત્રને મળી....

**અમદાવાદ, તા.15**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના રહેણાંક તથા કોમર્શિયલ હેતુ માટેના રીઝર્વ પ્લોટ પૈકી ૧૫ પ્લોટના વેચાણ માટે ૮થી ૧૨ જાન્યુઆરી દરમિયાન ઈ-ઓકશન પ્રક્રીયા કરાઈ હતી.૧૧ પ્લોટના વેચાણ માટે ઓફર મળી હતી.૧૧ પ્લોટની કુલ અપેક્ષિત અપસેટ વેલ્યુ રુપિયા ૮૧૧.૮૭ કરોડની સામે કુલ રૂપિયા ૯૧૬.૩૨ કરોડની ઓફર મળતા અંદાજે રુપિયા ૧૦૪.૪૫ કરોડ જેટલી વધારાની આવક થશે. મોટેરા,ગોતા ઉપરાંત ભાડજ-હેબતપુર, મકરબા તેમજ બોડકદેવ વોર્ડના પ્લોટ માટે અપસેટ વેલ્યુથી વધુની ઓફર તંત્રને મળી હોવાનો દાવો કરાયો છે.



એસ્ટેટ વિભાગ દ્વારા સેલ ફોર રેસિડેન્શિયલ તથા સેલ ફોર કોમર્શિયલ હેતુના ૧૫ પ્લોટ ઈ-ઓકશનથી વેચાણ કરવા માટે ૬ ડિસેમ્બર-૨૫ના રોજ ટેન્ડર કરવામા આવ્યુ હતુ. ટી.પી.સ્કીમ નંબર-૨૧ મોટેરા, ટી.પી.સ્કીમ નંબર-૩૩,ગોતા ઉપરાંત ટી.પી.સ્કીમ નંબર-૪૦,સોલા,ભાડજ,હેબતપુર તેમજ ટી.પી.સ્કીમ નંબર-૫૦, બોડકદેવ વોર્ડમાં તથા ટી. પી.સ્કીમ નંબર-૮૫,સરખેજ,મકરબા, ઓકાફ હેઠળના સેલ ફોર રેસિડેન્શિયલ અને સેલ ફોર કોમર્શિયલ પ્લોટ વેચાણથી લેવા બીડરો તરફથી વધુ રકમની ઓફર કરવામા આવી હતી.

# અમદાવાદમાં ખૂની ખેલ ખેલાયો, કાંકરિયા ફૂટબોલ ગ્રાઉન્ડ નજીક લાકડી-છરાના ઘા ઝીંકી યુવાનની હત્યા

**અમદાવાદ, તા.15**



અમદાવાદના મણિનગરમાં આવેલા કાંકરિયા ફૂટબોલ ગ્રાઉન્ડ નજીક ગત (14મી જાન્યુઆરી) રાતે ખૂની ખેલ ખેલાયો હોવાની ઘટના સામે આવી છે. અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખીને કેટલાક શખસોએ એક યુવકની ઘાતકી હત્યા કરતા ચકચાર મચી ગઈ છે. આ ઘટનાની જાણ થતાં જ કાગડાપીઠ અને મણિનગર પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને આરોપીઓને પકડવા કાર્યવાહી હાથ ધરી છે.

આ મામલે અમરાઈવાડીમાં રહેતા 23 વર્ષીય રાહુલ રાઠોડે પોલીસ ફરિયાદ નોંધાવી છે. રાહુલે તેના નાના ભાઈ ચિરાગની હત્યા અંગે મંથન ઉર્ફે રૂત્વિક પરમાર તથા જયદિપ શાહ, હર્શીલ શાહ અને વિજય ઉર્ફે વી.પી. પરમાર સામે ફરિયાદ નોંધાવી છે. સમાધાન કરવાના બહાને બોલાવીને આ શખસોએ ચિરાગ પર હુમલો કર્યો હતો. ઉત્તરાયણે રાત્રે આશરે 9.45 વાગ્યે આ ખૂની ખેલ ખેલાયો હતો. આરોપી મંથન અને તેના મિત્રોએ પૂર્વ આયોજિત કાવતરું રચ્યું હતું. અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખીને સમાધાન કરવા માટે મંથને ચિરાગ રાઠોડ અને તેના મિત્ર નયનને કાંકરિયા ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે બોલાવ્યા હતા. ચિરાગ અને નયન ત્યાં પહોંચતા જ આરોપીઓએ તેમની સાથે બોલાચાલી અને ઝઘડો શરૂ કર્યો હતો. જોતજોતામાં મામલો ઉગ્ર બન્યો હતો અને ચારેય શખસોએ ભેગા મળીને ચિરાગને લાકડીઓ વડે માર મારવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન ઉશ્કેરાયેલા મંથન પાસે રહેલી છરી કાઢી ચિરાગના શરીરના જમણી બાજુના પડખામાં ઉપરાછાપરી ઘા ઝીંકી દીધા હતા.

# પતંગની દોરી વચ્ચે આવતાં પરિવાર 70 ફૂટ ઊંચા બ્રિજથી પટકાયો

## પિતા-પુત્રીનાં સ્થળે જ મોત, મહિલા રિક્ષા પર પડતાં ગંભીર, સ્થળે લોહી જ લોહી, ઉત્તરાયણે 9નાં મોત

**સુરત, તા.15**





14 જાન્યુઆરીને ઉત્તરાયણના પર્વએ સુરતમાં એક હૃદયદ્રાવક ઘટના બની હતી. એક પરિવારના ત્રણ સભ્ય 70 ફૂટ ઊંચા ફ્લાયઓવર બ્રિજ પરથી બાઇક પર પસાર થઈ રહ્યા હતા, ત્યારે પતંગની દોરી અચાનક તેમની સામે આવી ગઈ હતી. દોરી હટાવવા જતાં બાઈકચાલકે સ્ટીયરિંગ પરથી સંતુલન ગુમાવી દીધું અને પૂલથી 70 ફૂટ નીચે પડી ગયાં હતાં. આ ઘટનામાં 7 વર્ષની પુત્રી અને 35 વર્ષીય પિતાનાં ઘટનાસ્થળે જ મૃત્યુ થયાં, જ્યારે માતા ચમત્કારિક રીતે નીચે પાર્ક કરેલી ઓટોરિક્ષા પર પડવાના કારણે બચી ગઈ હતી. ઘટનાને પગલે લોકોનું ટોળું સ્થળે એકઠું થઈ ગયું હતું.

મકરસંક્રાંતિનો દિવસ ગુજરાતના નવ પરિવાર માટે કાળમુખો બન્યો છે. બાયડ-ખંભાત અને જંબુસરમાં 3નાં ગળાં કપાતાં મોત નીપજ્યાં છે, જ્યારે વડોદરામાં પતંગ પકડવાની લાયમાં એક 10 વર્ષના બાળક અને એક યુવક મળી બે લોકોનાં મોત થયાં છે. તો સાંજના સમયે સુરતની કરુણ ઘટનામાં પિતા-પુત્રી અને રાજકોટમાં બે કારના અકસ્માતમાં બે માસૂમ બાળકના જીવ ગયા છે.

સુરતના વેડ રોડ અને અડાજણને જોડતા ચંદ્રશેખર આઝાદ ફ્લાયઓવર બ્રિજ (જે જીલાનીબ્રિજ તરીકે જાણીતો છે) પર ગઈકાલે સાંજના 5થી 6 વાગ્યાની વચ્ચે એક ભયાનક અકસ્માત થયો હતો. મકરસંક્રાંતિની રજા પર 35 વર્ષીય રેહાન તેની પત્ની અને 7 વર્ષની પુત્રી સાથે સુભાષ ગાર્ડન ફરવા નીકળ્યો હતો. ચંદ્રશેખર આઝાદબ્રિજ પરથી ઝડપથી પસાર થતી વખતે, અચાનક પતંગની દોરીએ રેહાનના શરીરને અડકી ગઈ હતી, જેથી રેહાને એક હાથે દોરી કાઢવાનો પ્રયાસ કર્યો હતો.

ચાલુ બાઈકે દોરી હટાવતી વખતે વાહનનું સંતુલન બગડી ગયું હતું અને વાહન પુલના ડિવાઈડર સાથે અથડાયું હતું. આ ટક્કરમાં રેહાન, તેની પત્ની રેહાના અને પુત્રી આયેશા, જે મોટરસાઈકલ પર સવાર હતાં, તેઓ બ્રિજથી 70 ફૂટ નીચે ખાબક્યાં હતાં. નીચે પટકાવાથી રેહાન અને તેની પુત્રી આયેશાનાં ઘટનાસ્થળે જ મૃત્યુ થયાં હતાં. જ્યારે પત્ની રેહાના બ્રિજ નીચે પાર્ક કરેલી ઓટો-રિક્ષા પર પડી હતી, જેના કારણે તેને ગંભીર ઈજાઓ થઈ છે. સ્થળે પિતા-પુત્રીના લોહીનો રેલો ચાલ્યો હતો.

અકસ્માતના પગલે પિતા અને પુત્રીના મોતથી પરિવારમાં શોકનો માહોલ છવાઈ જવા પામ્યો છે. ઘટના અંગેની જાણ થતાં પોલીસ પણ દોડી ગઈ હતી અને બંનેના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ સાથે જ પોલીસ દ્વારા અકસ્માતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ઉતરાયણ પર્વે દારૂની રેલમછેલ રોકવા વડોદરા પોલીસ એલર્ટ: કપુરાઇ પોલીસે કારમાંથી 5.44 લાખનો વિદેશી દારૂ જપ્ત કર્યો

**વડોદરા, તા.15**



ઉતરાયણ પર્વે દારૂની રેલમછેલ થતી રોકવા માટે વડોદરા પોલીસ થઈ ગઈ છે અને વિવિધ સ્થળોએ ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. વડોદરા શહેરની કપુરાઈ પોલીસે ગુજરાત પ્રોહિબિશન એક્ટ હેઠળ મોટી કાર્યવાહી કરીને ભારતીય બનાવટનો વિદેશી દારૂનો મોટો જથ્થો જપ્ત કર્યો છે અને એક આરોપીની ધરપકડ કરી છે. બીજી તરફ ગોરવા પોલીસે 1.59 લાખના દારૂ સાથે એક આરોપીની ધરપકડ કરી છે. કપુરાઈ પોલીસને પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસ ટીમે નેશનલ હાઈવે નંબર 48 પર કચરાના ઢગલા અને મુસ્લીમ સમાજના કબ્રસ્તાન પાસેના ગંદા નાળા વિસ્તારમાં વોચ બેસાડી હતી. આ દરમિયાન મહિન્દ્રા બોલેરો કાર (GJ-34-N-1041) આવતાં તેને રોકીને તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન કારમાંથી ખાખી રંગના બોક્સમાંથી 5.44 લાખ રૂપિયાની કિંમતની 840 નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી.

પોલીસે કારના ડ્રાઈવર ભુપેન્દ્ર ભારતસિંહ તોમર (ઉંમર ૩૦ વર્ષ, રહે. બડી સરદી, પટેલ ફળીયું, તા. કઠીવાડા, જિ. અલીરાજપુર, મધ્યપ્રદેશ) ની ધરપકડ કરી છે. આ ઉપરાંત દારૂ ભરી આપનાર બાપુસિંગ તોમર (રહે. બડી સરદી, અલીરાજપુર, મધ્ય પ્રદેશ) અને દારૂ મંગાવનાર સોનું (રહે. વોરા ગામડી, વડોદરા)ની પણ શોધખોળ ચાલુ છે.

બીજી તરફ, મકરસંક્રાંતિ તહેવારના દિવસોમાં ગેરકાયદેસર દારૂની હેરાફેરી રોકવા ગોરવા પોલીસે સફળ કાર્યવાહી કરી છે. ગોરવા પોલીસ ટીમે સર્વેલન્સ અને પેટ્રોલિંગ દરમિયાન ઝાંસી કી રાણી સર્કલ પાસે રોડ કરીને 1.59 લાખ રૂપિયાની કિંમતની 214 દારૂની બોટલો અને બીયરના ટીન જપ્ત કર્યા છે અને રાજ હરીશભાઈ ઠાકોર(ઉંમર 30 વર્ષ, રહે. બી/પી રેસકોર્સ સોસાયટી, ઝાંસી કી રાણી સર્કલ પાસે, ગોરવા, વડોદરા)ની ધરપકડ કરી છે.

# સ્ટ્રોમ વોટરલાઈનની કામગીરી પ્રગતિ હેઠળ. શેલામાં 30 કરોડના ખર્ચથી 30 મીટર પહોળો રોડ જુન સુધીમાં કાર્યરત કરાશે.....

**અમદાવાદ, તા.15**



ઔડા દ્વારા શેલા વિસ્તારમાં રુપિયા ૩૦ કરોડના ખર્ચથી ૩૦ મીટર પહોળા રોડને આધુનિક સ્વરૂપ આપવામા આવી રહયુ છે. સ્કાય સિટી જંકશનથી કલબ-૦૭ પાસે થઈ તળાવ તરફ જતા રસ્તાને ફોરલેન બનાવવાની સાથે પાર્કિંગ, સ્ટ્રીટ લાઈટ તથા વૃક્ષારોપણ સહિતની સુવિધા સાથે ડેવલપ કરવા કોન્ટ્રાકટર રુતવી કન્સ્ટ્રકશનને કામ અપાયુ છે.જુન-૨૦૨૬ સુધીમાં આ રોડ તૈયાર થઈ જશે.

શેલા વિસ્તારની સાથે શેલા-મણીપુર અને ગોધાવી વિસ્તારમાં દર વર્ષે ચોમાસા દરમિયાન ભરાતા વરસાદી પાણીના નિકાલ માટે સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈન નાંખવાની કામગીરી પણ શેલામા રોડ ડેવલપ કરવાના પ્રોજેકટ સાથે શરુ કરવામા આવી હતી.સ્કાય સિટી જંકશનથી કલબ-૦૭ સામેના શેલા તળાવ થઈ એક કંપની દ્વારા વિકસિત મોટા તળાવ તરફ જતા રસ્તા ઉપર સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈન નાંખવાની કામગીરી શરુ કરવામા આવી છે.કલબ-૦૭ સુધી પાઈપ લાઈન નાંખવાની કામગીરી પુરી કરાઈ છે.રોડ બનાવવાની કામગીરી પણ ચાલી રહી છે.આ કામગીરી મે-૨૬ સુધીમાં પુરી કરાશે.આ બંને પ્રોજેકટ પુરા થયા પછી શેલા વિસ્તારમા આ રોડ ઉપરની સોસાયટીઓમા વસતા લોકોને ડેવલપ રોડ ઉપરાંત સ્ટ્રોમ વોટર લાઈન નાંખવાની કામગીરી પુરી થયા પછી ચોમાસમા વરસાદી પાણી ભરાવાની સમસ્યાથી મુકિત મળે એવી સંભાવના છે.

ઔડા દ્વારા શેલા ઉપરાંત મણિપુર,ગોધાવી, સનાથલ અને તેલાવ વિસ્તારમાં સ્ટ્રોમ વોટર ડ્રેનેજ સિસ્ટમ નાંખવા રુપિયા ૧૦૦ કરોડનુ ટેન્ડર કરાયુ છે. આ પ્રોજેકટમાં કુલ ૨૪.૩૦ કિલોમીટર સ્ટ્રોમ વોટર નેટવર્ક નાંખવામા આવશે.૬૦૦થી ૨૨૦૦ મીમી વ્યાસની પાઈપ લાઈન નાંખવાની કામગીરી હાલમા ચાલી રહી છે. વરસાદી પાણીના સુચારુ નિકાલ માટે ચાર સ્ટ્રોમ વોટર પમ્પિંગ સ્ટેશન બનાવાશે.જેના દ્વારા આસપાસના તળાવોને ઈન્ટરલિંક કરી ગોતા-ગોધાવી કેનાલ સાથે કનેકટીવીટી અપાશે.

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને તમામ ફાઈલ ઈ-સરકારથી મોકલવા આદેશ

- **શાળા કમિશનર કચેરી કોઈપણ ફાઈલ કે પત્ર હાર્ડ કોપીમાં નહીં સ્વીકારે, આદેશનું પાલન ન કરનાર સામે કાર્યવાહી**

**અમદાવાદ, તા.15**




કમિશનર શાળાઓની કચેરી દ્વારા તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને એક પત્ર લખવામાં આવ્યો છે. તમામ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓમાં ઈ-સરકારનું અમલીકરણ કરવા માટે કડક સૂચના આપવામાં આવી છે. તેમજ તમામ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓમાં તમામ ફાઈલ ઈ-સરકાર મારફતે જ ચલાવવા કમિશનર શાળાઓની કચેરીએ આદેશ કર્યો છે.

ડિજિટલ યુગમાં સરકારી કચેરીઓને પેપરલેસ બનાવવા રાજ્ય સરકાર દ્વારા ઈ-સરકાર પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. ઈ-સરકારનો મુખ્ય હેતુ મેન્યુઅલ પ્રક્રિયાઓને સંપૂર્ણપણે સંકલિત ઈલેક્ટ્રોનિક ફાઈલ બનાવી અને તેના રેકર્ડ મેનેજમેન્ટ સિસ્ટમ થકી સરકારી કચેરીઓની કામગીરીને વધુ આધુનિક બનાવવાનો છે. જેથી તમામ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓમાં ઈ-સરકારનો અમલ કરવા સૂચના આપવામાં આવી છે. તમામ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં કોઈપણ પ્રકારની ફાઈલની કાર્યવાહી હાર્ડ કોપીમાં ન કરવા આદેશ કરાયો છે.

જોકે, અનેક વખત શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓમાં ઈ-સરકારનું અમલીકરણ કરવા માટે સૂચના આપી હતી. પરંતુ તેનો 100 ટકા અમલ ન થતો હોવાથી હવે કડક નિર્ણય લેવામાં આવ્યો છે. કમિશનર શાળાઓની કચેરી ખાતે મોકલવામાં આવતી તમામ ફાઈલો અને પત્ર હવે માત્ર ઈ-સરકાર મારફતે જ મોકલવા માટે આદેશ કરવામાં આવ્યો છે. આજથી કમિશનર શાળાઓની કચેરી હવે કોઈ પણ ફાઈલો કે પત્ર હાર્ડ કોપીમાં સ્વીકારશે નહીં. તેમજ જો કોઈ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ફાઈલો કે પત્ર હાર્ડ કોપીમાં મોકલશે તો જિલ્લા શિક્ષણાધિકારી સામે કાર્યવાહી કરવા રાજ્ય સરકારને ભલામણ કરવાની પણ ચીમકી આપવામાં આવી છે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**

**આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599




